અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ તેરસ | અંક : ૪૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### જીર૦ સમિટ પછી ઈકોનોમી અંગે ઉત્સાહના માહોલથી બજારમાં તેજી

# નિફ્ટી ઓલટાઈમ હાઈ ૨૦૦૦૦ની સપાટી પર

## રોકાણકારોને એક દિવસમાં ત્રણ લાખ કરોડનો ફાયદો

। મુંબઈ, તા.૧૧ ।

ભારતીય શેરબજાર માટે અઠવાડિયાનો પહેલો કારોબારી દિવસ શાનદાર સાબિત થયો. સ્ટોક માર્કેટના બંને ઈન્ડેક્સમાં શરૂઆતના વેપારમાં હરિયાળી છવાઈ હતી અને દિવસના કારોબારનો અંત થાય તે પહેલાં જ મુખ્ય ઈન્ડેક્સ નિફ્ટી-૫૦એ ઈતિહાસ રચી દીધો હતો. ખરેખર બપોરના સમયે નિફ્ટી ઈન્ડેક્સ તેના તમામ જૂના રેકોર્ડ ધરાશાયી કરતાં રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયું અને ૨૦૦૦૦ના લેવલ પર પહોંચી ગયું હતું.



ઉલ્લેખનીય છે કે જુલાઈ ૨૦૨૩ બાદ નિફ્ટીનો આ નવો રેકોર્ડ હાઈ છે. અગાઉ આ આંકડો ૧૯૯૯૫નો હતો. સમાચાર લખાવા સુધી નિફ્ટી ૧૮૭.૯૦ પોઈન્ટના ઉછાળા સાથે ૨૦૦૦૭.૦૫ પર ટ્રેડ થઈ રહ્યું હતું. સોમવારે શેરબજારની શરૂઆતમાં જ બજારમાં ઉછાળો નોંધાયો હતો. આ દરમિયાન નિફ્ટી-૫૦ ઈન્ડેક્સ સવારે ૧૯૮૯૦ના સ્તરે ઓપન થયું હતું. જેમ જેમ બજાર આગળ વધ્યો તેમ તેમ નિફ્ટીએ ઝડપથી ગતિએ ઉછાળો દર્શાવ્યો હતો. પહેલીવાર નિફ્ટીએ આ સ્તરને સ્પર્શ કર્યો છે. ૫૦ શેરના ઈન્ડેક્સ નિફ્ટીએ માત્ર ૩૬ સેશનમાં નવી હાઈ સપાટી બનાવી છે. જી-૨૦ સમિટની સફળતાના કારણે ભારતના ડિપ્લોમેટિક પ્રભાવમાં વધારો થયો હોવાનું માનવામાં આવે છે. આજની તેજીના કારણે રોકાણકારોને માત્ર એક દિવસમાં ત્રણ લાખ કરોડનો ફાયદો થયો છે. આજે બજારમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને અદાણી પોર્ટ્સના શેર ટોપ ગેઈનર રહ્યા હતા. શેરબજારમાં આજે જોરદાર તેજીનો માહોલ છે જેમાં નિફ્ટીએ પહેલી વખત ૨૦૦૦૦ની સપાટી વટાવી હતી. નિફ્ટી આજે વધીને ૨૦,૦૦૮ પાર ગયો હતો અને ૧૯૯૯૬ પર બંધ આવ્યો હતો. છેલ્લે નિફ્ટીની ઓલ-ટાઈમ હાઈ સપાટી રૂ. ૧૯,૯૯૧.૮૫ હતી જે ૨૦ જુલાઈએ નોંધાઈ હતી. આ સાથે નિફ્ટીએ માત્ર ૩૬ સેશનમાં નવી હાઈ સપાટી બનાવી છે.

જી૨૦ સમિટ પછી ઈકોનોમી અંગે ઉત્સાહનો માહોલ છે જેના કારણે આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં ભારે તેજી જોવા મળી છે. સેન્સેક્સ પણ ૫૨૮ પોઈન્ટ વધીને ૬૭,૧૨૭ ઉપર બંધ આવ્યો હતો. જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટે જણાવ્યું કે ભારતનો ડિપ્લોમેટિક પ્રભાવ વધી રહ્યો હોવાથી શેરબજારમાં પોઝિટિવ અસર પડી છે અને બજાર વધ્યું છે. ખાસ કરીને જી૨૦ દિલ્હી ડિકલેરેશનના કારણે બધી જગ્યાએ તેની નોંધ લેવાઈ છે. જી૨૦માં હવે આફ્રિકન યુનિયનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઈન્ડિયા-મિડલ ઈસ્ટ -યુરોપ કોરિડોર બનાવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે જેનાથી અર્થતંત્ર અને બજાર પર હકારાત્મક અસર પડશે. ઉદાહરણ તરીકે જી૨૦માં આફ્રિકન યુનિયનનો સમાવેશ કરવો એ ભારતી એરટેલ માટે બહુ મોટી વાત હશે કારણ કે આફ્રિકામાં ભારતી એરટેલની નોંધપાત્ર હાજરી છે.

છેલ્લા બે મહિનાથી નિફ્ટી માટે ૨૦,૦૦૦નો સ્તર હાથવેંતમાં હોવા છતાં દૂર જતો રહેતો હતો. જી૨૦માં ભારતની લિડરશિપ આસપાસ જે આશાવાદ છવાયો હતો તેના કારણે બજારને ઉત્તેજન મળ્યું છે. ક્રૂડ ઓઈલનો ભાવ ૯૦ ડોલર પ્રતિ બેરલના સ્તરે પહોંચવા છતાં બજારમાં તેની ચિંતા દેખાતી ન હતી. બજારમાં આજે આવેલી તેજીના કારણે રોકાણકારોને માત્ર એક દિવસમાં ત્રણ લાખ કરોડનો ફાયદો થયો છે. રિટેલ અને અન્ય ડોમેસ્ટિક સંસ્થાકીય રોકાણકારો દલાલ સ્ટ્રીટમાં પુષ્કળ નાણાં ઠાલવી રહ્યા છે. સપ્ટેમ્બર મહિનામાં એફઆઈઆઈનેટ સેલર્સ રહ્યા હોવા છતાં સેન્સેક્સ અને નિફ્ટીએ ઉંચાઈ દર્શાવી છે.



### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને અદાણી પોર્ટ્સના શેર ટોપ ગેઈનર્સ હતા

**ઓગસ્ટ મહિનાના આંકડા મુજબ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં ઈનફ્લો ડબલ કરતા વધારે થઈને ૨૦,૨૪૫ કરોડ થયો હતો. જ્યારે એસઆઈપીનું યોગદાન ૧૫,૮૧૩ કરોડ રૂપિયા હતું. આજે શેરમાર્કેટમાં હેવી વેઈટ શેરોમાં જંગી ખરીદી જોવા મળી છે. નિફ્ટીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને અદાણી પોર્ટ્સના શેર ટોપ ગેઈનર્સ હતા અને તેમાં ૭ ટકા સુધી વધારો થયો હતો. આજે મિડિયાને બાદ કરતા બાકીના તમામ ઈન્ડેક્સ પોઝિટિવ હતા. નિફ્ટી બેંક, ફિન નિફ્ટી, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી આઈટીમાં એક-એક ટકાનો વધારો થયો હતો જ્યારે નિફ્ટી ઓટોમાં ૧.૭ ટકા વધારો થયો હતો.**

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવશે ગુજરાત

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ઈ-વિધાનસભાનું લોકાર્પણ કરી સત્રનો કરાવશે પ્રારંભ

### સત્રના પ્રથમ દિવસે જ OBC (ઝવેરી) કમિશનનો રિપોર્ટ રજૂ કરાશે, સાથે જ પહેલાં દિવસે વિધાનસભાને પેપરલેસ બનાવવામાં આવશે

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ગુજરાતની ઈ-વિધાનસભાનું લોકાર્પણ કરીને સત્રનો પ્રારંભ કરાવશે. આપને જણાવી દઈએ કે, આગામી ૧૩થી ૧૫ સપ્ટેમ્બર સુધી વિધાનસભાનું ત્રિ-દિવસીય સત્ર મળશે. રાજ્ય સરકાર માટે ત્રિ-દિવસીય સત્ર અતિ મહત્વપૂર્ણ છે કારણ કે સત્રના પ્રથમ દિવસે જ OBC (ઝવેરી) કમિશનનો રિપોર્ટ રજૂ કરાશે, સાથે જ પહેલાં દિવસે વિધાનસભાને પેપરલેસ બનાવવામાં આવશે.



૧૩થી ૧૫ સપ્ટેમ્બર સુધી વિધાનસભાનું ત્રિ-દિવસીય સત્ર મળશે. સત્ર દરમિયાન ભાજપના તમામ ધારાસભ્યને હાજર રહેવા માટે વ્હીપ જાહેર કરાયો છે. એટલે કે સત્ર દરમિયાન ભાજપના તમામ ધારાસભ્યોને હાજર રહેવાની સૂચના આપવામાં આવી છે. તો બીજી બાજુ સત્ર પહેલા આવતીકાલે કોંગ્રેસના ધારાસભ્યોની મહત્વની બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં સત્રમાં ક્યાં મુદ્દે સરકારને ઘેરવી તેને લઈને રણનીતિ નક્કી કરવામાં આવશે. રાષ્ટ્રપતિના હસ્તે ૧૩ સપ્ટેમ્બરના રોજ પેપરલેસ વિધાનસભાનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ગુજરાત વિધાનસભા સચિવ ડી.એમ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વન નેશન વન એપ્લિકેશન' પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત વિધાનસભાને ડિજિટલ બનાવવા માટે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. તેઓએ કહ્યું હતું કે, ગુજરાત વિધાનસભાના ડિજિટલ હાઉસનું ઉદ્ઘાટન કરવા માટે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને આમંત્રણ આપ્યું છે. ગુજરાત વિધાનસભા સચિવએ વધુમાં જણાવ્યું હતું કે, ૧૩ સપ્ટેમ્બરને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ગુજરાત વિધાનસભાના ડિજિટલ હાઉસનું ઉદ્ઘાટન કરશે અને ગુજરાત વિધાનસભાને સંબોધન પણ કરશે. પેપરલેસ વિધાનસભાના ઉદ્ઘાટન બાદ દરેક MLA અને ગૃહમાં બેસતા સચિવોના ટેબલ પર ખાસ ટેબલેટ મુકાશે.

# દિલ્હીમાં ફટાકડા બનાવવા, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ ઉપર પ્રતિબંધ

। નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી સરકારે શિયાળામાં વધતા વાયુ પ્રદૂષણ પર અંકુશ લગાવવા માટે મોટો નિર્ણય લીધો છે. આ જ એક્શન પ્લાન હેઠળ દિલ્હી સરકારે રાષ્ટ્રીય રાજધાનીમાં ફટાકડા બનાવવા પર, વેચાણ, સંગ્રહ અને તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આ વર્ષે પણ દિવાળી પર ફટાકડા ફોડવા પર પ્રતિબંધ રહેશે. દિલ્હી સરકારે આજે વાયુ પ્રદૂષણને ધ્યાનમાં રાખીને નિર્ણય લીધો છે. આ પ્રતિબંધ માત્ર ફટાકડા ફોડવા પર જ નહીં પરંતુ તેના ઉત્પાદન અને વેચાણ પર પણ લાગશે. એટલે કે, દિલ્હીના સરહદી વિસ્તારમાં ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ પરનો પ્રતિબંધ પહેલાની જેમ જ યથાવત રહેશે. પ્રતિબંધ હોવા છતાં આવું કરનાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આ અંતર્ગત દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે નિર્દેશ જારી કર્યા છે. પર્યાવરણ મંત્રીએ કહ્યું કે, સરકારે ફટાકડાનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ (ઓનલાઈન વેચાણ સહિત) અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધો છે. દિલ્હી પોલીસને તેના માટે લાયસન્સની પરવાનગી ન આપવાના નિર્દેશ જારી કર્યા છે. તેમણે કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે, શિયાળામાં દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર વધી જાય છે.

### ભારત નામ કરવા સામે તકલીફ હોય તે દેશ છોડી જાય : દિલીપ ઘોષ

। ખડગપુર, તા.૧૧ ।

તાજેતરમાં દેશમાં ઈન્ડિયાઅને ભારતના નામ અંગેનો વિવાદ ચગી રહ્યો છે. સતાપક્ષ દ્વારા ઘણા સરકારી કાર્યક્રમોમાં ઈન્ડિયાની જગ્યાએ ભારતનાનો ઉલેખ્ખ જોવા મળ્યો હતો. તે પછી જી-૨૦નું આમંત્રણ હોય કે પછી પીએમમોદીની આગળ રહેલી નેમપ્લેટ હોય તેમાં ઈન્ડિયાને બદલે હવે ભારતના નામનો ઉપયોગ થતો દેખાઈ રહ્યો છે. જેને લઈ વિપક્ષ વારંવાર સરકાર પર પ્રહાર કરી રહી છે.









# જે પુત્રી માટે બધું ન્યોછાવર કર્યું તેણે જ માતાને અમેરિકામાં તરછોડી દીધી

। વડોદરા, તા.૧૧ ।

ઘણા ગુજરાતીઓ પોતાનું બધું છોડી અમેરિકા માત્ર સંતાનોના સારા ભવિષ્ય માટે જતા હોય છે, પરંતુ ક્યારેક તેમના આ નિર્ણયનું કેવું ભયાનક પરિણામ આવી શકે છે તેની એક ચોંકાવનારી ઘટના અમેરિકન સિટીઝન અને હાલ વડોદરામાં રહેતા એક મહિલા સાથે બની છે. ચંદ્રિકા સુથાર નામના આ ૭૨ વર્ષીય મહિલા ૧૯૯૨માં પતિ અને દીકરી પાંચ વર્ષની દીકરી સાથે ફેમિલી સ્પોન્સરશીપ પર અમેરિકા ગયા હતા અને એક જ મહિનામાં તેમને ગ્રીન કાર્ડ પણ મળી ગયું હતું. શિકાગોમાં રહેતા ચંદ્રિકા સુથાર ત્યાં રેસ્ટોરાંમાં પાર્ટ ટાઈમ જોબ કરતા હતા, અને દીકરીને પણ તેમણે ઘરની નજીકમાં જ આવેલી સ્કૂલમાં ભણવા માટે મૂકી હતી. જોકે, અમેરિકા ગયાના બે-અઢી વર્ષમાં જ તેમના પતિએ ઈન્ડિયા પાછા જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, ચંદ્રિકાબેને જણાવ્યું હતું કે તેમના લગ્નજીવનમાં પહેલાથી જ પ્રોબ્લેમ્સ હતી પરંતુ તેમને એમ હતું કે અમેરિકા ગયા બાદ બધું બરાબર થઈ જશે. જોકે, ૧૯૯૫માં તેમના પતિ તેમને કોઈ આગોતરી જાણ કર્યા વિના જ અચાનક ઈન્ડિયા પાછા જતા રહ્યા હતા અને ત્યારબાદ તેમની સાથેના તમામ સંપર્ક પણ કાપી નાખ્યા હતા. પતિના ઈન્ડિયા પાછા જતા રહ્યા બાદ દીકરીની તમામ જવાબદારી ચંદ્રિકાબેન પર આવી ગઈ હતી, ખર્ચા પોસાતા ના હોવાના કારણે ચંદ્રિકાબેનને ૧ બીએચકે ફ્લેટ છોડીને પાડોશમાં રહેતા એક મુસ્લિમ મા-દીકરી સાથે શેરિંગ અપાર્ટમેન્ટમાં રહેવા જવું પડ્યું હતું.

ચંદ્રિકાબેન અમેરિકામાં નોકરી સાથે પોતાની દીકરી અવનીની સંભાળ લેવાના પોતાનાથી બનતા તમામ પ્રયાસ કરતા હતા, પરંતુ ત્યાં જિંદગી જરાય સરળ નહોતી. વળી, પતિએ પણ પોતાની સાથે કોઈ સંપર્ક ના રાખતા તેઓ માનસિક રીતે પણ વ્યથિત થઈ ગયા હતા. આ સ્થિતિમાં તેઓ છ મહિનામાં શિકાગો છોડીને ન્યૂજર્સીમાં રહેતા પોતાના એક નજીકના સંબંધીને ત્યાં શિફ્ટ થયા હતા, ત્યાં તેમણે કમ્પ્યુટરના ક્લાસ જોઈન કર્યા હતા અને એક જોબ પણ શોધી હતી. જોકે, તેમને ઘરે આવતા રાતના દસ વાગી જતા હતા. પોતાની ક્વૉલિફિકેશન અનુસાર જોબ શોધવા તેમણે ઘણા પ્રયાસ કર્યા હતા, પરંતુ ક્યાંય મેળ ના પડતાં રેસ્ટોરાંમાં નાની-મોટી જોબ કરી તેમને જીવનનિર્વાહ ચલાવવો પડતો હતો. કહેવાય છે કે અમેરિકામાં કોઈ કોઈનું સગું નથી હોતું, ચંદ્રિકાબેનને પણ ન્યૂજર્સીમાં બે-ત્રણ મહિનામાં જ આ વાતનો અનુભવ થઈ ગયો હતો, જે સંબંધીના ઘરે તેઓ રહેતા હતા ત્યાં અવની એડજસ્ટ નહોતી થઈ રહી અને તેની સાથે ભેદભાવ પણ કરવામાં આવતો હતો. ચંદ્રિકાબેન પૈસા આપીને રહેતા હોવા છતાંય સમય જતાં તેમના સંબંધીનું વર્તન ઘણું બદલાવવા લાગ્યું હતું, જેના કારણે ચંદ્રિકાબેનનું ન્યૂજર્સીમાં રહેવું પણ મુશ્કેલ બની ગયું હતું. જેથી કંટાળીને તેમણે છ-આઠ મહિનામાં જ ન્યૂજર્સી છોડવું પડ્યું અને તેઓ ફરી શિકાગોમાં આવી ગયા, જ્યાં તેમણે એક સ્ટૂડિયો અપાર્ટમેન્ટ રેન્ટ પર લીધો અને ફરી એક રેસ્ટોરાંમાં જોબ શરૂ કરી. અમેરિકામાં દરેકને પોતાની સ્પેસ જોઈતી હોય છે, ખાસ કરીને બાળકો મોટા થાય ત્યારે તેમને જો પોતાનો અલગ રૂમ ના મળે તો પણ ફેમિલીમાં ઈશ્યૂ ઉભા થતા હોય છે. આવું જ ચંદ્રિકાબેન સાથે પણ થયું, અવની બારેક વર્ષની થઈ ત્યારે અવારનવાર તે ચંદ્રિકાબેનને ૧ બીએચકે ફ્લેટ લેવા માટે કહેતી હતી, જેથી તેને પોતાનો અલગ રૂમ મળી શકે. જોકે, આવક ટૂંકી હોવાના કારણે ચંદ્રિકાબેન સ્ટૂડિયો અપાર્ટમેન્ટથી મોટું ઘર અફોર્ડ કરી શકે તેમ નહોતા. બસ, આ જ વાતને લઈને ક્યારેક મા-દીકરી વચ્ચે બોલચાલી પણ થઈ જતી હતી.

## ન્યુઝ બોક્ષ

### જામનગર જિલ્લા હોમગાર્ડસના ઈતિહાસમાં પ્રથમ વખત સ્ટાફ ઓફિસર તરીકે મહિલાની નિમણૂક



। જામનગર, તા.૧૧ ।

જામનગર તા.૮ સપ્ટેમ્બર, જામનગર જિલ્લા હોમગાર્ડસના ઈતિહાસમાં પ્રથમ વખત હોમગાર્ડસ દળમાં સ્ટાફ ઓફિસર (મહિલા)ની વર્ષોથી ખાલી જગ્યાના પદ ઉપર મહિલા ઓફિસરની નિમણુંક કરવામાં આવી છે. ગત તા. ૩/૯/૨૦૨૩ ના રોજ જામનગરની વિદ્યાસાગર કોલેજના આર્ટસ વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અને જામનગર જિલ્લામાં મહિલા સેલ્ફ ડીફેન્સ કોચ તરીકે વર્ષોથી કાર્ય કરતા, શ્રીમતી પ્રેક્ષાબેન હિરેનકુમાર ભટ્ટની નિમણુંક સ્ટાફ ઓફિસર (મહિલા) તરીકે કરવામાં આવી છે.

શ્રીમતી પ્રેક્ષાબેન પોતે કરાટે, કુમ્ફુ તેમજ ટેકવોન્ડોમાં બ્લેક બેલ્ટ ધરાવે છે. ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શ્રીમતી પ્રેક્ષા બેન (એજ્યુકેશન) વિષયમાં M.Ed. કર્યુ છે. સાથે સાથે છેલ્લા ૧૦ વર્ષથી વધારે શૈક્ષણિક વિભાગમાં માધ્યમિક તેમજ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે કાર્ય કરેલ છે. તેઓ શૈક્ષણિક કાર્ય સાથે સામાજિક જવાબદારી પણ બખૂબી નિભાવે છે. "ફ્રેન્ડ્સ ફોર વુમન એન્ડ ચિલ્ડ્રન" સભ્ય તરીકે સ્ત્રીઓ અને બાળકોની કાયદાકીય મદદ માટે હંમેશા તૈયાર રહે છે.

ભૂતકાળમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત તેમજ સુરક્ષા સેતુ સોસાઈટી દ્વારા જામનગર જીલ્લાની સરકારી શાળા કોલેજોની અંદાજે ૫૦,૦૦૦ થી વધારે દીકરીઓને સેલ્ફ ડીફેન્સ એટલે કે સ્વરક્ષણની તાલીમ આપેલી છે.

### શિક્ષણ વિભાગમાં નવા-જૂની

# જ્ઞાન સહાયક યોજના મુદ્દે શિક્ષણમંત્રી અને ભાજપના ધારાસભ્ય વચ્ચે જંગ

**ભાજપના ધારાસભ્ય હસમુખ પટેલે ઉમેદવારોની તરફેણ કરી હતી અને કાયમી ભરતી કરવા માંગ કરી હતી**

। ગાંધીનગર, તા.૧૧ ।

ગુજરાતના શિક્ષણ વિભાગમાં એવુ બન્યું કે ચર્ચા થઈ ગઈ. જ્ઞાન સહાયક યોજના મુદ્દે શિક્ષણ મંત્રી અને ભાજપના ધારાસભ્ય જ આમને સામને આવી ગયા હતા. કુબેર ડિંડોર ઉમેદવારો પર તાડૂક્યા હતા અને કહ્યું કે, નોકરી કરવી હોય તો કરો, નહિ તો ઘરમાં બેસો. તો હસમુખ પટેલે કહ્યું કે, આ યોજના ઉમેદવારોના હિતમાં નથી.

ગુજરાતમાં ટાટ-ટે ઉતીર્ણ ઉમેદવારોએ સરકાર સામે બાંયો ચઢાવી આંદોલન શરૂ કર્યું છે. ત્યારે આ યોજના મુદ્દે ભાજપના ધારાસભ્ય અને શિક્ષણ મંત્રી આમને સામને આવ્યા છે. ભાજપના ધારાસભ્ય હસમુખ પટેલે ઉમેદવારોની તરફેણ કરીને કાયમી ભરતી કરવા માંગ કરી હતી. આ અંગે કેટલાક ઉમેદવાર રજૂઆત કરવા શિક્ષણ મંત્રીની ઓફિસમાં પહોંચ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અને સ્કૂલ ઓફ એક્સેલન્સ મુજબ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં જ્ઞાન સહાયક યોજના જાહેર કરવામાં આવી છે. જેમાં ૧૧ માસના કરાર આધારે શિક્ષકોની નિમણૂંક કરવામાં આવશે. પરંતું ભાજપના ધારાસભ્ય હસમુખ પટેલે આ વિશે શિક્ષણ મંત્રીને પત્ર લખ્યો છે.

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય ડૉ.હસમુખ પટેલે પણ રાજ્યના શિક્ષણમંત્રી કુબેર ડીંડોરને પત્ર લખી સરકારી શાળાઓમાં શિક્ષકોની કાયમી ભરતી કરવા માંગ કરી છે. હસમુખ પટેલે પત્રમાં લખ્યું છે કે કરાર આધારિત ભરતી બાળકો અને શિક્ષક બનવા માંગતા ઉમેદવારોના હિતમાં નથી. જ્ઞાનસહાયક યોજના અમલમાં આવશે તો ભાવિ શિક્ષકોનું ભવિષ્ય અંધકારમય બનશે. માટે ગુજરાતના બાળકોના હિતમાં કરાર આધારિત ભરતી ના થવી જોઈએ અને ટેટ-ટાટ પાસ ઉમેદવારોને ન્યાય મળે તે માટે સરકારે કાયમી ભરતી કરવી જોઈએ પરંતુ રજૂઆત કરવા ગયેલા ઉમેદવારો પર શિક્ષણમંત્રી તાડૂક્યા હતા. છેલ્લા લાંબા સમયથી શિક્ષકોની કાયમી ભરતીની રાહ જોઈ રહેલા TET-TAT પાસ ઉમેદવારોએ આખરે થાકી-હારીને રાજ્યના શિક્ષણમંત્રી કુબેર ડીંડોરનો ઘેરાવ કર્યો અને ત્રણ ત્રણ મહિનાથી ભરતી કેમ કરાતી નથી. તેવો સવાલોનો મારો ચલાવ્યો તો મંત્રી ઉમેદવારોને ઉદ્ધતાઈથી ઉડાઉ જવાબ આપતા જોવા મળ્યા. તેઓએ કહ્યું કે, તમારે જ્ઞાન સહાયક યોજનામાં જોડાવવું હોય તો જોડાઓ. નહિતર ઘરે બેસી રહો.

### સ્થાનિકોએ લીધો રાહતનો શ્વાસ

# જામજોધપુરના નંદાણા ગામે દીપડો આખરે પાંજરે પુરાયો

। જામનગર, તા.૧૧ ।

જામનગરના જામજોધપુરમાં આવેલા નંદાણા ગામે એક દીપડો પાંજરે પૂરાયો છે. વન વિભાગે આ દીપડાને પકડવા માટે પાંજરા ગોઠવ્યા હતા. તો, હવે નંદાણા સહિત આસપાસના ગ્રામજનો અને ખેડૂતોને રાહત મળી છે. દીપડાએ છેલ્લા કેટલાંક દિવસથી ગામની સીમમાં આતંક મચાવ્યો હતો. જેથી ગ્રામજનોમાં ભય ફેલાયો હતો.ગામની સીમમાં જ ફરતો દીપડો વન વિભાગના પાંજરે પૂરાઈ ગયો છે. જેથી ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. બીજી તરફ બગસરના હાલરીયા ગામે સિંહણ એ બાળકીને ફાડી ખાધા બનાવ બન્યો હતો તે જ વિસ્તારમાં ૩૫ જેટલા વનકર્મીઓ અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી હતી. જોકે આ વિસ્તારમાં ૨ સિંહણ જોવા મળી હતી. વનવિભાગે તકેદારીના ભાગ રૂપે બંને સિંહણને પાંજરે પુરી દીધી હતી. હવે બને સિંહણને જૂનાગઢ ચક્કરબાગ ઝુ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં એનિમલ ડૉક્ટરો તેમનું પરીક્ષણ કરશે અને પછી નક્કી થશે કઈ સિંહણ માનવ ભક્ષી છે. જે સિંહણ માનવ ભક્ષી હશે તેને કેદ રાખવામાં આવશે અન્ય નિર્દોષ સિંહણ હશે તેને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

# ૧૦થી વધુ સ્થાનિકો અને યાત્રાળુને શ્વાને બચકા ભર્યા

। દ્વારકા, તા.૧૧ ।

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી રખડતા શ્વાનનો આતંક વધતો જાય છે. પહેલા રખડતા ઢોર અને હવે રખડતા શ્વાને લોકોના મનમાં ભયનો માહોલ ઉભો કર્યો છે. દ્વારકામાં ફરી રખડતા શ્વાને આતંક મચાવ્યો છે. સ્થાનિકો અને યાત્રાળુ પર રખડતા શ્વાન અત્યાર સુધી ૧૦ લોકોને બચકા ભર્યો છે. જેથી રખડતા શ્વાનના ત્રાસમાંથી છૂટકારો મળે તેવી માગ કરી છે. તો આવી જ ઘટના થોડા દિવસ અગાઉ રાજકોટના પડધરી તાલુકાના થોરીયાળી ગામે બની હતી. જ્યાં શ્વાને ૧૫ લોકોને બચકા ભર્યા હતા.

### આફ્રિકામાં ગુજરાતી યુવકનું મોત

# ગ્રાહક સાથે વાત કરતા કરતા એક યુવકને આવ્યો હાર્ટએટેક

**ભરૂચના ઈખર ગામના વ્યક્તિનું વિદેશમાં હાર્ટ અટેકથી મૃત્યુ : સુપર સ્ટોરમાં કામ કરતા અચાનક આવ્યો હાર્ટ અટેક**



। ભરૂચ, તા.૧૧ ।

નાના હોય કે મોટી ઉંમરના લોકો, હાર્ટ એટેક તમામ ઉંમરના લોકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. યુવા વયના લોકોમાં હાર્ટ એટેક આવવો સામાન્ય બની ગયો છે. આવામાં ગુજરાતમાં હાર્ટ એટેકથી વધુ એક યુવાના મોતના ખબર સામે આવ્યા છે. ભરૂચના આમોદ તાલુકાના ઈખર ગામના વતનીનું આફ્રિકાના વેંડામાં હાર્ટ એટેકથી મોત થયું છે. સુપર સ્ટોરમાં કામ કરી રહેલ યુવાનને અચાનક એટેક આવતા તે ગ્રાહકની નજર સામે જ ઢળી પડ્યો હતો. સમગ્ર ઘટના સુપર સ્ટોરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

રોજગારી માટે આફ્રિકા ગયેલા ભરૂચના આમોદના યુવકના મોતના સમાચાર આવ્યા છે. આમોદના ઈખર ગામના ઈકબાલ હાફેજી મહંમદ મલ્લુ ૨૨ વર્ષ પહેલા આફ્રિકામાં રોજી મેળવવા સ્થાયી થયા હતા. ગત રોજ ઈકલાબ સ્ટોરમાં કામ કરી રહ્યા હતા, ત્યારે ગ્રાહકની નજર સામે જ તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો, અને તેઓ ઢળી પડ્યા હતા. સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નિપજ્યુ હતું. આમ, ૪૨ વર્ષીય ઈકબાલ હાફેજી મોતને ભેટ્યા હતા.

તેમના નિધનથી ઈખરમાં રહેતા તેમના પરિવારમાં શોકનો માહોલ વ્યાપી ગયો છે. અંદાજે ૧૦ દિવસ પહેલાં પણ જંબુસરના ટંકારી બંદર ગામના એક યુવાનનું આફ્રિકામાં હાર્ટ એટેકના કારણે મૃત્યુ નીપજ્યું હતું. વર્તમાન જીવનશૈલીને નાની ઉંમરે હૃદય સંબંધિત સમસ્યા અને હાર્ટ એટેકના કેસ પણ વધી રહ્યાં છે. હાઈ બ્લડ પ્રેશરથી તેની શરૂઆત થાય છે. WHOના અહેવાલ પ્રમાણે સમગ્ર વિશ્વમાં ૧.૨૮ અરબ લોકો હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે. પરતું એમાંથી ૪૬ ટકા લોકોને ખબ જ નથી કે તેઓ હાઈ બ્લડ પ્રેશરથી પીડાય છે. જ્યારે લોકો કોઈ સમસ્યાની સારવાર માટે જાય છે, ત્યારે તેમને ખબર પડે છે કે તેમને હાઈ બીપી છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે ૨૦ થી ૩૦ વચ્ચે જો આ વાતોનું ધ્યાન રાખવામાં આવે તો હાર્ટએટેકનું જોખમ ઘટાડી શકાય છે.

વર્તમાન સમયમાં નાની ઉંમરથી જ વ્યક્તિને તણાવ અને ડિપ્રેશનની સમસ્યા થાય છે. આના કારણે શરીરના ભાગમાં સોજા આવવા લાગે છે. જો વ્યક્તિને તણાવ કે ડિપ્રેશનની સમસ્યા હશે તો અંદરના ભાગમાં સોજા પણ હશે. આ માટે સૂવાના સમય નક્કી કરો અને પૂરતી ઊંઘ લો. વ્યક્તિને હમેશા પોતાને વ્યસ્ત રાખવું જોઈએ.

વર્તમાન સમયમાં લોકો શારારિક પ્રવૃતિઓ ઓછી કરે છે અને પરિણામે શરીરમાં ચરબી અને બીમારીઓ થવા લાગે છે. આ માટે રોજ બહાર ફરો, વોક કરો, કસરત કરો. કસરતને તમારી રૂટીનમાં સામેલ કરો. શરીરને જો સક્રિય નહિ રાખો તો લોહીની નસમાં બ્લોકેજ થવાની શક્યતા વધી જાય છે અને હાર્ટ એટેકનું પ્રમાણ વધી જાય છે. ૨૦-૩૦ વર્ષની ઉંમર દરમિયાન બહારની વસ્તુ ખાધી છે, તો હવે તેને છોડી દો. આહારમાં આરોગ્યપ્રદ વસ્તુઓ સામેલ કરો. સિઝનલ ફૂડનો સેવન કરવો જોઈએ. તળેલી, પ્રોસેસ્ડ અને સ્ચ્યુરેટેડ વસ્તુઓ ખાવાથી દૂર રહેવું જોઈએ.

## વિશેષ લેખ

### ૨૦૨૪માં ચંદ્ર પર પહેલીવાર મહિલા ડગ માંડશે

# ક્યારેય ન ખેડાયેલા ચંદ્રના સાઉથ પોલ પર અંતરિક્ષયાનનું લેન્ડિંગ કરશે



## સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ



અમેરિકાની અંતરિક્ષ એજન્સી NASA ફરી એકવાર ચંદ્ર પર મનુષ્યોને મોકલવાની યોજના બનાવી રહ્યું છે. ૧૯૭૨માં પહેલીવાર ચંદ્ર પર મનુષ્યને મોકલવામાં આવ્યા હતા. NASA પ્રમુખ જિમ બ્રિડેનસ્ટીએ જણાવ્યુંછે કે, નાસા ૨૦૨૪મા ચંદ્ર ઉપર પહેલી મહિલા એસ્ટ્રોનૉટ ને ઉતારવાની યોજના બનાવી રહ્યું છે. આ મિશન પર એક પુરૂષ એસ્ટ્રોનૉટ પણ સાથે જશે. નાસા મુજબ આ મિશનની શરૂઆત ચંદ્ર વૈજ્ઞાનિક શોધ, આર્થિક લાભ અને નવી પેઢીના શોધકર્તાઓને પ્રેરણા આપવા માટે કરવામાં આવી રહી છે.

આ મિશનમાં નાસા ચંદ્રના ક્યારેય ન ખેડાયેલા સાઉથ પોલ પર અંતરિક્ષયાનનું લેન્ડિંગ કરશે. આ મિશન ૪ વર્ષમાં પૂરું થશે અને તેની પર લગભગ ૨૮ બિલિયન ડૉલરનો ખર્ચ થશે. બ્રિડસ્ટીને કહ્યું કે, આ મિશનમાં નવા પ્રકારની વસ્તુઓની શોધ થશે. તેમાં પહેલા કરવામાં આવેલી વૈજ્ઞાનિક શોધથી ભિન્ન શોધ કરવામાં આવશે. તેઓએ જણાવ્યું કે ૧૯૬૯ના એપોલો મિશન સમયે અમને લાગતું હતુ કે ચંદ્ર સૂકો છે, પરંતુ હવે અમને જાણવા મળ્યું છે કે ચંદ્રના સાઉથ પોલ પર મોટી માત્રામાં પાણી ઉપલબ્ધ છે. હાલમાં ત્રણ લ્યૂનર લેન્ડરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, જે અંતરિક્ષ યાત્રીકોને લઈ જશે. NASAના જણાવ્યા અનુસાર પહેલું લેન્ડર બ્લૂ ઓરિજિન અમેઝોનના સંસ્થાપક જેફ બેઝોઝની કંપની બનાવી રહી છે. બીજું લેન્ડર એમન મસ્કની કંપની સ્પેસએક્સ અને ત્રીજું લેન્ડર ડાઈનેટિક્સ કંપની બનાવી રહી છે. નાસાએ પોતાના મિશનને અર્ટેમિસ નામ આપ્યું છે, તે અનેક ચરણોમાં થશે. પહેલું ચરણ માનવરહિત ઓરિયન સ્પેસક્રાફ્ટથી નવેમ્બર ૨૦૨૧માં શરુ થશે. મિશનના બીજા અને ત્રીજા ચરણમાં એસ્ટ્રોનૉટ ચંદ્રની આસપાસ ચક્કર મારશે અને ચંદ્રની સપાટી પર ઉતરશે. જે એપોલો-૧૧ મિશનની જેમ એક સપ્તાહ સુધી ચાલશે અને આ દરમિયાન એસ્ટ્રોનૉટ એક સપ્તાહ સુધી ચંદ્રની સપાટી પર કામ કરશે. નાસાના જણાવ્યા મુજબ, અમેરિકાએ ૧૯૬૯થી ૧૯૭૨ સુધી અપોલો-૧૧ સહિત ૬ મિશન ચંદ્ર પર મોકલ્યા હતા. ૨૦ જુલાઈ ૧૯૬૯ના રોજ અપોલો-૧૧ના માધ્યમથી એસ્ટ્રનૉટ નીલ આર્મસ્ટ્રૉંગ, એડવિન ઓલ્ડ્રિન ચંદ્રની જમીન પર ઉતર્યા હતા. નાસાની યોજના ચંદ્ર પર માનવ વસ્તીઓ વસાવવાની છે. નાસા પહેલેથી જ આર્ટેમિસ પ્રોગ્રામ દ્વારા ૨૦૨૪ સુધી ચંદ્રની ધરપતી પર માનવ મિશન મોકલવાની તૈયારી કરી રહી છે. નાસા પોતાના આર્ટેમિસ પ્રોગ્રામ દ્વારા ચંદ્રની ધરતી પર ૨૦૨૪ સુધી મનુષ્યોને પહોંચાડવા ઈચ્છે છે. તેના દ્વારા ચંદ્રની ધરતી પર માનવ ગતિવિધિઓને પ્રોત્સાહન આપ વામાં આવશે. ચંદ્ર પર મનુષ્યોએ ક્ષેત્રોને શોધશે જ્યાં પહેલા કોઈ નથી પહોંચ્યું. નાસાના આ મિશનમાં ચાર અંતરિક્ષ યાત્રી ચંદ્ર પર સાત દિવસ વિતાવીને પાછા આવશે. એજન્સીના પ્રમુખ જિમ બ્રાઈડેંસ્ટાઈને કહ્યું કે અમે ૨૦૨૮ પહેલા ૨૦૨૪ અને ૨૦૨૬માં ટ્રાયલ માટે માનવરહિત મિશન પણ મોકલશું. તેમણે આખા મિશનનો પ્લાન લૉન્ચ કર્યો છે.

બ્રાઈડેંનસ્ટાઈને કહ્યું કે અમે ત્યાં અમારો ધ્વજ કે પગના નિશાન છોડવા માટે નથી જઈ રહ્યા. અમે ત્યાં રોકાવા જઈ રહ્યા છે. અને એટલે જ નવા મિશનની યોજનો અપોલોથી અલગ બનાવવામાં આવી છે. અપોલો ૧૧ મિશન અંતર્ગત જ ૧૯૬૯માં નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્રની સપાટી પર ઉતરનાર પહેલા વ્યક્તિ બન્યા હતા. તે મિશનના લગભગ ૬૦ વર્ષ બાદ ફરી અંતરિક્ષયાત્રીઓને ઉપગ્રહ પર મોકલવામાં આવશે.

નવા મિશન માટે સાધનો અને અંતરિક્ષ યાન બનાવવા માટે આ વખતે કમર્શિયલ કંપનીઓની મદદ લેવામાં આવી રહી છે. નાસાએ કંપનીઓને ચંદ્ર પર ઉતરાણ માટે અંતરિક્ષ યાન, એક યાનથી બીજામાં જવા માટે વાહન અને ઈંધણ ભરવાની પ્રણાલીને વિકસિત કરવાનો પ્રસ્તાવ આપવાનું કહ્યું છે. ચુનંદા કંપનીઓને પોતાના પ્રસ્તાવ કામ કરવા માટે નાસા ૯૦ લાખ ડૉલર આપશે. સૌથી સારો પ્રસ્તાવ બનાવનારી બે કંપનીઓને પોતાની યોજનાને મૂર્ત સ્વરૂપ આપવાનો મોકો મળશે. તેમણે બનાવેલા યાન અને સાધનોને ચંદ્રની કક્ષામાં બનાવવામાં આવેલા સ્પેસ સ્ટેશનમાં લૉચ કરવામાં આવશે. નાસા પોતાના આંતરરાષ્ટ્રીય સાથીઓ સાથે ૨૦૨૦ સુધી ચંદ્રની કક્ષામાં લૂનર ઑર્બિટલ પ્લેટફોર્મ વિકસિત કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. પહેલા અંતરિક્ષ યાત્રી ચંદ્રની કક્ષામાં બનેલા સ્પેસ સ્ટેશનમાં પહોંચશે. ૨૦૨૪માં અંતરિક્ષ યાનને ગેટવેથી ચંદ્રની સપાટી પર મોકલવામાં આવશે. ૨૦૨૬માં સપાટી પર મોકલવાની સાથે ત્યાંથી પાછા આવવાના મિશનનું પણ ટ્રાયલ થશે. ૨૦૧૮માં અંતરિક્ષ યાત્રીઓ આ ત્રણ ચરણોમાં મિશન પુરું કરશે. આ મિશનમાં નાસા દ્વારા ચંદ્રના અસ્પૃશ્ય દક્ષિણ ધ્રુવ પર અવકાશયાન ઉતારવામાં આવશે. બ્રિડેનસ્ટેઈને કહ્યું, "આ મિશન નવી બાબતોનું સંશોધન કરવામાં આવશે. તેમાં પહેલા કરવામાં આવેલા વૈજ્ઞાનિક સંશોધનોથી આ અલગ પ્રકારના સંશોધન માટે જશે. તેમના જણાવ્યા અનુસાર ૧૯૬૯ માં એપોલો મિશન સમયે, અમે વિચાર્યું હતું કે ચંદ્ર શુષ્ક છે, પરંતુ હવે આપણે જાણીએ છીએ કે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીનો મોટો જથ્થો હાજર છે. આ વખતે ત્રણ લૂનર લેન્ડરના નિર્માણનું કામ ચાલુ છે. જે અવકાશયાત્રીઓને લઈ જશે. ત્યા જઈને અવકાશયાત્રીઓ એક અઠવાડિયા સુધી ચંદ્રની સપાટી પર કામ કરશે. નાસાના જણાવ્યા અનુસાર, પ્રથમ લેન્ડર બ્લુ ઓરિજિન, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ દ્વારા બનાવવામાં આવી રહ્યું છે, બીજું લેન્ડર એલન મસ્કની કંપની સ્પેસએક્સ અને ત્રીજું લેન્ડર ડાયનેટિક્સ દ્વારા બનાવવામાં આવી રહ્યો છે.

હવે તે સચિનની ૪૯ સદીથી બે જ સદી પાછળ છે । કોહલી ઈનિંગ્સના અંત સુધી અણનમ રહ્યો અને તેણે ૧૨૨ રનની ઈનિંગ્સ રમી

# વિરાટ કોહલીએ વન-ડેમાં પોતાની ૪૭મી સદી ફટકારી

## પાકિસ્તાન સામે સદી ફટકારવા દરમિયાન કોહલીએ વન-ડેમાં પોતાના ૧૩,૦૦૦ રન પણ પૂરા કર્યા હતા

। કોલંબો, તા.૧૧ ।

એશિયા કપ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં સોમવારે સુપર-૪ સ્ટેજની મેચમાં બે કટ્ટર હરીફ ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો રમાયો હતો. જેમાં ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલીએ પાકિસ્તાનની પેસ બેટરીની ધોલાઈ કરીને સદી ફટકારી હતી. વિરાટ કોહલીએ ૮૪ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ સાથે જ તેણે એક નવો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. કોહલી ઉપરાંત લોકેશ રાહુલે પણ ઈજામાંથી કમબેક કરતાં સદી ફટકારી હતી. વનડે ક્રિકેટમાં વિરાટ કોહલીની આ ૪૭મી સદી છે. કોહલી ઈનિંગ્સના અંત સુધી અણનમ રહ્યો અને તેણે ૧૨૨ રનની ઈનિંગ્સ રમી. કોહલીએ ૯૪ બોલનો સામનો કરતા નવ ચોગ્ગા અને ત્રણ સિક્સર ફટકારી હતી. જ્યારે લોકેશ રાહુલ ૧૦૬ બોલમાં ૧૧૧ રન નોંધાવીને નોટ આઉટ રહ્યો હતો. બંનેએ ૨૩૩ રનની અતૂટ ભાગીદારી નોંધાવી હતી. વન-ડે ક્રિકેટમાં પોતાની ૪૭મી સદી સાથે વિરાટ કોહલીએ સૌથી ઝડપી ૧૩,૦૦૦ રન નોંધાવવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. વિરાટ કોહલીએ પોતાની ૨૭૮મી વન-ડે મેચમાં આ સિદ્ધિ મેળવી હતી. કોહલીએ ૨૭૬ ઈનિંગ્સમાં ૧૩,૦૦૦ રન પૂરા કર્યા છે અને તે સૌથી ઓછી ઈનિંગ્સમાં ૧૩,૦૦૦ પૂરા કરનારો બેટ્સમેન બની ગયો છે. તેણે સચિન તેંડુલકરના રેકોર્ડને તોડી નાંખ્યો છે. સચિને ૩૨૧ વન-ડે




ઈનિંગ્સમાં આ સિદ્ધિ નોંધાવી હતી. વન-ડે ક્રિકેટમાં હવે સૌથી વધુ રન નોંધાવવામાં વિરાટ કોહલીથી આગળ ભારતનો સચિન તેંડુલકર (૧૮૪૨૬), શ્રીલંકાનો કુમાર સંગાકારા (૧૪૨૩૪), ઓસ્ટ્રેલિયાનો રિકી પોન્ટિંગ (૧૩૭૦૪) અને શ્રીલંકાનો સનથ જયસૂર્યા (૧૩૪૩૦) છે.

આટલું જ નહીં વિરાટ કોહલીએ કોલંબોના પ્રેમદાસા મેદાન પર સતત ચોથી સદી ફટકારવાની સિદ્ધિ પણ મેળવી હતી. આ મામલે કોહલીએ દક્ષિણ આફ્રિકાના પૂર્વ બેટ્સમેન હાશિમ અમલાની બરાબરી કરી લીધી છે. તેણે સેન્ચુરિયન મેદાન પર વન-ડેમાં સળંગ ચાર સદી ફટકારવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો. વન-ડેમાં સૌથી વધુ સદી સચિન તેંડુલકરના નામે છે. તેણે ૪૯ સદી ફટકારી છે જ્યારે કોહલીએ ૪૭ સદી ફટકારી છે. પાકિસ્તાન સામેની આ મેચમાં ટીમ ઈન્ડિયાના પ્રથમ ચાર બેટ્સમેનોએ શાનદાર બેટિંગ કરી હતી. મેચમાં રોહિત શર્મા અને શુભમન ગિલે ઈનિંગ્સની શરૂઆત કરી અને ૧૨૧ રનની ભાગીદારી નોંધાવી હતી. રોહિત શર્મા ૫૬ રન નોંધાવીને આઉટ થયો હતો જ્યારે શુભમન ગિલ ૫૮ રન નોંધાવીને આઉટ થયો હતો. આ પછી વિરાટ કોહલી અને લોકેશ રાહુલે બેટિંગ કરી અને બંનેએ જોરદાર બેટિંગ કરી હતી. મેચ રવિવારે રમાઈ હતી પરંતુ વરસાદના કારણે અધવચ્ચે રમત બંધ કરી દેવી પડી હતી. જેના કારણે સોમવારે રિઝર્વ-ડેએ મેચ રમાઈ જેમાં ભારતે ૫૦ ઓવરમાં બે વિકેટે ૩૫૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો.

વન-ડે ક્રિકેટમાં આ ચોથી વખત બન્યું છે જ્યારે ટીમ ઈન્ડિયા માટે ટોચના ચાર બેટ્સમેનોએ ૫૦ કે તેથી વધુ રન બનાવ્યા હોય. પાકિસ્તાન સામે આ બીજી વખત બન્યું છે. પ્રથમ વખત વર્ષ ૨૦૦૬માં ઈંગ્લેન્ડ સામે ભારતીય ટીમના ટોચના ચાર બેટ્સમેનોએ ૫૦ પ્લસ રન નોંધાવ્યા હતા. આ પછી ૨૦૦૭માં ઈંગ્લેન્ડ સામે બીજી વખત આવું બન્યું હતું. ૨૦૧૭માં ત્રીજી વખત ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોએ પાકિસ્તાન સામે આ સિદ્ધિ મેળવી હતી.



બે દિવસીય જી-૨૦ સમિટ સફળતાપૂર્વક સંપન્ન

## બ્રિટનના પીએમે બાંગ્લાદેશનાં પીએમ સાથે ઘૂંટણિયે બેસીને વાત કરી હતી

। નવી દિલ્હી, તા.૧૧ ।

બે દિવસીય જી-૨૦ સમિટ ભારતની અધ્યક્ષતામાં સફળતાપૂર્વક સંપન્ન થઈ. તેમાં ઘણા દેશોના રાજ્યોના મુખ્ય નેતાઓઓની ભાગીદારી જોવા મળી હતી. આ સમયગાળાની ઘણી યાદગાર તસવીરો પણ સામે આવી છે. સમિટથી અલગ એક મીટિંગ દરમિયાન બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક અને બાંગ્લાદેશના પીએમ શેખ હસીનાની એક તસવીર વાયરલ થઈ છે, જેમાં બ્રિટિશ પીએમ સુનક ઘૂંટણિયે બેસીને તેમના બાંગ્લાદેશી સમકક્ષ સાથે વાત કરતા જોવા મળી રહ્યાં છે. આ તસવીરે ઈન્ટરનેટ પર ઘણા લોકોને આકર્ષ્યા હતા. લોકો સોશિયલ મીડિયા પર આ હૃદય



સ્પર્શી તસવીર ભારે શેર કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સપર આ તસવીર શેર કરતી વખતે એક મહિલા યુઝરે લખ્યું કે ઋષિ સુનક એક સજ્જન છે. તેઓ બાંગ્લાદેશના પીએમ શેખ હસીનાને કેટલી નમ્રતાથી મળી રહ્યા છે. અન્ય યુઝરે લખ્યું, મોટા માણસને કોઈ અહંકાર નથી હોતો! બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના સાથે વાત કરતી વખતે આરામ માટે ફ્લોર પર બેસી ગયા હતા.

ઉદ્ધવ ઠાકરેના નિવેદનથી રાજકીય હોબાળો

## રામમંદિરનું ઉદઘાટન થશે તો વધુ એક ગોધરાકાંડ સર્જાઈ શકે છે : ઉદ્ધવ

। નવી દિલ્હી, તા.૧૧ ।

શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના નિવેદનથી રાજકીય હોબાળો મચીગયો છે. તેમણે રવિવારે એક રેલી દરમિયાન દાવો કર્યો હતો કે જો અયોધ્યામાં રામમંદિરનું ઉદઘાટન થશે તો વધુ એક ગોધરાકાંડ સર્જાઈ શકે છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે રામમંદિરના ઉદઘાટન માટે દેશભરમાંથી લોકો અયોધ્યા પહોંચશે. જ્યારે તે પાછા જશે તો ગોધરા કાંડ જેવી ઘટના બનવાની પૂરેપૂરી શક્યતા છે. ઉદ્ધવે કહ્યું કે સરકાર રામમંદિરના ઉદઘાટન માટે બસ અને ટ્રકમાં મોટી સંખ્યામાં લોકોને આમંત્રિત



કરી શકે છે. આ બધા લોકોની વાપસી દરમિયાન જ જે રીતે ગોધરામાં ટ્રેન બાળી નાખવામાં આવી હતી તેવી ઘટનાને અંજામ આપવામાં આવી શકે છે. ખરેખર ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના સાબરમતી એક્સપ્રેસમાં સવાર થઈને અયોધ્યાથી પાછા ફરી રહેલા કાર સેવકો પર ગુજરાતના ગોધરા સ્ટેશને હુમલો કરાયો હતો.

# વિમાનમાં પેસેન્જરે સાથે બેઠેલી મહિલાને સ્પર્શ કરવા બદલ શખ્સની ધરપકડ કરાઈ

## મહિલાને ઊંઘ દરમિયાન બાજુમાં બેઠેલા પેસેન્જરે પ્રાઈવેટ પાર્ટ પર અણછાજતો સ્પર્સ કરતા ફરિયાદ

। મુંબઈ, તા.૧૧ ।

ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલી એક મહિલાએ પણ પોતાની સાથે અણછાજતું વર્તન કરનારા શખ્સને પાઠ ભણાવ્યો છે. શનિવારે મુંબઈથી ગુવાહાટી જઈ રહેલી ફ્લાઈટમાં એક મહિલાની બાજુમાં બેઠેલા પેસેન્જરે વારંવાર તેને અણછાજતો સ્પર્શ કર્યો હતો. મોડીરાતની ફ્લાઈટ હતી અને વિમાન હવામાં હતું, કેબિનની લાઈટ ડીમ કરી દેવાઈ હતી અને એ વખતે અંધારાનો લાભ લઈને શખ્સે બાજુમાં બેઠેલી મહિલાને પકડી લીધી હતી. એરલાઈને જણાવ્યું છે કે, આ શખ્સને ગુવાહાટી પોલીસને સોંપી દેવાયો છે અને તેની સામે એફઆઈઆરનોંધવામાં આવી છે. છેલ્લા બે મહિનામાં ભારતીય પેસેન્જરો સાથે ફ્લાઈટમાં છેડતી થઈ હોય તેવા ઓછામાં ઓછા ચાર કેસ નોંધાયા છે. તાજી ઘટના ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૫૩૧૯માં બની હતી. ફ્લાઈટ રાત્રે ૯ વાગ્યા પછી મુંબઈથી ઉપડી હતી અને મધરાત્રે ૧૨.૧૫ કલાકની આસપાસ ગુવાહાટી પહોંચી હતી.

પોતાની સાથે થયેલા દુર્વ્યવહાર વિશે વાત કરતાં પીડિતાએ જણાવ્યું કે, હોસ્પિટલમાંથી સાજા થયા બાદ તેને રજા આપવામાં આવી હતી, જે બાદ તે ગુવાહાટી જઈ રહી હતી. મહિલાએ જણાવ્યું કે, તેની આઈલ સીટ હતી અને કેબિનની લાઈટ્સ ડીમ થયા પછી આર્મરેસ્ટ નીચે કરીને તે સૂઈ ગઈ હતી. જ્યારે તેની આંખ ખુલી ત્યારે તેણે નોંધ્યું કે, આર્મરેસ્ટ ઊંચો કરી દેવાયો હતો અને બાજુમાં બેઠેલો પેસેન્જર તેની નજીક આવી ગયો હતો.

“આ જોઈને મને વિચિત્ર લાગણી થઈ કારણકે મને બરાબર યાદ હતું કે મેં આર્મરેસ્ટ નીચો કર્યો હતો. અડધી ઊંઘમાં હોવાના લીધે મેં આ વિશે વધુ વિચાર્યું નહીં અને ફરીથી આર્મરેસ્ટ નીચો કરીને સૂઈ ગઈ. થોડા સમય પછી મારી ફરી આંખ ખુલી તો જોયું કે, બાજુમાં બેઠેલા પુરુષ પેસેન્જરનો હાથ મારી ઉપર હતો અને તેની આંખો બંધ હતી. હું યોગ્ય ખાતરી કર્યા વિના કોઈ નિર્ણય પર નહોતી પહોંચવા માગતી એટલે મેં થોડી રાહ જોઈ. મેં મારી આંખો અર્ધ ખુલ્લી રાખી અને ઊંઘવાનો ડોળ કર્યો'', તેમ મહિલાએ જણાવ્યું. થોડી મિનિટો પછી મહિલાએ નોંધ્યું કે, બાજુમાં બેઠેલો પેસેન્જર ફરીથી તેને સ્પર્શ કરીને પોતાના પ્રાઈવેટ પાર્ટને અડી રહ્યો હતો. મહિલાએ આગળ કહ્યું, “આ જોયા પછી હું ચીસો પાડવા માગતી હતી પરંતુ ના પાડી શકી. હું આ ઘટનાથી હેબતાઈ ગઈ હતી.'' જોકે, છેવટે મહિલા પોતાની બુદ્ધિ વાપરી અને ફરીથી એ શખ્સે તેને પકડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે તેનો હાથ ખેંચીને દૂર ખસેડી દીધો, ચીસ પાડી અને સીટ ઉપરની લાઈટ ચાલુ કરીને કેબિન ક્રૂને બોલાવ્યા હતા. “હું બૂમાબૂમ કરી રહી હતી, આંખમાંથી આંસુ નીકળી રહ્યા હતા અને મારી સાથે બનેલી ઘટના વર્ણવતી હતી. આ બધું જોઈને એ શખ્સ માફી માગવા લાગ્યો હતો'', તેમ મહિલાએ વધુમાં ઉમેર્યું.

એરલાઈને પણ આ બાબતની ગંભીર નોંધ લેતા એક્શન લીધા હતા. ઈન્ડિગોએ આ મુદ્દે નિવેદન બહાર પાડીને જણાવ્યું કે, મહિલાએ શારીરિક છેડતીની ફરિયાદ કર્યા બાદ આ શખ્સને ગુવાહાટી પોલીસને સોંપી દેવાયો હતો.


નવી દિલ્હી ખાતે ભૂતપૂર્વ કોંગ્રેસના સાંસદ જ્યોતિ મર્દાએ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાને મળ્યા અને ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

## જી૨૦ સમિટ પાછળ સરકારે ૪૧૦૦ કરોડનો ખર્ચ કર્યો




। નવી દિલ્હી, તા.૧૧ ।

જી૨૦ સમિટ ૨૦૨૩ નું સફળતાપૂર્વક સમાપન થયું. ભારતના નેતૃત્વમાં આયોજિત આ સમિટની ઘણી પ્રશંસા થઈ હોવાના દાવા થઈ રહ્યા છે. જોકે શું તમે એ જાણો છો કે આ જી૨૦ સમિટના આ આયોજન માટે કેટલો ખર્ચ કર્યો? સરકારી રેકોર્ડ અનુસાર ૯-૧૦ સપ્ટેમ્બરે યોજાયેલી આ સમિટ માટે સરકારે ૪૧૦૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચો કરી નાખ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તમને જાણીને એ પણ નવાઈ લાગશે કે ભારતે આ જી૨૦ સમિટના આયોજન પાછળ જર્મની દ્વારા જી૨૦ સમિટ કાર્યક્રમ પાછળ ખર્ચવામાં આવેલી રકમ કરતાં પણ ૭ ગણી વધુ રકમ ખર્ચ કરી. પશ્ચિમ બંગાળથી રાજ્યસભાના સભ્ય અને તૃણમૂલ કોંગ્રેસના નેતા સાકેત ગોખલેએ જી૨૦ સમિટ પર કરાયેલા ખર્ચ અંગે સવાલો ઊઠાવ્યા હતા. ગોખલેએ એક ટ્વિટ કરતાં જી૨૦ માટે જર્મનીની વેબસાઈટની તસવીર શેર કરી હતી. તેમાં ૨૦૧૭માં જર્મની દ્વારા ખર્ચવામાં આવેલી રકમનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ વેબસાઈટ અનુસાર તમને જણાશે કે તે સમયે જર્મનીએ જી૨૦ સમિટના આયોજન પાછળ ૬૪૧.૩ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો હતો. આ રકમ ભારતની મોદી સરકાર દ્વારા ખર્ચવામાં આવેલી રકમ કરતાં લગભગ સાત ગણી ઓછી છે. જોકે સરકારે અત્યાર સુધી જી૨૦ સમિટ પાછળ કેટલો ખર્ચ કરાયો તે અંગે કોઈ વિગતવાર સત્તાવાર માહિતી જાહેર કરી નથી. રેકોર્ડ્સ અનુસાર આ ખર્ચને સામાન્ય રીતે ૧૨ કેટેગરીમાં વહેંચાયા હતા. ૨૦૨૩-૨૪ના બજેટમાં જી૨૦ સંમેલનના નેતૃત્વ માટે ૯૯૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ હતી. જોકે એ પ્રમાણે પણ જોવામાં આવે તો જે ખર્ચ જણાવાયો છે તે લગભગ ચાર ગણો વધુ છે. સરકારે આ આયોજન માટે દિલ્હીના સૌંદર્યકરણ પાછળ ભારે ભરખમ રકમ ખર્ચી નાખી હતી. અગાઉ અન્ય દેશોએ જી૨૦ સમિટની મેજબાની પર કેટલો ખર્ચ કર્યો હતો. ૨૦૨૨માં ઈન્ડોનેશિયાના બાલીમાં જી-૨૦ સમિટ યોજાઈ હતી. આ સમિટનું બજેટ આશરે ૬૭૪ બિલિયન ઈન્ડોનેશિયન રૂપિયા એટલે કે ૩૬૪ કરોડથી વધુ હતું. ૨૦૧૯ની જી૨૦ સમિટ જાપાનમાં યોજાઈ હતી. ટ્વિટર પર 'ધ વર્લ્ડ રેંક્રિંગ' દ્વારા ટ્વિટ કરવામાં આવેલા ડેટા અનુસાર, જાપાનના ઓસાકામાં આયોજિત આ સમિટમાં ૩૨૦ મિલિયન ડૉલર અથવા ૨,૬૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૨૦૧૮ની જી૨૦ સમિટ આર્જેન્ટિનાના બ્યુનસ આયર્સમાં યોજાઈ હતી. અહેવાલ અનુસાર તેનું બજેટ ૧૧.૨ કરોડ ડોલર એટલે કે લગભગ ૯૩૧ કરોડ રૂપિયા હતું. ૨૦૧૭માં જી૨૦ સમિટ જર્મનીમાં યોજાઈ હતી. જર્મનીની સત્તાવાર જી૨૦ વેબસાઈટ અનુસાર, હેમ્બર્ગમાં આયોજિત આ સમિટનો ખર્ચ ૭૨.૨ મિલિયન યુરો એટલે કે ૬૪૨ કરોડ રૂ.ની આજબાજુ હતો. વર્ષ ૨૦૧૬માં ચીનના હાંગઝોઉમાં જી૨૦ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. અહેવાલ અનુસાર, આ સમિટમાં ૨૪ બિલિયન ડૉલરનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ રકમ રૂ. ૧.૯ લાખ કરોડ જેટલી થાય છે.

નવી દિલ્હીમાં જી૨૦નો ડિનર સમારોહ યોજાયો હતો

# ડિનરમાં મમતા બેનર્જીની હાજરીથી કોંગ્રેસ સરકારના પેટમાં તેલ રેડાયું

## ડિનર ફંક્શનમાં સામેલ થવાથી મમતા બેનર્જીની હાજરીથી મોદી સરકાર સામેની સ્થિતિ નબળી પડી જવાનો કોંગ્રેસનો દાવો

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતની રાજધાની દિલ્હીમાં જી-૨૦ સમિટનું આયોજન થયું હતું. આ બે દિવસીય સમિટ ૯ અને ૧૦ સેપ્ટેમ્બરના આયોજિત થઈ હતી. બે દિવસ સુધી ચાલી આ જી-૨૦ સમિટનું ગઈકાલે વિશ્વમાં શાંતિની કામના સાથે સમાપન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જી-૨૦ સમિટના અવસર પર ડિનર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ ડિનર સેરેમનીમાં વિદેશી મહેમાનોની સાથે દેશના તમામ



મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓને ડિનરનું આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. આ ડિનરમાં બિહારના સીએમ નીતિશ કુમાર, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સહિત ઘણા વિપક્ષી નેતાઓએ હાજરી આપી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને ડિનર સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું, જેના કારણે કોંગ્રેસ શાસિત રાજ્યોના ઘણા મુખ્યમંત્રીઓએ ડિનરમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો હતો. દરમિયાન કોંગ્રેસે હવે મમતા બેનર્જીના ડિનર સમારોહમાં હાજરી આપવા પર સવાલો ઉઠાવ્યા છે. ગઈકાલે કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ મમતા બેનર્જીના ડિનર ફંક્શનમાં હાજરી આપવા પર સવાલ ઉઠાવ્યા હતા.

સુદાનમાં ગૃહયુધ્ધની સ્થિતિ દિવસેને દિવસે ખરાબ

# સુદાનના પાટનગર ખાર્તુમમાં ફરી હવાઈ હુમલામાં ૪૦નાં મોત

## આ હુમલામાં ૩૬થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત, ડ્રોન હુમલા પાછળ કયો પક્ષ છે તે હજુ સ્પષ્ટ નથી

। ખાર્તુમ, તા.૧૧ ।

સુદાનમાં ગૃહયુધ્ધની સ્થિતિ દિવસેને દિવસે ખરાબથી અતિ ખરાબ થઈ રહી છે. દેશ પર કબજો મેળવા માટે સેના અને અર્ધલશ્કરી દળો સતત સંઘર્ષ ચાલી રહ્યો છે. સુદાનમાં આવી સ્થિતિના કારણે સામાન્ય લોકો ગૃહયુદ્ધની આગમાં સળગી રહ્યા છે. આ વચ્ચે તેમની રાજધાની ખાર્તુમથી એક ભયાનક ખબર સામે આવી રહી છે. ગઈકાલે ખાર્તુમમાં એક ડ્રોન હુમલા થયો હતો જેને સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો. એક



અહેવાલ પ્રમાણે ખાર્તુમની એક બજાર પર થયેલા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૪૦ લોકોના મોત થયા હતા. સાથે જ આ હુમલામાં ૩૬થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે બશીર યુનિવર્સિટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર આ ડ્રોન હુમલા પાછળ કયો પક્ષ છે તે હજુ સ્પષ્ટ નથી. પરંતુ આ હવાઈ હુમલા બાદ વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. સુદાનમાં ૫ એપ્રિલથી શરૂ થયેલા ગૃહયુદ્ધ બાદ નાગરિકોના મોતનો આ સૌથી મોટો આંકડો છે. રિપોર્ટ અનુસાર, આ ઘટના બાદ આરએસએફએ નિવેદનમાં સુદાનની સેના પર હુમલાનો આરોપ લગાવ્યો હતો. જો કે, હજુ સુધી આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી. ઉપરાંત સુદાનની સેનાએ આ હુમલાની જવાબદારીનો લેવાનો ઈનકાર કર્યો હતો.

## તંત્રી લેખ...

### ભારતીય બજારમાં પણ હાજર છે તમામ જીવલેણ કફ સિરપ

વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતની મેઈડન નામની ફામ-ર્સ્યુટિકલ કંપનીને બનાવેલા ચાર કફ સિરપ વિશે એલર્ટ જાહેર કર્યુ છે કેમ કે, ગામ્બિયા નામના આફ્રિકન દેશમાં આ કફ સિરપ પીવાથી બાળકોને કિડનીના ગંભીર રોગ થયાને ૬૬ બાળકો તો મરી ગયા. ડબલ્યુએચઓએ આ કફ સિરપ અંગે ઉપરાછાપરી ફરિયાદો આવી પછી તપાસ કરી તો ખબર પડી કે, આ કફ સિરપ સલામત નથી અને ખાસ કરીને બાળકોમાં એના ઉપયોગથી ગંભીર સમસ્યાઓ થવાનું જોખમ તો છે જ પણ મૃત્યુનું જોખમ પણ છે. આ કફ સિરપ પિવાથી ગામ્બિયામાં ૬૬ બાળકોના કિડનીની સમસ્યાને કારણે મૃત્યુ થયાં છે. આ સિરપ અંગે ગામ્બિયામાં મોતના અહેવાલ હોવાથી ડબ્લ્યુએચઓએ પોતાના રિપોર્ટમાં ગામ્બિયાનો ઉલ્લેખ કર્યો પણ દુનિયાના બીજા દેશોમાં પણ તેના કારણે મોત થયાં હોઈ શકે ને ભારતમાં પણ મોત થયા હોય શકે, એવી ચેતવણી ડબલ્યુએચઓએ આપી છે. આ ચેતવણીને ગંભીરતાથી લેવી જોઈએ કેમ કે, કફ સિરપને લોકો બહુ ગંભીરતાથી નથી લેતા, ગમે તે કંપનીના પી નાખે છે. ડબ્લ્યુએચઓના રિપોર્ટમાં ડાઈઈથીલીન ગ્યાયકોલ અને ઈથીલીન ગ્લાયકોલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેના કારણે ગંભીર સમસ્યાઓ સર્જાય છે એવુ ડબ્લ્યુએચઓનો દાવો છે. આ બન્ને કાર્બન ઘટકો છે. સુગંધ અને રંગ વિનાના બન્ને ઘટકોનો સ્વાદ મીઠો હોય છે. બાળકોના સિરપમાં એટલા માટે ઉમેરવામાં આવે છે. જેથી તેઓ સરળતાથી પી શકે. કેમ કે, દવાઓમાં આ ઘટકોનો મહત્તમ ૦.૧૪ મિલીગ્રામ પ્રતિ કિલો સુધી મિશ્રણ કરી શકાય છે પણ ૧ ગ્રામ પ્રતિ કિલો કે વધુ પ્રમાણસમાં મિશ્રિત થાય છે તો મૃત્યુનું કારણ બની શકે છે. આ દવાની અસર તરીકે પ્રથમ બે દિવસમાં ઉલટી, ઝાડા, પેટમાં દુખાવો થવા લાગે છે. ત્રીજા-ચોથા દિવસે કિડની ફેલ્યર થાય છે. પેશાબ કરવામાં મુશ્કેલી પડે છે, બ્લડપ્રેશર વધે છે. હૃદયના ધબકારા પણ અનિયમિત થઈ જાય છે. પાંચમાંથી દસમાં દિવસ સુધી પેરાલિસિસ થઈ શકે છે. વ્યક્તિ ડીપ કોમામાં જઈ શકે છે અને મૃત્યુ પણ થઈ શખે છે. દર્દીની સ્થિતિ ગંભીર થઈ જાય પછી બચાવી લેવાય તો પણ કિડનીની સમસ્યા રહે છે. આ બધી વાતો ડબ્લ્યુએચઓના રિપોર્ટમાં કહેવાયેલી છે. ડબ્લ્યુએચઓના રિપોર્ટમાં કહેવાયેલી વાતો સાઉથીની કોઈ ફિલ્મની સ્ટોરી જેવા લાગે છે પણ વાસ્તવમાં સત્ય છે. આ કફ સી-રપ બનાવનારી કંપની હરિયાણાની મેઈજનન ફાર્માસ્યુટિકલ લિમિટેડ છે. જાણીને આઘાત લાગશે કે આ કંપની છેક ૨૨ નવેમ્બર ૧૯૯૦ના રોજ રજિસ્ટર થઈ હતી અને ચાર ડિરેક્ટરવાળી આ કંપનીની દવાઓ હાલ ભારત દેશમાં પણ વહેંચાય છે જેની નોંધ લઈને આ અને આવી તમામ કંપનીઓની દવાઓ ઉપર પ્રતિબંધ મુકવુ ખુબજ જરૂરી છે.

### પૂછ્યા વગર દવાઓ ખાનાર થઈ જાવ સાવધાન

વર્તમાનમાં નશીલી દવાનો પણ ઉપયોગ વધતો હોય તવું પણ જણાઈ રહ્યું છે જે બાબતે પણ કેન્દ્રીય નાર્કોટિક્સ વિભાગે દરોડા પાડી દવા જપ્ત કરી રહ્યું છે. ગુજરાતની ૩૫ જેટલી કંપનીઓની દવાઓને રાજ્ય બહારના સીડીએસસીઓએ નક્કી માપદંડોમાં અયોગ્ય ઠેરવી છે. તેમાંથી કેટલીક કંપનીઓ એવી છે, જેમની દવાઓની એક નહીં પણ બેથી વધુ બેચ માપદંડમાં અયોગ્ય ઠરી છે. આમ છતાં, આ કંપનીઓ સામે હજુ સુધી કોઈ કાર્યવાહી નથી થઈ. હાલમાં જ ગુજરાત હાઈકોર્ટમાં એક પીઆઈએલ થકી ગુજરાત સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કરાયો હતો. તેમાં કોર્ટ તરફથી પણ અનેક કંપનીઓને નોટિસ મોકલીને પીઆઈએલનો જવાબ માંગવામાં આવ્યો હતો. આજે એક વિચિત્ર બાબત સામે આવી છે. જો તમે ડોક્ટરની સૂચના વગર દવા લઈ રહ્યા છો તો સાવધાન થઈ જવાની તમારે જરૂરીયાત છે. અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજ દ્વારા એક રિસર્ચ કરાયું છે. આ રિસર્ચમાં ચોંકાવનારા ખુલાસાઓ થયા છે. રિસર્ચ મુજબ દર્દીઓ સેલ્ફ ડોક્ટર બની રહ્યા હોવાથી દવાની આડઅસરના બનાવો સામે આવી રહ્યા છે. આ મુદ્દે બી. જે. મેડિકલ કોલેજ દ્વારા ૨૦૧૧ થી અત્યાર સુધી રિસર્ચ કરાયું આવ્યું છે. જેમાં જાણવા મળ્યું છે કે, મોટાભાગની આડઅસર દવાની પ્રકૃતિને કારણે થાય છે. જેમાં કેટલાક દર્દીઓ ડોક્ટરની સૂચના વગર જ મેડિકલ સ્ટોરમાંથી દવા લેતા હોવાનું અનેક વખત સામે આવતું હોય છે. જેના લીધે તેની આડઅસર થતી હોય છે. જેમાં પગનો દુઃખાવો, તાવની દવા, પેટનો દુઃખાવો, એસીડીટી જેવી સામાન્ય દવા માટે લોકોને વધુ આડઅસર જોવા મળે છે. જેમાં લોકો ડોક્ટર તરફથી લખી આપવામાં આવેલો દવાનો કોર્સ પૂરો કરતા નથી. જેના લીધે પણ આડ અસર થતી હોય છે. આ મુદ્દે બી. જે. મેડિકલ કોલેજના પ્રોફેસર હેડ ડોકટર ચેતનાબેન દેસાઈ દ્વારા કહેવામાં આવ્યું છે કે, દવાની પ્રકૃતિના કારણે આડ અસર થાય છે. રિચર્સમાં એવું પણ સામે આવ્યું છે કે, સેલ્ફ ડોકટર બનવાના કારણે પણ દવાની આડ અસર થતી હોય છે. કોઈ પણ દવા જાતે લેવી જોઈએ નહીં. ડોક્ટરની સલાહ બાદ જ દવા લેવી જોઈએ. કોઈ પણ દવાની આડ અસર થાય તો તાત્કાલિક ડોક્ટરને બતાવવું જરૂરી છે. ક્યારેક અમુક દવા પર વધારે અભ્યાસ કરવા જેવું લાગે તો અમે દર્દીઓ પાસે જઈને એનાલિસિસ પણ કરીએ છીએ. નવી એન્ટી બાયોટિક દવાની અનેક આડ અસર હોય છે. આ મુદ્દે વારંવાર પરિણામ આવતા હોય છે, જેને સંશોધન પત્ર તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે. જ્યારે બી. જે. મેડિકલ દ્વારા કરવામાં આવેલા રિસર્ચમાં ૯,૩૦૦ લોકોનો સર્વે કરાયો હતો. કોઈ પણ આડઅસર થાય તો તેને જાણવામાં ખૂબ જ વાર લાગી જાય છે. આડઅસર થાય તો તાત્કાલિક જ ડોક્ટર પાસે જઈ દવા લેવી જરૂરી છે. તેમ છતાં જો કોઈને દવાની આડઅસર થઈ હોય તો બી. જે. મેડિકલ કૉલેજ દ્વારા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૩૦૨૪ જાહેર કરાયો છે. જે તે દર્દીએ આ નંબર પર કોલ કરીને માહિતી આપવી પડશે. જેમાં કહેવાનું રહેશે કે, કઈ દવા લીધા બાદ કેવા પ્રકારની આડઅસર થયેલ છે. તેની સાથે જ લોકોને સલાહ આપવામાં આવી છે કે, સામાન્ય હોય તેવી બીમારીમા પણ સેલ્ફ ડોક્ટર બનવું જોઈએ નહીં. ગુજરાત ફાર્માસ્યુટિકલનું હબ ગણાય છે. પરંતુ એવા સમાચાર આવ્યા છે કે, ફાર્માસ્યુટિકલનો પાયો હચમચી જાય. ગુજરાતની ૩૫ ફાર્મા કંપનીની ૪૨ મેડિસિનના નમૂના ફેલ નીકળ્યા છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટમાં આ ખુલાસો થયો છે કે, ગુજરાતની ૩૫ ફાર્મા કંપનીની ૪૨ દવા ગુણવત્તામાં ખરી ઉતરી નથી. એક તરફ ગુજરાત જ્યારે ફાર્મા હબ બનવા તરફ જઈ રહ્યું છે ત્યારે આ ખબર ચોંકાવનારા છે. ગુજરાતની આ કંપનીઓના નમૂના ફેલ ગયા હોવા છતાં તેના પર હજી સુધી કોઈ એક્શન લેવાયુ નથી.

# આ મંદિરમાં નરસિંહને રાધા ક્રિષ્નાના મહારાસના દર્શન થયા હતાં, અને એને કારણે આ મંદિરનું નામ ગોપીનાથ પડ્યું હશે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

ભોળાનાથ મહાદેવ શંભુનો મહિનો એટલે કે શ્રાવણ માસ આવતાં જ સૌ ભક્તોની શિવાલયમાં ભીડ જોવા મળે છે, અને વિવિધ દર્શન તથા દિપમાળાના દર્શન કરવા લોકો ઉમટી પડે છે. આમ તો આખું વર્ષ શિવની આરાધના થાય છે, એમાં કોઈ પણ પ્રકારનો બાદ નથી. પરંતુ શ્રાવણ અને શંકર બંને એકબીજાના પૂરક હોવાથી, શ્રાવણમાં પૂજન-અર્ચનનુ વિશેષ મહત્વ હોય છે. ભોળાનાથ મહાદેવ પોતે સંસારી હોવાથી તેની સાથે આમ પણ સંસારી ભક્તોનો બહુ ગાઢ સંબંધ છે. ભારતમાં સૌથી વધુ માત્રામાં મંદિરો ધરાવતા દેવ તરીકે મહાદેવના શિવાલય અને હનુમાનજીના મંદિરો આવે. શ્રાવણિયા સોમવારે તો વિવિધ દર્શનનો પણ હોય છે, શિવલિંગનાં શણગાર અને ઘીના કમળથી મંદિરને સુશોભિત કરવામાં આવે છે. જુદા જુદા ફૂલોથી શિવલિંગ પાસે રંગોળી પણ રચવામાં આવે છે. કોઈ જગ્યાએ ફૂલથી ઓમ નમઃ શિવાય લખાય છે, તો કોઈ જગ્યાએ ત્રિશૂલ, ડમરૂ, અને સર્પ,અને મૃગચર્મના આકારો બનાવવામાં આવે છે. આમ શિવાલયની શોભા શ્રાવણે અનેરી હોય છે, અને આમ વિરક્ત ભાવના શિવ શંકરને સંસારી પોતાની જેવા સમજી રીઝવવા પ્રયત્ન કરે છે. પણ હમણાં જ એક ગૃપમાં શંકર વિશે લખવાનું હતું તો મેહુલભાઈ એ લખ્યું હતું કે શંકરે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો પછી એને એની પ્રિયાને પ્રેમ કરવામાં કે એને આનંદિત રાખવામાં માટે જે કરવું પડે એ તેણે કર્યુ એમાં એને કોઈ છોછ નથી એટલે કે એ સહજ છે! બિલકુલ આપણી જેવા જ અને કદાચ એટલે જ આપણને એ સૌથી પ્રિય છે. શિવ શંકરની વાત તો અનેરી છે પણ આપણે તો એનો ઉપયોગ કરવામાં પણ પાછાં પડીએ એમ નથી. તો આજે આપણે આવા અનન્ય ગુણો ધરાવતા ભગવાન શંકરના ગોપનાથનાં અતિ પ્રાચીન એવા ગોપીનાથ શિવાલય વિશે વાત કરીશું. ભાવનગર જિલ્લામાં તળાજા તાલુકાની પાસે ૨૨ કિ.મીના અંતરે દરિયાકાંઠે ગોપનાથ મહાદેવનું મંદિર આવેલું છે, કહેવાય છે કે આ મંદિર આજથી સાડા પાંચસો વર્ષ પહેલાં બન્યું હતું. ગોપનાથ મહાદેવનું મૂળ નામ આમ તો ગોપીનાથ મહાદેવ છે, અને આ મહાદેવ ના મંદિર સાથે ઘણી દંત કથા જોડાયેલી છે. કોઈ સ્પષ્ટ ઈતિહાસ તેમાં જોવા મળતો નથી.

આ મંદિરમાં નરસિંહ મહેતાની મૂર્તિ પણ છે અને કહેવાય છે કે નરસિંહ મહેતા એ ગૃહ ત્યાગ કર્યો ત્યારે, તેઓ તળાજાથી પગપાળા આ મંદિરે આવ્યા હતાં, અને સાત દિવસ સુધી તેમણે ઈષ્ટ દેવ હાટકેશ્વર હોવાથી અહીં શંકર ભગવાનની કઠોર તપશ્ચર્યા કરી હતી. એને પરિણામે ભગવાન શંકર પ્રસન્ન થયા હતાં, અને તેમને રાધા કૃષ્ણના રાસ લીલા નાં દર્શન કરાવ્યા હતાં, અને આ મંદિરમાં એટલે જ રાધા કૃષ્ણની મૂર્તિ પણ છે, અને એને કારણે આ મંદિરનું નામ ગોપીનાથ પડ્યું હશે. નરસિંહ મહેતાએ ભક્તિ વૈરાગ્યના ઘણા પદ અને કવિતાની પણ આ સ્થાને રચના કરી હતી. ઈશ્વર સાક્ષાત્કારનો અને કૃષ્ણની રાસલીલા ના તેના જીવનના મહત્વના પ્રસંગો આ ભૂમિ પર પુરા થયા હતા અને તેથી આજે પણ એ ભૂમિમાં અદભુત શાંતિ મળે છે. મૂળ આ મંદિર એનાથી પણ પુરાણું હોવાના અવશેષો પણ મળે છે, એટલે કે પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન ગોપનાથ ગામમાં આ શિવલિંગની સ્થાપના કરી હતી, એવી પણ એક લોકવાયકા મળે છે.

તો બીજી એક લોકવાયકા મુજબ ગોપનાથ ગામની ગાયોનું ધણ ચરવા જાય અને પાછી આવે ત્યારે દૂધ વગરની થઈ જતી, એક દિવસ ગૌપાલકોએ આ ગાય નો પીછો કર્યો અને બધી જગ્યાએ એક ટેકરા ઉપર ઉભી રહી, અને પોતાના આંચળમાંથી જાણે આ ટેકરા પર અભિષેક કરતી હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું, અને તે ટેકરા માંથી ગોપનાથનું આ શિવલિંગ બહાર આવ્યું,એ પૂરાતન સંસ્કૃતિ ક્યારેક અહીં હશે એવું સિદ્ધ કરે છે.

પરંતુ મુખ્ય આધાર તરીકે ગોપનાથ મહાદેવની સ્થાપના પાછળની દંતકથા છે કે, ઈ.સ. સોળમા સૈકામાં રાજપીપળાના ગોહિલ રાજા ગોપલસિંહજીએ આ મહાદેવની સ્થાપના કરી હતી.અહીં ઊંચાં ઊંચાં તાડનાં વૃક્ષો હતાં. એમ પણ કહેવાય છે કે બારમી સદીમાં અહીં મોટું બંદર હોવાને કારણે વહાણવટું પણ થતું હતું. ગોપનાથ મહાદેવમાં શિવલિંગની સાથે સાથે રાધા કૃષ્ણ મંદિર, ગાયત્રી માતા, મહાકાળી માતા તથા નૃસિંહ ભગવાનનાં મંદિરો પણ આવેલાં છે. શ્રાવણ માસ દરમિયાન અહીં આવતા ભક્તજનો માટે પ્રસાદ તથા ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.


શ્રાવણ મહિનાના છેલ્લા ત્રણ-ચાર દિવસ દરમિયાન અહીં મોટા મેળાનું આયોજન થાય છે, જ્યાં દૂર દૂરથી ભક્તજનો આવે છે. ગોપનાથ મહાદેવના મંદિર પર હંમેશાં સફેદ ધજા ફરકતી હોવાથી ગોપનાથ મહાદેવને સ્થાનિક લોકો 'ધોળી ધજાના દેવ' તરીકે પણ ઓળખે છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં યુદ્ધ જીત્યા પછી યુધિષ્ઠિરના મનમાં સગા વાલા ની હત્યા નો ભાર રહેતો હતો આથી તેમણે પોતાનું આ કલંક ધોવા માટે કૃષ્ણ પાસે યાચના કરી અને ભગવાન શ્રી કૃષ્ણે તેને કહ્યું કે સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલું નિષ્કલંક મહાદેવ ના દર્શન કરી અને ત્યાં ઉપચાર વિધિથી પૂજન કરવામાં આવે તો આ કલંક દુર થશે પાંડવો પોતાનું કલંક દુર થયું કે નહીં એ જાણવા માટે શ્રીકૃષ્ણએ તેને કાળી ધજા આપી હતી,અને કહ્યું હતું કે આ ધજા ધોળી થાય એટલે સમજવું કે કલંક ધોવાયું ગયું છે, એટલે શક્ય છે કે નિષ્કલંક માં કલંક ધોવાયા પછી પાછા ફરતી વખતે ગોપનાથમાં શિવલિંગ નું સ્થાપન કરી ધોળી ધજા ફરકાવી હોય.

ગોપનાથ પ્રવાસીઓનું તો પસંદગીનું સ્થળ છે જ, પરંતુ આધ્યાત્મિક વૃત્તિ ધરાવતા લોકો માટે તથા શિવ ભક્તો માટે ગોપનાથ ભક્તિ અર્ધ્ય અર્પણ કરવાનું પહેલું ઠેકાણું છે. વળી, અહીં શિલ્પ સ્થાપત્યથી માંડીને સાંસ્કૃતિક અવશેષોનો ખજાનો પણ જોવા મળે છે.

ગોપનાથ પોતાના ઐતિહાસિક મંદિર ઉપરાંત સમુદ્રના બીચ માટે પણ ખૂબ જ જાણીતું છે. અહીંનો બીચ ખૂબ જ રમણીય છે, અને અહીં થી ૧૦ કિલોમીટરના અંતરે ઝાંઝમેર, મધુવન, મેથળા નાં સુંદર બીચ આવેલા છે. ભાવનગર થી ગોપનાથ જવા માટે થઈને સરળતાથી સાધનો પણ ઉપલબ્ધ થાય છે. સ્થળ ગમે તે હોય પણ ઈશ્વર તો કણકણમાં બિરાજમાન છે, એવું પણ ઘણા કહેશે. પરંતુ સ્થળ રમણીય હોય તો ઈશ્વરત્વનો અનુભવ ઝડપથી થાય છે, એ હિસાબે આપણે તીર્થસ્થાનોમાં દર્શન કરવા નું પસંદ કરતા હોઈએ છીએ. તો આ શ્રાવણે આપણે આ રીતે અનન્ય ઈતિહાસ ધરાવતા શિવાલયો નો મહિમા જાણી અને શ્રાવણની ઉજવણી કરીશું. બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર ભોલે, હર હર ભોલે, હર હર ભોલે.


## શ્રાવણ માસમાં શિવ મહિમા- ૨૬

# આજે શ્રાવણ વદ બારસના દિવસે નાગેશ્વર અને ઘુશ્મેશ્વર મહાદેવ જયોર્તિ લિંગનો મહિમા જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





શ્રાવણ માસ લગભગ પુરો થવા આવ્યો છે ગુજરાત રાજસ્થાનના કેટલાક વિસ્તારમાં મેઘરાજાની ગેરહાજરીથી ખેડૂતો ચોમાસું વાવેતર કરી શકયા નથી. મેઘરાજા ના આ વર્ષે રિસામણાને કારણે પશુપાલકો ગૌશાળા પાંજરાપોળ સંચાલકોમાં ઘાસચારાની વિકટ પરિસ્થિતિ ઊભી થવાનો ભય છે. દેવોના દેવ સદા શિવ ભોળાનાથ રહેમ દ્રષ્ટિ કરો. એક બાજુ કાળ ઝાળ મોંઘવારી અને બીજી બાજુ પરિવારની સારસંભાળ ભરણ પોષણની જવાબદારીથી માનવ જીવ વિહવળ બન્યો છે.હવામાન ખાતાની આગાહીઓ અને આકાશમાં ઘુમરાતા વાદળો કયાં વરસી જતાં હશે ? બધાની ધીરજ ખૂટી છે.. ત્યારે સદા શિવ મહાદેવ હવે કૃપા કરો. આ પ્રાર્થના સહ આજે શ્રાવણ વદ બારસના દિવસે શ્રાવણ માસમાં શિવ મહિમા-૨૬ માં નાગેશ્વર અને ઘુશ્મેશ્વર મહાદેવ જયોર્તિલિંગ નો મહિમા જાણીએ. ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયા કિનારા પર દ્વારકા શહેર અને બેટ દ્વારકા ટાપુ વચ્ચેના માર્ગ પર સ્થિત આ મહત્વ પૂર્ણ ભગવાન શિવ મંદિર છે. તે ભૂગર્ભ અભયા રણ્યમાં, વિશ્વમાં ૧૨ જયોતિર્લિંગમાંનું એક છે, એક બેઠક ભગવાન શિવની ૨૫ મીટર લાંબી મૂર્તિ અને તળાવ વાળા એક વિશાળ બગીચો આ જગ્યાએ શત સ્થાનનું મુખ્ય આકર્ષણ છે. કેટલાક પુરાતત્વીય ખોદકામ સ્થળે પાંચ પહેલાના શહેરોનો દાવો કરે છે.નાગેશ્વરને 'દારુકાવન તરીકે ઓળખવામાં આવતું હોવાનું માનવામાં આવે છે, જે ભારતમાં જંગલનું પ્રાચીન મહા કાવ્ય નામ છે.નીચે આ રહસ્યમય મંદિર સાથે જોડાયેલ જાણીતી દંતકથા છે.

જે અનુસાર બાલખિ લિયસા, વામન સંતોના એક જૂથ લાંબા સમયથી દારુકાવનમાં ભગવાન શિવની ઉપાસના કરે છે, તેમની ભક્તિ અને ધૈર્યની ચકાસણી કરવા માટે, શિવ તેમના શરીર પર નાગ(સર્પન્ટ)પહેર્યા નાગ સંવેદના તરીકે આવ્યાં હતાં. સંતો ની પત્નીઓએ સંતને આકર્ષિત કર્યા અને તેમના પતિ ને પાછળ છોડીને તેમની પાછળ ગયાં. સંતો એ આથી ખૂબ જ અસ્વસ્થ અને ગુસ્સે થઈ ગયા. તેઓએ ધીરજ ગુમાવી અને તેમના લિંગને છૂટા કરવા માટે શુક્રાણુને શ્રાપ આપ્યો . શિવલિંગ પૃથ્વી પર પડી ગયો અને આખું જગત ભભુકી ગયું. ભગવાન બ્રહ્મા અને ભગવાન વિષ્ણુ ભગવાન શિવ પાસે આવ્યાં તેમને પૃથ્વીને વિનાશમાંથી બચાવ વા અને તેમની લિંગ પાછી લેવા વિનંતી કરી.શિવાએ તેમનેદિલાસો આપ્યો અને તેમની લિંગ પાછી લીધી. ભગવાન ભોળાનાથ સદા શિવે શિવાની ઈચ્છા પ્રમાણે દ્વારુકા વનમાં તેમની દૈવી હાજરી હંમેશ માટે જયોતિર્લિંગ તરીકે રહીશ, જે મનુષ્ય મારૂં શ્રધ્ધાથી પૂજન કરશે તે ચક્રવર્તી બનશે. કળીયુગના અંતે અને સત્યયુગના આરંભે મહાસેનનો પુત્ર મારોભક્ત વીરસેન મારા દર્શન થકી ચક્રવર્તી થશે તેવું વચન આપ્યું, પછી શિવ પાર્વતી બંને ત્યાં રહયા. તેઓ બંને જયોર્તિ લિંગ સ્વરૂપે થયાં. શિવ નાગેશ્વર અને શિવ નાગેશ્વરી નામે પ્રસિદ્ધિ પામ્યાં અને લોકોની કામના પૂર્ણ કરવા લાગ્યા.

હિંદુ સંસ્કૃતિમાં, વિવિધ સ્થળોએ ઘણાં મંદિરો છે અને દરેક મંદિર પાછળ કેટલીક વાર્તાઓ છે. એવું પણ માનવામાં આવે છે કે ઘણા વર્ષો પહેલા તેઓ વિશ્વમાં રહેતા હતા. ૐ અને કેટલીક વિચિત્ર વસ્તુઓ બની હતી. કેટલાકના વૈજ્ઞાનિક કારણો પણ છે અને કેટલાક હજુ પણ એક મોટો પ્રશ્ન છે જે આજના વિજ્ઞાન દ્વારા પણ જાહેર કરી શકાયું નથી.ઘૃષ્ણેશ્વર મહાદેવનું મંદિર મહારાષ્ટ્રમાં ઔરંગાબાદ નજીક દૌલતાબાદથી ૧૧ કિમી દૂર આવેલું છે. તે બાર જયોતિર્લિંગોમાંનુ એક છે. કેટલાક લોકો તેને ઘુશ્મેશ્વરના નામથી પણ બોલાવે છે. બૌદ્ધ ભિક્ષુઓએ બનાવેલી પ્રખ્યાત ઈલોરા ગુફાઓ આ મંદિરની નજીક આવેલી છે. આ મંદિરનું નિર્માણ દેવી અહિલ્યા બાઈ હોલકરે કરાવ્યું હતું. શહેરથી દૂર આવેલું આ મંદિર સાદગીથી ભરેલું છે. બાર જયોતિ લિંગોમાંનુ એક જયોતિ લિંગ છે. તેને ઘૃષ્ણેશ્વર, ઘુસુમેશ્વર અથવા ઘૃષ્ણેશ્વર પણ કહેવામાં આવે છે. તે મહારાષ્ટ્ર રાજયના દૌલતાબાદ થી બાર માઈલ,વેરુલગાંવ નજીક આવેલું છે.આ જયોતિર્લિંગ વિશે પુરાણો માં આ વાર્તા વર્ણવવામાં આવી છે. દક્ષિણ દેશમાં દેવગિરી પર્વત પાસે સુધર્મ નામનો એક ખૂબ જ તેજસ્વી તપોનિષ્ઠ બ્રાહ્મણ રહેતો હતો. તેમની પત્નીનું નામ સ્નેહા હતું, બંનેને એકબીજા માટે ઘણો પ્રેમ હતો. તેને કોઈ પણ પ્રકારની જયોતિ ષીય ગણતરીઓ પરથી જાણવા મળ્યું કે સુદેહાના ગર્ભ માંથી કોઈ બાળકનો જન્મ થઈ શકતો નથી.- સુદેહાને સંતાનની ખૂબ ઈચ્છા હતી.તેણે સુધર્મને તેની નાની બહેન સાથે ફરીથી લગ્ન કરવા વિનંતી કરી. પહેલા સુધર્મને આ ગમ્યું નહી. પરંતુ અંતે તેને પત્નીના આગ્રહ સામે ઝુકવું પડ્યું. તેઓ તેમની વિનંતીને ટાળી શક્યા નહીં, તેણે તેની પત્નીની નાની બહેન ઘ્રુષ્ના સાથે લગ્ન કર્યા અને તેને ઘરે લાવ્યો. ઘુશ્મા ખૂબ જ નમ્ર અને સદાચારી સ્ત્રી હતી. તે ભગવાન શિવના વિશિષ્ટ ભક્ત હતા. તે દરરોજ એકસો એક પાર્થિવ શિવલિંગ બનાવતી અને સાચા હૃદયથી તેની પૂજા કરતી. થોડા દિવસો પછી, ભગવાન શિવ ની કૃપાથી. તેમના ગર્ભમાંથી એક ખૂબ જ સુંદર અને સ્વસ્થ બાળક નો જન્મ થયો. બાળકના જન્મ સાથે સુદેહા અને ઘુષ્મા બંને ને આનંદનો પાર ન રહ્યો.બંને દિવસો સુખમય પસાર થઈ રહ્યા હતા. પણ મને ખબર નથી કે થોડા દિવસો પછી સુદેહાના મનમાં એક ખરાબ વિચાર કેવી રીતે જન્મ્યો. તે વિચારવા લાગી, આ ઘરમાં મારું કંઈ નથી. બધું ઘુશ્માનું છે. અત્યાર સુધીમાં સુદેહાના મનના અશુભ અંકુર એક વિશાળ વૃક્ષનું રૂપ ધારણ કરી ચૂક્યા હતા. તેણે મારા પતિનો પણ કબજો લઈ લીધો. બાળક પણ તેનું છે. ધીમે ધીમે આ દુષ્ટ વિચાર તેના મનમાં વધવા લાગ્યો.અહીં ઘુશ્મા નો તે ક્યારેય મોટો થઈ રહ્યો હતો. ધીરે ધીરે તે યુવાન થયો, તેણે લગ્ન પણ કરી લીધા.આખરે એક દિવસ સુદેહાએ ઘુષ્માના યુવાન પુત્રને રાત્રે સૂતી વખતે મારી નાખ્યો. તેમના મૃતદેહને લઈને, તેણે તે જ ફેંકી દરરોજ પૃથ્વીના શિવલિંગનું વિસર્જન કરતી હતી.

સવારે બધાને આ વાત ની ખબર પડી.આખા ઘરમાં અંધા ધુંધી હતી.સુધર્મા અને તેની પુત્ર વધુ બંને માથું મારતા,રડવા લાગ્યા પરંતુ ઘુશ્મા હંમેશની જેમ ભગવાન શિવની પૂજામાં મગ્ન હતા. જાણે કશું જ ન થયું હોય. પૂજા પૂર્ણ કર્યા પછી, તે તળાવમાં પાર્થિવ શિવલિંગ છોડવા ગઈ.જયારે તે તળાવમાંથી પરત આવવા લાગી ત્યારે તેનો પ્રિય લાલ તળાવમાંથી બહાર આવતો જોવા મળ્યો હતો. તે હંમેશની જેમ આવ્યો અને ઘુશ્માના પગે પડ્યો.

જાણે નજીકમાં ક્યાંકથી આવી રહી હોય. તે જ સમયે ભગવાન શિવ પણ ત્યાં પ્રગટ થયા અને ઘુષ્માને વરદાન માંગવા લાગ્યા. સુદેહાના જઘન્ય કૃત્યથી તેને ખૂબ ગુસ્સો આવ્યો. તે પોતાના ત્રિશૂળ વડે તેનું ગળું કાપવા આતુર જણાતો હતો. ઘુષ્કાએ હાથ જોડીને ભગવાન શિવને કહ્યું- 'ભગવાન! જો તમે મારાથી પ્રસન્ન છો, તો મારી કમનસીબ બહેનને માફ કરો. ચોક્કસ તેણે બહુ જ ઘોર પાપ કર્યુ છે પણ તમારી દયા થી મને મારો પુત્ર પાછો મળ્યો છે. હવે તેને અને પ્રભુને માફ કરો તકલીફ ન હતી. પરંતુ તેમને કોઈ સંતાન ન હોતું. મારી બીજી એક પ્રાર્થના છે, લોકોના કલ્યાણ માટે, તમે આ સ્થાન પર કાયમ નિવાસ કરો.' ભગવાન શિવે તેમની આ બંને બાબતોનો સ્વીકાર કર્યો. જયોતિર્લિંગના રૂપમાં પ્રગટ થઈને તેઓ ત્યાં નિવાસ કરવા લાગ્યા. સતી શિવ ભક્ત ઘુશ્માના આરાધ્ય હોવાને કારણે તેઓ અહીં ઘુશ્મેશ્વર મહાદેવ તરીકે પ્રખ્યાત થયા. ઘુશ્મેશ્વર જયોતિ લિંગનો મહિમા પુરાણોમાં ખૂબ જ વિગતવાર વર્ણવવામાં આવ્યો છે. તેમની ફિલસૂફી જગત અને મૃત્યુ પછીના જીવન બંને માટે નિરંતર ફળદાયી છે.


આવતી કાલે રામેશ્વર જયોતિર્લિંગનો મહિમા જાણીશું.સદા શિવ ભગવાન ભોળાનાથ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે.

# વર્કઆઉટ પહેલાં વોર્મઅપ ખૂબ મહત્વનું



જ્યારે પણ વર્કઆઉટ્સની વાત આવે છે, ત્યારે લોકો જીમમાં વર્કઆઉટ કરવાનું પસંદ કરે છે. કારણ કે, જીમમાં તમને આરામદાયક વાતાવરણ મળે છે અને તમને જરૂરી બધી વસ્તુઓ ઉપલબ્ધ છે. શરીરને ફીટ રાખવા માટે જિમ ખૂબ મહત્વનું છે. આ મહત્વને કારણે, તમારે જિમ પસંદ કરતા પહેલા કેટલીક વસ્તુઓની ખૂબ કાળજી લેવી જોઈએ. કારણ કે, જિમ ફક્ત વાતાવરણ અને મશીન દ્વારા નથી બનતું.... ચાલો અમને જણાવીએ કે તમારે જિમ પસંદ કરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. જિમ પ સંદ કરતા પહેલા, તમારે ધ્યાન આપવું જોઈએ કે તમે કેમ જિમ પર જાઓ છો. કેટલાક લોકો મસલ્સ ગ્રોથ કરવા માટે જીમમાં જાય છે અને કેટલાક લોકો વજન ઘટાડવા જીમમાં જાય છે. તો કેટલાક લોકો એવા છે જે પ્રોફેશનલ બોડી બિલ્ડિંગ માટે જીમમાં જવાનું શરૂ કરે છે. ત્રણ લક્ષ્યો સુધી પહોંચવાનો માર્ગ જુદો છે, વિવિધ મશીનોની જરૂર છે. તમે પસંદ કરો છો તે જિમ તમારી જરૂરિયાતો માટે યોગ્ય છે કે નહીં તે તપાસો. લાઈફ કોચ જેફ સ્પાયર્સ કહે છે કે જ્યારે તમને લાગે છે કે તમારે દિવસનો એક આખો કલાક અથવા ૩૦ મિનિટ કસરત કરવા માટે કાઢવો પડશે ત્યારે તમને વર્કઆઉટ કરવું વધુ પડતું લાગશે. પરંતુ દરેક પાસે ૭ મિનિટનો સમય હોય છે. તમારું મગજ પણ સરળતાથી સ્વીકારી લેશે કે આટલો સમય ખરેખર યોગ્ય છે. જ્યારે આપણે ૬૦ મિનિટના વર્કઆઉટ વિશે વિચારીએ છીએ, ત્યારે ઘણી વખત કસરત બોજ જેવી લાગે છે. આપણું મન પણ સ્વીકારે છે કે હવે વધુ ઊર્જા નથી. પરંતુ ૭ મિનિટનું વર્કઆઉટ તમારામાં આવી લાગણીઓ આવવા દેશે નહીં. તમને આ અર્થહીન લાગશે, પરંતુ ઘરથી જીમનું અંતર તમારી નિયમિત જિમ મુલાકાતોને અસર કરી શકે છે. જો જીમ તમારા ઘરથી ઘણું દૂર છે, તો પછી તમે અન્ય પ્રવૃત્તિઓ પછી તેના માટે થોડો સમય ફાળવવામાં આળસ કરશો અને મુસાફરીનો માર્ગ અતિશય ભારે લાગશે.. વર્કઆઉટ પહેલાં વોર્મઅપ ખૂબ મહત્વનું છે. જે માંસપેશીઓની કસરત કરવા માટે તૈયાર કરે છે અને ઈજા થવાના જોખમને ઘટાડે છે. તેથી, તમારે તપાસવું જોઈએ કે જીમમાં કોઈ વોર્મ-અપ ક્ષેત્ર છે કે નહીં.

# શિક્ષકો માટે એકમ કસોટી માથાના દુઃખાવારૂપ



દર મહિને બે વખત વિદ્યાર્થીઓની એકમ કસોટી લેવાનો નિર્ણય વર્તમાન શૈક્ષણિક વર્ષથી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો માટે પણ લાગુ કરવામાં આવ્યો છે.આમ ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધો. ૯થી ૧૨ની એકમ કસોટી લેવાનુ શરુ કરાયુ છે. જોકે એકમ કસોટી શિક્ષકો અને આચાર્યો માટે માથાના દુખાવારુપ બની ગઈ છે.ગ્રાન્ટેડ સ્કૂલોમાં પહેલેથી જ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે ત્યારે એકમ કસોટીના કારણે શિક્ષકો પરનો કાર્યભાર એટલો વધી ગયો છે કે તેની અસર વિદ્યાર્થીઓના શિક્ષણ પર પડી રહી છે.

શહેરના કેટલાક આચાર્યોના કહેવા અનુસાર દર પંદર દિવસે બે વિષયની એકમ કસોટી લેવાની હોય છે. એકમ કસોટી લેવાની હોય તે દિવસે સવારે આઠ થી નવ વચ્ચે જે તે વિષયની પ્રશ્ન બેંક ઓનલાઈન મુકવામાં આવે છે. જેમાંથી શિક્ષકોએ કુલ ૨૫ માર્કના પ્રશ્નો પસંદ કરીને બોર્ડ પર લખવાના હોય છે. વિદ્યાર્થીઓ તેના જવાબ લખી રહે તે બાદ પેપરો તપાસીને વિદ્યાર્થીઓને તેમના વાલીઓની સહી કરાવવા માટે પાછા આપવાના હોય છે. એ પછી શિક્ષકોએ વિદ્યાર્થીઓના માર્કસની જાતે જ શિક્ષણ વિભાગના પોર્ટલ પર ડેટા એન્ટ્રી કરવાની હોય છે. જેમાં પાછા દરેક વિષયના કુલ માર્કસ નહીં પણ પેપરમાં પૂછાયેલા દરેક સવાલના માર્કસ એન્ટર કરવાના હોય છે.આ આખી પ્રક્રિયા ભારે સમય માંગી લે છે અને શિક્ષકો તેના કારણે હેરાન પરેશાન થઈ રહ્યા છે.

આચાર્યોનુ કહેવુ છે કે, આખા વર્ષમાં કુલ ૨૦ એકમ કસોટી લેવાની હોય છે.આ ઉપરાંત સ્કૂલમાં રાબેતા મુજબ લેવાતી ૧૦૦ માર્કસની ત્રણ પરીક્ષાઓ લેવાની અને તેના પેપર તપાસવાની કામગીરી પણ શિક્ષકોએ કરવાની રહે જ છે.

# સ્વસ્થ અને ફિટ રહેવા માટે શું શું નિયમો છે?

આપણા રોજિંદા જીવનના આ વ્યસ્ત જીવનમાં, આપણે આપણા સ્વાસ્થ્ય પર ધ્યાન નહી આપી શકતા જ્યારે સ્વાસ્થ્ય આપણી સૌથી મોટી સંપત્તિ છે અને જો તે સારું ન હોય. સ્વસ્થ રહેવાના નિયમો શું છે પછી આપણે કશું કરી શકતા નથી કારણ કે સારું સ્વાસ્થ્ય **healthy** વગર, આપણું શરીર સારું રહેશે નહીં, તેના બદલે તે રોગોથી પીડિત થશે, વિવિધ પ્રકારના રોગો આપણા શરીરમાં પ્રવેશે છે, જેના કારણે આપણે આપણા કાર્યો કરી શકીશું નહીં, અને આપણે પોતાને પીડા પણ પોહચાડીસુ.અમારુ માનવું છીએ કે સારા સ્વાસ્થ્ય **healthy** માટે આપણે ઘણી પ્રકારની કસરતો, **yoga** અને શુદ્ધ ખોરાક પણ જરૂરી છે. સ્વસ્થ રહેવા માટે આપણે દરરોજ સ્નાન કરવું જોઈએ, રોજ સ્નાન કરવાથી આપણું શરીર સ્વચ્છ રહે છે અને આપણું મન પણ ફ્રેશ રહે છે. દરરોજ સ્નાન કરતાં વખત, આપણે આપણા હાથના નખ કાપવા જોઈએ કારણ કે આપણા નખ ગંદકીથી ભરાઈ જાય છે જેથી આપણા ખોરાક ના સમય પેટ મા આપણા ખોરાક સાથે પસાર થાય છે જેથી આપણા શરીરમાં રોગો બનવાનું શરૂ થાય. સારા સ્વાસ્થ્ય માટે, આપણે દરરોજ સવારે ૫:૦૦ થી ૬:૦૦ ની વચ્ચે ઉઠવું જોઈએ કારણ કે આ સમય બ્રહ્મ મુહૂર્તનો નો હોય છે. આ સમયે આપણને શુદ્ધ હવા મળે છે જે આપણા શરીરને તંદુરસ્ત બનાવે છે અને આપણું મન પણ કીજિર બનાવે છે. આપણા સારા સ્વાસ્થ્ય માટે આપણને સારી ઊંઘ લેવી જરૂરી છે, જો આપણે સારી ઊંઘ ન લઈએ તો આપણું સ્વાસ્થ્ય ખોરવાઈ જાય છે તેથી આપણે લગભગ ૬ થી ૭ કલાક ની ઊંઘ



લેવી જરૂરી છે. હવે આપણે વહેલી સવારે કેવી રીતે ઉઠવું તે વિશે વાત કરીએ, આપણે જોઈએ છીએ કે જે લોકો તેમના રોજિંદા કામમાં વ્યસ્ત હોય છે તેઓ મોડી રાત્રે રડતા હોય છે અને સવારે વહેલા ન ઉઠે જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ખતરનાક સાબિત થાય છે. તેના કારણે આપણા શરીરમાં સુસ્તી આવે છે, માથામાં દુખાવો થાય છે અને આપણું શરીર કોઈ કામ માટે સક્રિય નથી રહેતું, તેથી જરૂરી છે કે આપણે વહેલી સવારે ઉઠીએ. જો તમે એક વિદ્યાર્થી છો. તો તમારે સવારે ઉઠવું જોઈએ અને વાંચવાની ટેવ પાડવી જોઈએ, જેનો તમને ઘણો ફાયદો થશે કારણ કે સવારે ઉઠ્યા પછી આપણું મન ફ્રેશ થાય છે અને આપણને શાંતિપૂર્ણ વાતાવરણ મળે છે.

આપણને આપણા શરીરને તંદુરસ્ત બનાવવા માટે કહેવામાં આવ્યું છે, આપ ણે દરરોજ સવારે સૂર્યોદય પહેલા દોડવું અને વ્યાયામ કરવો જોઈએ અને તેની સાથે આપણે યોગ પણ કરવા જોઈએ જેથી યોગ કરવાથી આપણે આપણા શરીરના ઘણા રોગોથી છુટકારો મેળવી શકીએ. આધુનિક જીવનશૈલીના આ ભાગમાં, આપણે આપણા ખોરાક પર ધ્યાન આપી શકતા નથી, તેના બદલે આપણે ખાસ કરીને આપ ણા સારા સ્વાસ્થ્ય માટે આપણા ખોરાક પર ધ્યાન આપવું જોઈએ કારણ કે સારા સ્વાસ્થ્ય માટે સારો ખોરાક લેવો ખૂબ જ જરૂરી છે, આપણી પાસે લિલી શાકભાજી દાળ દૂધ છે દહીં છઠ ઘી ફલ ફ્રૂટ નવગેરેનું સેવન કરવું જોઈએ. આપણા સારા સ્વાસ્થ્ય માટે, આપણે અશુદ્ધ ખોરાક, ઘીથી બનેલી વસ્તુઓ, પુરી પરાઠા, છોલે, ભટુરે, સમોસા, કચોડી, ચા, કોફી, કોલ્ડ ડ્રીંક જેવી વસ્તુઓનું સેવન કરવું આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક અને જીવલેણ સાબિત થાય છે. અશુદ્ધ ભોજન જેમ કે પુરી પરાઠા, છોલે, ભટુરે, સમોસા જેવા ખોરાક, આ બધી વસ્તુઓ ખાવાથી આપણા શરીરમાં અનેક પ્રકારની બીમારીઓ બની જાય છે. જેમ કે ગેસની રચના, વારંવાર ઝાડા, અલ્સર, એસિડિટી, લીવર ફેલ્યર, આજના જેવા રોગો ઉત્પન્ન થાય છે. આપણે બદામ અક્રોટ જેવી વસ્તુઓ ખાવી જોઈએ અને પાણી પીવું જોઈએ, દૂધ દહીં છાશ લીંબુ પાણી, આ બધી વસ્તુઓ જેથી આપણા શરીરમાં પાણીની અછત ન રહે અને આપણો ચહેરો પણ ચમકતો રહે અને આપણી ત્વચા પર કરચલીઓ ન પડે. આપણે આપણા સારા સ્વાસ્થ્ય માટે નસિલી દવાઓ થી દૂર રહેવું જોઈએ. આજની નવી પીળી,એટલે કે યુવા પીળી મા, મોટાભાગના નશીલા પદાર્થો જેવા કે દારૂ, તમાકુ, ધૂમ્રપાનનું સેવન કરે છે, બધા ગુટખા જેવા નશીલા પદાર્થોનું સેવન કરવાથી આપણું શરીર અસ્થ વ્યસ્ત બને છે, તેથી નસિલી દવાઓ થી દૂર રહો. એવું કહેવાય છે કે આરોગ્ય જ સંપત્તિ છે.

# બાળકોમાં વધી રહ્યા છે ડેન્ગ્યુના કેસ, પેરેન્ટ્સ ખાસ ફોલો કરો આ ટિપ્સ

હાલમાં સતત ડેન્ગ્યુના કેસમાં વધતા જાય છે. ડેન્ગ્યુનો શિકાર હવે બાળકો પણ બની રહ્યા છે. આ સિઝનમાં બાળકોની કેર કરવી ખૂબ જરૂરી છે. તો જાણો ડેન્ગ્યુથી બચાવવા માટે શું કરશો. ડેન્ગ્યુના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ડેન્ગ્યુના કેસની વાત કરીએ તો દિલ્હી-એનસીઆરથી લઈને અમદાવાદ સહિત અનેક નાના-મોટા ગામડાઓમાં નાના બાળકોથી લઈને મોટા એમ દરેક લોકો સપ ડાઈ રહ્યા છે. ખાસ કરીને આ બીમારીથી બચાવવા માટે બાળકોને ધ્યાન રાખવુ ખૂબ રાખવુ પડે છે. ડેન્ગ્યુના વધતા કેસ પાછળનું કારણ વરસાદનું પાણી છે. આ પાણી કોઈ પણ જગ્યાએ ભરાય છે અને



ત્યાં ગંદકી થાય છે જેના કારણે આ બીમારી ઝડપથી ફેલાય છે. બાળકોમાં ડેન્ગ્યુના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ડેન્ગ્યુ થાય ત્યારે શરીરમાં પ્લેટલેટ્સ કાઉન્ટ ઓછા થવા લાગે છે જેના કારણે ઘણી વાર વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ થવાની ફરજ પડતી હોય છે. આ સિઝનમાં ખાસ કરીને દરેક પેરેન્ટ્સે પોતાના બાળકનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. તો જાણો બાળકોમાં જોવા મળતા ડેન્ગ્યુના લક્ષણો અને આ ગંભીર બીમારીથી બચવા માટે શું કરશો.

ઘરની આસપાસ ક્યાંય પણ પાણી જમા ન થવા દો. જો કૂલરમાં, વાસણમાં કે અન્ય કોઈ વસ્તુમાં લાંબા સમય સુધી પાણી રહેતું હોય તો તેને ખાલી કરી દો. પાણીની ટાંકી ઢાંકીને રાખો. બારીઓ અને દરવાજા પર જાળી લગાવો જેથી મચ્છર બહારથી પ્રવેશી ન શકે. મચ્છરોથી બચવા માટે ઘરની આસપાસ મચ્છર મારવની દવાનો છંટકાવ કરો. મચ્છરોથી બચવા માટે મચ્છરદાની સાથે સૂવાનું રાખો. મચ્છરોથી બચવા માટે આખુ શરીર ઢંકાય તે પ્રકારના કપડાં પહેરો. તાવ, દુખાવો, ઉલ્ટી જેવા લક્ષણો દેખાય તો તરત જ ડોક્ટરની સલાહ લો.

ડૉક્ટરની સલાહ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ઘણી વખત લોકો ડેન્ગ્યુના હળવા લક્ષણોને વાયરલ ઈન્ફેક્શન અથવા ફ્લૂ સમજી લે છે. સાવચેતીમાં સલામતી છે, જો તમને કોઈપણ પ્રકારના લક્ષણો દેખાય તો ડૉક્ટરની સલાહ લો. તેની યોગ્ય સારવાર કરવી જોઈએ કારણ કે ગંભીર લક્ષણો ડેન્ગ્યુ શોક સિન્ડ્રોમ થઈ શકે છે. જે કારણે ડેન્ગ્યુ હેમરેજિક તાવ થઈ શકે છે.

BOLLYWOOD NEWS FLASH

**કીથ અને રોશેલ તેમની દરેક ખાસ ક્ષણોને કેમેરામાં કેદ કરે છે, આવી સ્થિતિમાં કપલે બેબી બમ્પ સાથે ફોટોશૂટ કરાવ્યું છે**



## કપિલ શર્મા શોની અભિનેત્રી રોશેલે મેટરનિટી ફોટોશૂટ કરાવ્યું

। મુંબઈ, તા.૧૧ ।


ટીવીના સૌથી લોકપ્રિય કપલ કીથ સિક્વેરા અને રોશેલ રાવ ટૂંક સમયમાં માતા-પિતા બનવા જઈ રહ્યા છે. તાજેતરમાં જ આ કપલે ખૂબ જ સુંદર તસવીરો પણ શેર કરી હતી. આ દિવસોમાં રોશેલ તેના પ્રેગ્નન્સી પીરિયડને એન્જોય કરી રહી છે. અભિનેત્રીએ બેબી બમ્પ સાથેના ઘણા ફોટા પોસ્ટ કર્યા છે. આ તસવીરોમાં તેનો પતિ કીથ સિક્વેરા પણ શર્ટલેસ છે અને શાનદાર પોઝ આપી રહ્યો છે. આ કપલની કેમેરા સામે ઘણી તસવીરો ક્લિક થઈ છે. કીથ અને રોશેલની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. તમને જણાવી દઈએ કે બંનેએ વર્ષ ૨૦૧૮માં લગ્ન કર્યા હતા. કીથ અને રોશેલે થોડા સમય પહેલા જ મેટરનીટી શૂટની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરીને પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. આ કપલે મેટરનિટી શૂટ માટે ચેન્નાઈના એ જ દરિયા કિનારે શૂટ કર્યું હતું, જ્યાં તેમના લગ્ન ૫ વર્ષ પહેલા થયા હતા. કીથ અને રોશેલ તેમની દરેક ખાસ ક્ષણોને કેમેરામાં કેદ કરે છે. આવી સ્થિતિમાં કપલે બેબી બમ્પ સાથે ફોટોશૂટ કરાવ્યું છે. જેના પર ચાહકો ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે. રોશેલ રાવનું બેબી શાવર ફંક્શન થોડા દિવસો પહેલા થયું હતું. જેમાં અભિનેત્રીએ બેબી શાવર પાર્ટીનો વીડિયો શેર કરીને ચાહકોને ખાસ પળો બતાવી હતી. રોશેલે પોસ્ટમાં લખ્યું હતું કે બેબી શાવરમાં, મને મારા બધા મિત્રો દ્વારા આશીર્વાદ મળ્યા હતા. મારી ગર્લ ગેંગે મીની બેબી શાવરમાં મારા માટે એક ફંક્શનનું આયોજન કર્યું હતું.

**બોલીવુડમાં ધક-ધક ગર્લ તરીકે જાણીતી માધુરી દીક્ષિતનું નામ અત્યાર સુધી ઘણા હીરો સાથે જોડાઈ ચુક્યું છે**

## માધુરી દીક્ષિતના એક નહીં પરંતુ અનેક હીરો હતા આશિક

। મુંબઈ, તા.૧૧ ।

બોલીવુડના બહુચર્ચિત ફેર્સની વાત આવે તો તેમાં સંજય દત્ત અને માધુરી દીક્ષિત નું નામ ચોક્કસથી આવ્યા. ૯૦ ના દાયકામાં સંજય દત્ત અને માધુરી દીક્ષિતની લવ સ્ટોરીની ચર્ચાઓ જોરોશોરથી થતી હતી. તેમના સંબંધો એટલા ગાઢ થઈ ગયા હતા કે સંજય દત્તની પત્નીએ પણ તેનો સ્વીકાર કર્યો હતો. સંજય દત્ત અને માધુરી દીક્ષિતની પ્રેમ કહાની સાજન અને ખલનાયક ફિલ્મ દરમિયાન શરૂ થઈ હતી. બંને વચ્ચેના પ્રેમ સંબંધોની વાત જોત જોતામાં બોલીવુડ ઈન્ડસ્ટ્રીમાં આગની જેમ ફેલાવા લાગી. તે સમયે સંજય દત્ત ની પત્ની રુચા શર્મા અમેરિકામાં પોતાની સારવાર




કરાવી રહી હતી. માધુરીનું નામ અનેક હિરો સાથે જોડાયેલું હતુ પણ આખરે તેને ડો. નેને સાથે લગ્ન કરી લીધા હતા. જ્યારે રુચા શર્માના કાન સુધી સંજય દત્તના અફેરની વાત આવી તો રૂચા પોતાની દીકરીને લઈને ભારત આવી ગઈ હતી.

**ફિલ્મે ત્રણ દિવસમાં વિશ્વમાં ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે અને તેને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે**

## શાહરૂખ બનાવવા જઈ રહ્યો છે એક નવો અનોખો રેકોર્ડ

। મુંબઈ, તા.૧૧ ।



શાહરૂખ ખાને ફરી એકવાર જવાન સાથે બોક્સ ઓફિસ પર પોતાની તાકાત દેખાડી રહ્યો છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે તે જવાન સાથે એવો રેકોર્ડ બનાવવાની અણી પર છે, જે આજ સુધી ભારતીય સિનેમાનો કોઈ સ્ટાર બનાવી શક્યો નથી. દિગ્દર્શક એટલીની આ ફિલ્મે ત્રણ દિવસમાં વિશ્વભરમાં ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી લીધી છે અને તેને જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. આવતા અઠવાડિયે બોક્સ ઓફિસ પર કોઈ ફિલ્મ ટકરાવાની નથી અને તેનાથી સ્પષ્ટ થાય છે કે શાહરુખની ફિલ્મ સામે કોઈ પડકાર નથી. પઠાણના સમયમાં આવું બન્યું હતું. પઠાણ પછી જવાન આ વર્ષની તેની બીજી ફિલ્મ છે, જે બ્લોકબસ્ટર બનવા તરફ આગળ વધી રહી છે.

**રંગમંચ પર વાપસી કરવાને લઈને નેહા ખૂબ ઉત્સાહિત તે ખૂબ જલ્દી જ ટેલિવિઝન પર પણ પાછી જોવા મળશે**

## ૧૨ વર્ષ બાદ રંગમંચ પર વાપસી કરશે તારક મહેતા, ફેમ નેહા મહેતા

। મુંબઈ, તા.૧૧ ।

ગુજરાતી રંગમંચથી પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત કરનારી અભિનેત્રી નેહા મહેતા ૧૨ વર્ષ બાદ સ્ટેજ પર પાછી ફરી રહી છે. આ વખતે તે હિન્દી નાટકમાં કામ કરતી જોવા મળશે. સંજય ઝાના નાટક દિલ અભી ભરા નહીંમાં તે વૈદેહીનું પાત્ર ભજવશે. સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં અંજલી ભાભીનો રોલ કરીને પોપ્યુલર થયેલી નેહા મહેતાએ કહ્યું, ‘‘મારા પૂર્વ નાટકો ડોલર બહુ, ચાંદો શે શેમાડો, પન્નાલાલ પટેલ અને ચાંદ કો કહો છુપ જાયેની જેમ મને ઓથર બેક્ડ રોલ મળ્યો તેનો આનંદ છે. આ બધાના લીધે જ મારી નાટકની જર્ની સફળ પુરવાર થઈ છે.’’ લાંબા સમય બાદ થિયેટરમાં વાપસી કરવા અંગે નેહાએ કહ્યું, ‘‘મારા પિતા મને હંમેશા કહે છે કે, મંચ કલાકારને મઠારે છે, ચમકાવે છે અને શીખવે છે. કોઈપણ કલાકાર માટે થિયેટર આશીર્વાદ સમાન છે.



## અયાન મુખર્જીએ ફેન્સને આપી મોટી સરપ્રાઈઝ

। મુંબઈ, તા.૧૧ ।

રણબીર કપૂર અને આલિયા ભટ્ટ સ્ટારર ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર' ગયા વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. બ્રહ્માંડમાં હાજર શક્તિઓ પર આધારિત આ ફિલ્મમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ સાથે અભિનેતા અમિતાભ બચ્ચન મુખ્ય ભૂમિકામાં છે. જ્યારે શાહરૂખ ખાન અને નાગાર્જુન કેમિયો રોલમાં જોવા મળ્યા હતા. 'બ્રહ્માસ્ત્ર પાર્ટ ૧' ને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે હવે ડિરેક્ટર અયાન મુખર્જીએ ફેન્સને મોટું સરપ્રાઈઝ આપ્યું છે. અયાન મુખર્જીએ 'બ્રહ્માસ્ત્ર ૨'નો પ્રોમો વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં ફિલ્મના કોન્સેપ્ટની કેટલીક ઝલક શેર કરવામાં આવી છે. જેમાં અગ્નિ દેવ, અમૃતા અને શિવના કાર્ટૂન વર્ઝનની ઝલક જોઈ શકાય છે. આ વીડિયોને શેર કરતા અયાન મુખર્જીએ કેપ્શનમાં લખ્યું, ‘‘બ્રહ્માસ્ત્ર પાર્ટ ૨ દેવ અર્લી કોન્સેપ્ટ આર્ટ વર્ક, હું બ્રહ્માસ્ત્ર ૨ અને ઉના વિઝન અને સ્ટોરી પર ઘણા મહિનાઓથી સતત કામ કરી રહ્યો છું. ટીમ બ્રહ્માસ્ત્ર માટે આ ખાસ દિવસે અમારી પ્રેરણાના કેટલાક ચિત્રોની એક ઝલક શેર કરી રહ્યો છું. અયાન મુખર્જીની આ પોસ્ટ પર લોકોએ અનેક કોમેન્ટ કરી છે. એક યુઝરે કોમેન્ટ કરીને લખ્યું કે, ‘‘આ ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થશે પણ માત્ર સ્ક્રિપ્ટ પર કામ કરજો, પ્લીઝ લવ સ્ટોરી નહીં. કોઈએ લખ્યું છે પાર્ટ ૨ માં કોઈ પેશન રાખજો, આ વખતે ડાયલોગ બગાડતા નથી. કોઈએ લખ્યું છે કે પાર્ટ ૧ ખોટો સમયે રિલીઝ થઈ હતી.

**અજય દેવગણ-આર. માધવન લીડ રોલમાં, ડાયરેક્ટર વિકાસ બહેલે આ ફિલ્મને ડાયરેક્ટ કરી છે**

## ૮ માર્ચ ૨૦૨૪ના રોજ રિલીઝ થશે 'વશ'ની હિન્દી રિમેક

। મુંબઈ, તા.૧૧ ।

ગુજરાતી સુપરનેચરલ થ્રિલર ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેકમાં અજય દેવગણ અને આર. માધવન જોવા મળશે. આ સમાચાર આવ્યા બાદ ફિલ્મનું શૂટિંગ લગભગ પૂરું થવાના આરે હોવાના અહેવાલ પણ હતા. હવે ફિલ્મની રિલીઝ ડેટ સામે આવી ગઈ છે. આજે જન્માષ્ટમીના તહેવારે મેકર્સે રિલીઝ ડેટની જાહેરાત કરી છે. ૮ માર્ચ ૨૦૨૪ના રોજ ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રિમેક રિલીઝ થશે. જોકે, ફિલ્મના મેકર્સે હજી સુધી તેનું ટાઈટલ નક્કી નથી કર્યું. જણાવી દઈએ કે, ફિલ્મના મેકર્સ કુમાર મંગત અને અભિષેક પાઠકે આ ફિલ્મમાં અજય દેવગણ અને આર. માધવન ઉપરાંત જ્યોતિકાને પણ લીધી છે. ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ જાનકી બોડીવાલા પણ 'વશ'ની હિન્દી રિમેકથી બોલિવુડમાં ડેબ્યૂ કરવાની છે. ગુજરાતી ફિલ્મ 'વશ'માં પણ જાનકી બોડીવાલા લીડ રોલમાં હતી.



# ઝાલોદ નગરના સોમનાથ મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં ડાયરાનું ભવ્ય આયોજન કરાયું

## ડાયરામાં હાસ્યની છોળો, ભજન, રાસ ગરબા, દેશભક્તિ ગીતો દ્વારા કલાકારો એ સહુના દિલ જીતી લીધા

। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ નગરમાં જ્યારથી શ્રાવણ માસ ચાલુ થયેલ છે ત્યારથી નગરના સહુથી પૌરાણિક એવા સોમનાથ મહાદેવ મંદિર કમિટી દ્વારા ભાવિક ભક્તો માટે નિત્ય ધાર્મિક પ્રોગ્રામોની રમઝટ લાગેલી રહે છે. ભાવિક ભક્તોને સોમનાથ મહાદેવ મંદિર પ્રત્યે અનોખું આકર્ષણ છે. ભાવિક ભક્તોના હદયમાં સોમનાથ મહાદેવ મંદિરમાં બિરાજેલ મહાદેવ પ્રત્યે અતૂટ આસ્થા અને વિશ્વાસ છે. ભાવિક ભક્તોના કહેવા મુજબ જો સાચા મન થી જો સોમનાથ મહાદેવ મંદિરે પૂજા અર્ચના કરાય તો ભોળાનાથ ભક્તોની તમામ મનોકામનાઓ પૂર્ણ કરે છે.

સોમનાથ મહાદેવ મંદિર કમિટિ દ્વારા ભાવિક ભક્તોના અતૂટ વિશ્વાસ અને શ્રદ્ધાને લઈ નિત્ય ધાર્મિક પ્રોગ્રામોનુ આયોજન પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે કરવામાં આવેલ છે. સોમનાથ મહાદેવ મંદિરે તારીખ ૧૦-૦૯-૨૦૨૩ રવિવારના રોજ રાત્રીના ૯ વાગ્યે ભાવિક



ભક્તો માટે ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવેલ હતું. સોમનાથ મહાદેવ મંદિરે યોજાયેલ ભવ્ય ડાયરામાં મોટાં પ્રમાણમાં ભક્તો હાજર રહેલ હતા.

વૃંદ મ્યૂઝિકલ ગ્રુપ દ્વારા ડાયરામાં ભાવિક ભક્તોને હાસ્યની છોળો, ભજન કીર્તન, રાસ ગરબા, દેશભક્તિ ગીતો દ્વારા સહુનું મન જીતી લીધું હતું. ઉપસ્થિત સહુ ભક્તો ભક્તિના રસમાં રંગાઈ ગયેલ જોવા મળતા હતા. ઉપસ્થિત સહુ લોકોએ કલાકારો દ્વારા જે ભક્તિ સભર પ્રસ્તુતિ કરાઈ એ સહુ પ્રસ્તુતિને તાળીયો સાથે વધાવી લીધેલ હતી. ભાવિક ભક્તોના ચહેરા પર ભક્તિ પ્રત્યે સંતોષનો આનંદ જોવા મળતો હતો.

# મેઢ ક્ષત્રિય સ્વર્ણકાર સોની સમાજ ગુજરાત પ્રદેશની કારોબારી સમિતિની ચૂંટણી યોજાઈ



। ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ તાલુકાના લીમડી ગામે કારઠ રોડ ઉપર શ્યામ પાર્ટી પ્લોટ-માં મેઢ ક્ષત્રિય સ્વર્ણકાર સોની સમાજની ગુજરાત પ્રદેશ કારોબારી ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્ય અતિથિ રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલ ભારતીય મેઢ ક્ષત્રિય સમાજના જગદીશ સોની, અખિલ ભારતીય યુવા સંગઠનના અધ્યક્ષ ગોવિંદ સોની, અખિલ ભારતીય મેઢ સમાજના કોષાધ્યક્ષ શ્યામ સોની, મીડિયા પ્રભારી દિલીપ સોની, મહાવીર સોની ગુજરાત પ્રદેશ કારોબારી પ્રમુખ હર્ષવર્ધન સોની તેમજ મહાવીર સોની, લીમડી સોની સમાજના પ્રમુખ હસમુખલાલ સોની, લીમડી મેઢ ક્ષત્રિય સમાજના મહામંત્રી પ્રવીણ સોની કે જેઓ ગુજરાત પ્રદેશના સદસ્ય તેમજ રાષ્ટ્રીય કાર્યકારીણીનાં પણ સદસ્ય છે તેમજ સુવર્ણકાર સેતુના સંપાદક પ્રકાશ સોની અન્ય રાષ્ટ્રીય આગેવાનો સ્વર્ણકાર સોની સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ચૂંટણીમાં લીમડી ગામના દરેક સેવાકીય પ્રવૃત્તિમાં ખડેપગે હાજર રહેનાર ગામના દરેક પ્રશ્નો ને વાચા આપનાર માનવસેવાના દરેક કાર્યોમાં અમૂલ્ય સમય આપનાર, તન મન અને ધનથી સેવાભાવમાં જોડાનાર એવા પ્રવીણ સોની અને દિવ્યેશ સોનીને અખીલ ભારતીય મેઢ ક્ષત્રીય સોની સમાજના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને પ્રદેશ મહામંત્રીમાં ચૂંટાઈ આવતા નગરના સહુ સોની સમાજ અભિનંદન પાઠવેલ હતા.



સંતોષભાઈ જોષી, સંતરામપુર

શ્રાવણના પવિત્ર માસ નિમિત્તે આજરોજ તારીખ ૧૧-૯-૨૦૨૩ના રોજ સોમવારે સંતરામપુર નગરમાં સંત જુના તળાવ મહાદેવ મંદિરથી મહાદેવ મુકેશ્વર મહાદેવ મંદિર સંતરામપુર ખાતે પ્રથમ વખત કાવડ યાત્રાનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતરામપુર નગર અને આજુબાજુના ભાવિક ભક્તોએ આ ૧૦૮ કાવડયાત્રામાં ભાગ લીધો હતો. ગામની ગલીએ ગલીએ શેરીએ શેરીએ હર હર મહાદેવના નારા સાથે આ કાવડ યાત્રા સંત જુના તળાવથી નીકળી મુકેશ્વર મહાદેવ મંદિર પહોંચી હતી. આ કાવડ યાત્રાનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને મુક્તેશ્વર મહાદેવ ખાતે જળ અભિષેક કરી પ્રસાદી લઈ આ કાવડ યાત્રા પૂર્ણ થઈ.

# વડોદરા શહેર અને જિલ્લામાં આગામી તા.૧૭થી આયુષ્યમાન ભવઃ અભિયાન

## તા.૧૩ના રોજ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ આ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે

। વડોદરા, તા.૧૧ ।

વડોદરા શહેર અને જિલ્લામાં આગામી તા. ૧૭થી આયુષ્યમાન ભવઃ અભિયાન શરૂ કરવામાં આવશે. તમામ ઘરોની રૂબરૂ મુલાકાત લઈ બાકી રહી ગયેલા લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવશે. તેની સાથે આરોગ્ય તપાસણી કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. આગામી તા. ૧૩ના રોજ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ આ અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે. આયુષ્યમાન ભવઃ અભિયાનના સુચારૂ સંચાલન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનપ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી.

સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં કલેક્ટર શ્રી અતુલ ગોરે જણાવ્યું કે, આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓ સુધી તમામ આરોગ્યલક્ષી યોજના લઈ જવા અને પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને તેમાં આવરી લેવા ઝૂંબેશ શરૂ કરવામાં આવશે. આ અભિયાનમાં તમામ લાભાર્થીઓને આવરી લેવાનું આયોજન છે. આ માટે ઘરે ઘરે જઈને લોકોનો સંપર્ક કરવામાં આવશે. આ અભિયાન હેઠળ આયુષ્યમાન યોજનાને સેચ્યુરેશન પોઈન્ટ ઉપર લઈ જવામાં આવશે. આ ઉપરાંત તા. ૧૭થી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર સાપ્તાહિક આરોગ્ય મેળા યોજવામાં આવશે. તેમાં આવેલા દર્દીઓને જરૂર પડે તો સીએચસી ખાતે નિષ્ણાંત તબીબો પાસે રિફર કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ તબીબો સીએચસી ખાતે આરોગ્ય મેળામાં સેવા આપશે. ગામેગામ આયુષ્યમાન સભાઓનું પણ આયોજન કરવા જણાવવામાં આવ્યું છે. જેમાં સરકારની આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી, આભા કાર્ડ ઉપરાંત વિવિધ રોગોની માહિતી, રસીકરણ, પોષણ, એનેમિયા સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે સ્વચ્છતા અભિયાન, અંગદાન સંકલ્પ અને રક્તદાન શિબિરો પણ યોજવામાં આવશે. એકત્રિત રક્ત સરકારી દવાખાનામાં આપવામાં આવશે.

# આણંદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા યોજાયેલ નેશનલ લોક અદાલતમાં ૯,૩૪૫ કેસોનો સુખદ નિકાલ

। આણંદ, તા.૧૧ ।

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન મુજબ આણંદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકાની કોર્ટ દ્વારા તા. ૦૯-૦૯-૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, આણંદના અધ્યક્ષશ્રી અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી વી. બી. ગોહિલની અધ્યક્ષતામાં યોજાયેલી આ લોક અદાલતમાં એમ.એ.સી.પી. કેસ, ફોજદારી સમાધાન લાયક કેસ, નેગોસીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ કલમ-૧૩૮ ના કેસ, લગ્ન સંબંધી ફેમિલી કેસ, મહેસૂલના કેસ, મજૂરો સાથેના તકરારના કેસ, દીવાની દાવા જેવા કે ભાડ-ાના, બેંકના કેસો, વીજળી તથા પાણીના કેસ તેમજ હજી સુધી અદાલતમાં દાખલ ન થયા હોય તેવા બેંકોના પ્રિ-લિટીગેશન કેસો સહિતના સમાધાન માટે રાખવામાં આવેલ કેસો પૈકી કુલ ૯,૩૪૫ કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે.

સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવેલ કેસો પૈકી મોટર અકસ્માતને લગતા વળતરના કેસોમાં કુલ-૧૦૭ કેસોનો સુખદ નિકાલ કરી રૂપિયા ૫.૮૧ કરોડ, નેગોસિબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ કલમ- ૧૩૮ ના ૮૦૩ કેસોનો સુખદ નિકાલ કરી રૂા. ૨૧.૧૮ કર-ોડ, ફોજદારી સમાધાન લાયક કેસ, લગ્ન સંબંધી ફેમિલી કેસ, મજૂરો સાથેના તકરારના કેસ, દીવાની દાવા જેવા કે ભાડાના, બેંકના વગેરે કેસો અને હજી સુધી અદાલતમાં દાખલ ના થયા હોય તેવા બેંકોના પ્રિ-લિટીગેશન કેસો મળીને કુલ- ૯,૩૪૫ જેટ-લા કેસોમાં સુખદ સમાધાન થયું છે.

આ લોકઅદાલતમાં જિલ્લા ન્યાયાધીશશ્રી વી.બી.ગોહિલના માર્ગદર્શન હેઠળ સચિવ શ્રી એ. જી. શેખએ બેંકના અધિકારીઓ, વીમા કંપનીના અધિકારીઓ, વિવિધ સરકારી કચેરીના અધિકારીઓ તેમજ સંલગ્ન વકીલશ્રીઓ સાથે વખતો વખત મીટીંગનું આયોજન કરી આ લોક અદાલતને સફળ બનાવી હોવાનું જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ આણંદના સચિવ શ્રી એ. જી. શેખે એક યાદીમાં જણાવ્યું છે.

## SHE ટીમની સજાગતાનાં કારણે મહિલા કોઈ અઘટિત પગલું ભરતા અટકી

# આણંદમાં આત્મહત્યા કરવાના નિર્ણય સાથે ઘર છોડી નીકળી ગયેલી મહિલાનો પરિવાર સાથે મેળાપ કરાવતી SHE TEAM

। મનીષ પ્રજાપતિ આણંદ, તા.૧૧ ।

આણંદ શહેરમાં લોટિયા ભાગોળ વિસ્તારમાં પેટ્રોલ પંપ સામે એક મહિલા રડતી હોઈ કોઈએ ૧૮૧ અભયમને જાણ કરતા અભયમની ટીમએ ઘટના સ્થળે દોડી જઈ આ અંગે આણંદ ટાઉન પોલીસ મથકની SHE ટીમને જાણ કરતા SHE ટીમ ઘટના સ્થળે દોડી જઈ મહિલાને ટાઉન પોલીસ મથકમાં લઈ જઈ તેનું કાઉન્સેલિંગ કરી. પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો.

આણંદ શહેરમાં પોતાના પતિ અને ૨૦ વર્ષીય પુત્ર સાથે રહેતી મહિલા માનસિક રીતે અસ્વસ્થ હતી અને તેમાં પણ રાત્રે ઘરમાં પુત્ર સાથે બોલાચાલી થયા બાદ. સવારે પતિ અને પુત્ર કામ ધંધા અર્થે બહાર ગયા ત્યારે મહિલાએ ઘર છોડી ચાલી નીકળી હતી. અને સાંજના સુમારે લોટિયા ભાગોળ પેટ્રોલપંપ સામે બેસી રડતી હતો જ કોઈએ ૧૮૧ અભયમને ફોન. કરી જાણ કરતા અભયમની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મહિલા સાથે વાતચીત કર્યા બાદ આ અંગે આણંદ ટાઉન પોલીસની SHE ટીમને જાણ કરતા SHE ટીમના એએસઆઈ જસીબેન ચૌધરી અને કોન્સ્ટેબલ ભાગ્યશ્રીબેન ઘટના સ્થળે દોડી ગયા હતા અને મહિલાન પોલીસ મથકે લાવી પૂછપરછ કરતા મહિલાએ તેણી ઘરેથી કંટાળી હવે ઘરે પરત જવું નથી તેમ નક્કી કરી નીકળી હતી જેથી એએસઆઈ જસીબેન ચૌધરી અને કોન્સ્ટેબલ ભાગ્યશ્રીબેનએ મહિલાનું કાઉન્સેલિંગ કરી મહિલાને કોઈ અઘટિત પગલું નહીં ભરવા સમજાવી હતી. જેથી મહિલા પણ સંમત થઈ હતી.

પોલીસ અધિક્ષક પ્રવિણકુમારની સુચના અને માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક જે એન.પંચાલનાં માર્ગદર્શન અનુસાર આણંદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર એચ આર. બ્રહ્મભટ્ટની સૂચના હેઠળ SHE ટીમએ આ અંગે મહિલાના પતિ અને પુત્રને જાણ કરતા તેઓ પણ મહિલાને શોધી રહ્યા હતા અને ચિંતામાં હતા. જેથી તેઓ પોલીસ મથકે દોડી આવ્યા હતા જ્યાં મહિલાના પતિએ જણાવ્યું હતું કે મહિલા માનસિક અસ્વસ્થ છે અને તેની દવા પણ ચાલુ છે. અને અગાઉ પણ આ રીતે ઘરેથી નીકળી ગઈ હતી. જેથી SHE ટીમે મહિલાને પ્રેમ અને હૂંફ આપી તેણીનું કાઉન્સેલિંગ કરીને ઘર છોડીને નહીં નીકળવા સમજાવી હતી અને ત્યારબાદ મહિલાને તેના પતિ અને પુત્ર સાથે મેળાપ કરાવી ઘરે મોકલ્યા હતા.

આમ SHE ટીમની સજાગતાનાં કારણે મહિલા કોઈ અઘટિત પગલું ભરતા અટકી હતી.

# આણંદ જિલ્લામાં ૧૭મી સપ્ટેમ્બર થી ૨જી ઓક્ટોબર દરમિયાન આયુષ્માન ભવ : અભિયાન હાથ ધરાશે

। આણંદ, તા.૧૧ ।

ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા આગામી તા. ૧૩ મી સપ્ટેમ્બર ના રોજ થી સમગ્ર દેશમાં આયુષ્માન ભવઃ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવનાર છે. કેન્દ્ર સરકાર દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત તમામ મુદ્દાઓનું સચોટ અમલીકરણ થાય તે માટે જરૂરી માર્ગદર્શિકા પણ બહાર પાડવામાં આવી છે.

સમગ્ર દેશની સાથે આણંદ જિલ્લામાં તારીખ ૧૭ મી સપ્ટેમબર થી તા.૨ ઓક્ટોબર દરમિયાન આયુષ્માન ભવઃ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ અભિયાન દરમિયાન આરોગ્યલક્ષી યોજનાઓથી લોકોને જાગૃત કરવા તથા ૧૦૦ ટકા લાભાર્થીઓ સુધી આ અભિયાન પહોંચાડવા માટે વિવિધ કાર્યક્રમ કરવામાં આવનાર છે. જેમાં આયુષ્માન કાર્ડ કેમ્પ, આભા આઈડી કેમ્પ, રકતદાન કેમ્પ, અંગદાન અંગેની પ્રતિજ્ઞા, બિન સંચારી રોગોનો કેમ્પ, ટીબી મુકત પંચાયત, સ્વચ્છતા અભિયાન, ગ્રામ સભા જેવા કાર્યક્રમો યોજવામાં આવશે. આણંદ જિલ્લામાં આયુષ્માન ભવઃ કાર્યક્રમ ત્રણ તબક્કામાં યોજવામાં આવશે. જેમાં આયુષ્માન આપકે દ્વાર ૩.૦ અંતર્ગત બાકી રહેલ તમામ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવશે. તાલુકા મથકો ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ વેલનેસ સેન્ટર ખાતે આયુષ્ય મેળાઓનું આયોજન કરવામાં આવશે. તેમજ તા. ૨ ઓક્ટોબરના રોજ શહેરી અને ગ્રામ્ય કક્ષાએ આયુષ્માન સભા યોજાશે.

આયુષ્માન ભવઃ કાર્યક્રમ અંતર્ગત વિવિધ આરોગ્ય લગતી સેવાઓ આયુષ્માન કાર્ડ વિતરણ, આભા આઈ.ડી. જનરેશન, બિન સંચારી રોગો જેવા કે ડાયાબિટીસ અને હાઈપર ટેન્શન માટે સ્ક્રિનિંગ, ટીબીના દર્દીઓની સફળતાપૂર્વક સારવાર પૂર્ણ કરવી, એનેમિયા કંટ્રોલ કરવો. આ ઉપરાંત માર્ચ - ૨૦૨૪ સુધીમાં આણંદ જિલ્લામાં આરોગ્યને લગતી સેવાઓમાં ૧૦૦ % સિધ્ધિ હાંસલ કરનાર ગામ/ વોર્ડને આયુષ્માન ગ્રામ પંચાયત, આયુષ્માન શહેરી વોર્ડનો દરજ્જો આપવામાં આવશે, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી આર.બી કાપડિયાએ જણાવ્યું છે.

# રજા હોવા છતાં ગ્રાહકોને સરકારી વાજબી ભાવની દુકાન ચાલુ રાખી વિતરણ કરતા નર્મદા જિલ્લાના સંચાલકો

## ગોડાઉનમાંથી અનાજ, ખાંડ, સીંગતેલ-મીઠું સહિત તહેવાર નિમિત્તે તમામ જરૂરી આવશ્યક જથ્થો વિતરણ વ્યવસ્થા સુચારુ રીતે કરાઈ

। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૧ ।

ગુજરાત રાજયના અન્ન નાગરિક પુરવઠા વિભાગે આ મહિનાની શરૂઆતના દિવસોમાં જ સાતમ-આઠમના તહેવારોની જાહેર રજાઓના દિવસે પણ જાહેર વિતરણ વ્યવસ્થા સરકારી વાજબી ભાવની દુકાનો પરથી ચાલુ રાખી હતી. નર્મદા જિલ્લાના વિવિધ ગોડાઉનમાંથી અનાજ, ખાંડ, સીંગતેલ-મીઠું સહિત તહેવાર નિમિત્તે તમામ જરુરી આવશ્યક જથ્થો પણ સંચાલકોને મળી રહે તે માટે સતત મોડીરાત સુધી ગોડાઉન અને મામલતદાર કચેરીઓએ સાથે સંકલન કરીને રેશનનો જથ્થો પહોંચાડી વિતરણ વ્યવસ્થા સુચારુ રીતે કરવામાં આવી હતી.

નર્મદા જિલ્લાના કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા પૂરવઠા અધિકારી, તમામ તાલુકા મામલતદારો સતત સંકલન કરી સરકારી વાજબી ભાવની દુકાને જરૂરી આવશ્યક જથ્થો પહોંચાડી વિતરણ વ્યવસ્થા કરવામાં આવી હતી. કોઈ પણ ગરીબ અંત્યોદય- બીપીએલ કે NFSA કાર્ડધારક સાતમ આઠમના તહેવારો સારી રીતે ઉજવી શકે



અને જથ્થાથી વંચિત ન રહે તેની સતત દેખરેખ રાખવામાં આવી હતી. રાજ્ય સરકારના અન્ન, નાગરિક પૂરવઠા વિભાગ દ્વારા સતત સમીક્ષા હાથ ધરી આ બાબતે લોકો ઉત્સાહભેર તહેવારોની ઉજવણી કરી શકે તે માટે કાર્યવાહી કરેલ છે. છેલ્લા બે દિવસથી મહિનાના શરૂઆતના દિવસો હોવા છતાં પણ દુકાનોમાં વધુ ઝડપથી લોકોને અનાજનો જથ્થો મળી રહે તે માટે તંત્ર સતર્ક રહી વિતરણની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જ્વળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. માતા અથવા પિતાની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે. તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. આજ નો દિવસ તમે ખૂબ વ્યસ્ત રહેશો પરંતુ સાંજે તમારી મનપસંદ વસ્તુઓ કરવા માટે પૂરતો સમય મળશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારો દેખાવ સુધારે એવા ફેરફાર કરો તથા ભાવિ ભાગીદારોને આકર્ષો. લગ્નજીવન કેટલી આડઅસરો સાથે આવે છે, તમે તેમાંની કેટલીક આજે અનુભવશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. એવા લોકો કે જેઓ અત્યાર સુધી એકલા છે, તે આજે કોઈ ખાસ વ્યક્તિ ને મળવા ની સંભાવના છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

**તુલા (ર,ત) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે. જો તમને લાગે કે અમુક લોકો સાથે જોડાવું.

**મકર (ખ,જ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. ધન નું આવાગમન આજના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. આજે પણ તમારી માનસિક સ્થિતિ સમાન રહી શકે છે. આજે તમારા જીવનસાથી સાથેની તમારી શારીરિક નિકટતા તેની શ્રેષ્ઠતાએ હશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. આજે જો તમે ખરીદી માટે જશો તો તમે પોતાની માટે સારૂં ડ્રેસ મટિરિયલ ખરીદશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. પ્રેમ, ચુંબન, આલિંગન અને મજા, તમારા જીવનસાથી સાથે રોમાન્યનાં આ બધાં પાસાં અનુભવવાનો દિવસ છે.

## રશિયાએ કહ્યું અમને તેની આશા નહતી

# Delhi Declarationથી આશ્ચર્યચકિત થયું રશિયા

। નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતની અધ્યક્ષતામાં સંપન્ન થયેલા જી૨૦ શિખર સંમેલનને રશિયા તરફથી સફળ ગણાવવામાં આવ્યું છે. રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવે જી૨૦ શિખર સંમેલનમાં યુક્રેન યુદ્ધ હાવી ન થવા દેવા બદલ ભારતની પ્રશંસા કરી છે. મીડિયા સાથે વાતચીત કરતા લાવરોવે કહ્યું કે ભારતે જી૨૦ એજન્ડાનું યુક્રેનીકરણ થવા દીધુ નહીં. રશિયાએ નવી દિલ્હી ઘોષણાપત્રમાં પ્રયોગ કરાયેલા શબ્દો અંગે આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે આવા ઘોષણાપત્રની તો આશા પણ નહતી રાખી. રશિયાના વિદેશમંત્રીએ રવિવારે જી૨૦ના રાજનીતિકરણના પ્રયત્નોને રોકવા બદલ ભારત પ્રત્યે આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે આ શિખર સંમેલન ચોક્કસપણે સફળ રહ્યું છે. જી૨૦ નેતાઓના શિખર સંમેલનની જાહેરાતો પર સામાન્ય સહમતિ પર લાવરોવે કહ્યું કે જ્યારે તેઓ આ મુદ્દે સહમત થયા ત્યારે કદાચ આ તેમના અંતરાત્માનો અવાજ હતો. સ્પષ્ટ રીતે કહીએ તો અમને તેની આશા નહતી. લાવરોવે કહ્યું કે અમે યુક્રેન અને રશિયાનો ઉલ્લેખ કરનારા નિવેદનોને ઘોષણાના બાકી કામથી અલગ ન કરી શકીએ. આ વર્ષે ઘોષણાની મુખ્ય લાઈન ગ્લોબલ સાઉથના એકીકરણ વિશે છે. લાવરોવે કહ્યું કે જી૨૦ પોતાના લક્ષ્યો માટે વાસ્તવમાં કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે દિલ્હી ડેક્લેરેશન સારા ઉદ્દેશ્યોમાંથી એક છે અને અમે પહેલેથી જ તે રસ્તે છીએ. અમારા વારામાં અમે આ સકારાત્મક પરિણામોને મજબૂત કરવાનું ચાલુ રાખીશું. જેમાં આગામી વર્ષે બ્રાઝિલની અધ્યક્ષતા અને ૨૦૨૫માં દક્ષિણ આફ્રિકાની અધ્યક્ષતા સામેલ છે. પશ્ચિમી દેશોની ટીકા કરતા રશિયાના વિદેશમંત્રીએ કહ્યું કે વેસ્ટ પોતાનું આધિપત્ય રાખી શકશે નહીં કારણ કે અમે દુનિયામાં સત્તાના નવા કેન્દ્ર જોઈ રહ્યા છીએ. તેમણે કહ્યું કે પશ્ચિમે જળવાયુ પરિવર્તનને પહોંચી વળવા માટે વિકાસશીલ દેશોને વાર્ષિક ૧૦૦ અબજ અમેરિકી ડોલર આપવાના પોતાના વચન પર કશું કર્યું નહીં. લાવરોવને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ થઈ શકે છે તો તેમણે કહ્યું કે હાલ યુક્રેની અધિકારી રશિયનોને શારીરિક રીતે નષ્ટ કરવાની ધમકી આપી રહ્યા છે. દરેક જણ શાંતિ ઈચ્છે છે. લગભગ ૧૮ મહિના પહેલા અમે આ સંઘર્ષને ઉકેલવા અંગે એક સંધિ પર હસ્તાક્ષર કરવા માટે સહમત થયા હતા. ત્યારબાદ એંગ્લો-સેક્સને જેલેન્સ્કીને તેના પર સહી ન કરવાનો આદેશ આપ્યો કારણ કે તેમને લાગ્યું કે તેઓ અમારી પાસેથી કઈક સ્વીકારોક્તિ પ્રાપ્ત કરવામાં સક્ષમ હશે.

## પિતા બનેલા બુમરાહને શાહીન શાહ આફ્રિદીએ આપી ખાસ ગિફ્ટ



। કોલંબો, તા.૧૧ ।

ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચો દરમિયાન જે વાતાવરણ રહેતું હતું તેનાથી હવે સ્થિતિ તદ્દન વિપરીત બની ગઈ છે. જૂના સમયમાં, મેચ પહેલા, આ હાઈ વોલ્ટેજ મેચને કારણે વાતાવરણ ગરમ થઈ જતું હતું. મેચ દરમિયાન હોય કે મેચ પછી, વાતાવરણ હંમેશા તંગ રહેતું હતું. મેદાન પર ઘણીવાર ખેલાડીઓ વચ્ચે ઝઘડા જોવા મળતા હતા. પરંતુ હવે જ્યારથી ૨૦૨૧ના T20 વર્લ્ડ કપમાં વિરાટ કોહલી અને બાબર આઝમની આગેવાનીમાં ભારત અને પાકિસ્તાનની ટીમો ટકરાઈ છે, ત્યારથી એક અલગ પ્રકારની મિત્રતા જોવા મળી રહી છે. હવે, જ્યારે મેચ પહેલા મિત્રતાના વીડિયો સામે આવ્યા છે, ત્યારે એશિયા કપ ૨૦૨૩ના સુપર ૪માં ભારત-પાકિસ્તાનની મેચની એક્શન બાદ, શાહીન આફ્રિદી અને જસપ્રિત બુમરાહની મિત્રતાનો એક સુંદર વીડિયો સામે આવ્યો છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં ભારતીય ટીમનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પિતા બન્યો છે. એશિયા કપની પ્રથમ મેચમાં તે ટીમની સાથે હતો. પછી નેપાળ વિરુદ્ધ મેચ પહેલા ભારત ફર્યો હતો. બુમરાહની પત્ની સંજના ગણેશને પુત્રને જન્મ આપ્યો છે. તાજેતરમાં પિતા બનેલા જસપ્રીત બુમરાહને એશિયા કપ ૨૦૨૩ દરમિયાન પાકિસ્તાનના શાહીન આફ્રિદીએ ખાસ ગિફ્ટ આપી છે. તેનો વીડિયો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શેર કર્યો છે. હકીકતમાં આ મેચમાં પ્રથમ દિવસે વરસાદને કારણે પરિણામ આવ્યું નહીં અને મેચ રિઝર્વ ડેમાં સમાપ્ત થશે.

### મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બાલકુમ વિસ્તારની ઘટના

## ૪૦માં માળેથી નીચે આવતા લિફ્ટ તૂટી, ૭ મજૂરોના મોત

### દુર્ઘટનામાં ઘાયલો લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ

। મુંબઈ, તા.૧૧ ।

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બાલકુમ વિસ્તારમાંથી હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. જ્યાં લિફ્ટ પડવાથી સાત લોકોના મોત થઈ ગયા છે. મૃતકોમાં મજૂરો સામેલ છે, જે ૪૦ માળની ઈમારતમાં કામ કરીને નીચે આવી રહ્યા હતા.

ઘટનાની જાણ થતાં તાત્કાલિક પ્રશાસન ઘટના સ્થળે પહોંચ્યું અને રાહત તથા બચાવ કાર્ય શરુ કરી દીધું. દુર્ઘટનામાં ઘાયલો લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા છે. મૃતકોની ઓળખાણ ૩૨ વર્ષિય મહેન્દ્ર ચૌપાલ, ૨૧ વર્ષિય રુપેશ કુમાર દાસ, ૪૭ વર્ષિય હારુન શેખ, ૩૫ વર્ષિય મિથિલેશ, ૩૮ વર્ષિય કરીદાસ અને ૨૧ વર્ષિય સુનીલ કુમાર તરીકે થઈ છે. સાતમા મૃતકની ઓળખાણ



હાલમાં થઈ શકી નથી. થાણે નગર નિગમના અધિકારીઓના જણાવ્યા અનુસાર, લિફ્ટમાં કુલ સાત મજૂરો સવાર હતા અને આ તમામને મૃતક જાહેર કરવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ઘટનામાં મૃતક પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે ટ્વિટ કરીને આ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.આપને જણાવી દઈએ કે, ગત રવિવારે સાંજે થાણેના બાલ્કમ વિસ્તારમાં એક ૪૦ માળની ઈમારતની લિફ્ટ અંડરગ્રાઉન્ડ ૩ માળના બેસમેન્ટમાં પડી ગઈ હતી.

### શશિ થરુરે ભારતની કૂટનીતિની જીત ગણાવી

## જી૨૦ની સફળતા માટે કોંગ્રેસના દિગ્ગજ નેતાએ મોદી સરકારના ખૂબ વખાણ કર્યા

### ભારતની અધ્યક્ષતામાં જી૨૦ના આયોજન પર થરુરે કહ્યું કે, સરકારે વાસ્તવમાં તેને પીપુલ્સ જી૨૦ બનાવી દીધું

। નવી દિલ્હી, તા.૧૧ ।

કોંગ્રેસ નેતા શશિ થરુરે રવિવારે જી ૨૦ સભ્યોની નવી દિલ્હી ઘોષણાના વખાણ કરતા કહ્યું કે, ચોક્કસપણે આ એક ભારતની કૂટનીતિક જીત છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા શશિ થરુરે કહ્યું કે, આ એક સારી ઉપબલ્ધિ છે, કેમ કે જી૨૦ શિખર સંમેલન બોલાવવા પર એ વાતની વધારે આશા હતી કે, કોઈ સમાધાન સંભવ થઈ શકશે નહીં. એટલા માટે એક સંયુક્ત નિવેદન જાહેર કરવાનું શક્ય થઈ શકશે નહીં અને અમે જી ૨૦ શિખર સંમેલનના સમાપન અધ્યક્ષના સંક્ષિપ્ત નિવેદન સાથે કરવું પડી શકત. અહીં ઉલ્લેખનિય છે કે શનિવારે જી ૨૦ શિખર સંમેલનના ઉદ્ઘાટનના દિવસે



જ પીએમ મોદીએ કહ્યું કે, નવી દિલ્હી જી ૨૦ લીડર્સ સમિટ ઘોષણા પર સામાન્ય સહમતિ બની ગઈ હતી. શશિ થરુરે નવી દિલ્હી ઘોષણા પર તમામ સભ્ય દેશોની વચ્ચે સામાન્ય સહમતિ બનવા માટે ભારતના વખાણ કર્યા છે. થરુરે કહ્યું કે, એ લોકો વચ્ચે મોટી તિરાડ હતી, જે યુક્રેનમાં રશિયા હુમલાની નિંદા કરતા હતા અને રશિયા અને ચીન જેવા લોકો, જે તે વિષયનો કોઈ ઉલ્લેખ નહોતા ઈચ્છતા. ભારત તે તિરાડને ભરવાની એક ફોર્મ્યુલા શોધવામાં સક્ષમ હતું. આ એક મહત્વપૂર્ણ કૂટનીતિક ઉપલબ્ધિ છે. કારણ કે જ્યારે સંયુક્ત નિવેદન વિના કોઈ શિખર સંમેલન ખતમ થઈ જાય છે, તો તેને હંમેશા અધ્યક્ષતાના એક ઝટકા તરીકે જોવામાં આવે છે. ભારતની અધ્યક્ષતામાં જી૨૦ શિખર સંમેલનના આયોજન પર થરુરે કહ્યું કે, સરકારે વાસ્તવમાં તેને પીપુલ્સ જી૨૦ બનાવી દીધું. સાથે જ થરુરે એવું પણ કહ્યું કે, સત્તાધારી ભાજપે દુનિયાના નેતાઓને આ વિશાળ સંમેલનને પોતાના માટે એક ઉપલબ્ધિમાં બદલવાની કોશિશ કરી.

## ચીનના સંરક્ષણમંત્રી લી શાંગફૂના ગુમ થયાની ચર્ચા

। બેઈજિંગ, તા.૧૧ ।

ભારતમાં યોજાયેલી જી૨૦ સમિટમાં સામેલ થવાથી ઈનકાર કર્યા બાદ એવા અનેક અહેવાલ આવ્યા હતા કે શી જિનપિંગ તેમના જ ઘરમાં ઘેરાયા છે. વૈશ્વિક રાજકીય સમીકરણો અને આર્થિક મંદીને કારણે તેમને સત્તા ગુમાવવાનો ડર સતાવી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયમાં શી જિનપિંગ તેમના વિશ્વાસુ લોકોને પણ ઠેકાણે લગાવી રહ્યા છે જેમના પર તેમને આંધળો વિશ્વાસ હતો. હવે સોશિયલ મીડિયા પર ચીનના સંરક્ષણમંત્રી લી શાંગફૂના 'ગુમ' થવાની ચર્ચા થવા લાગી છે. જાપાનમાં અમેરિકી રાજદૂત રાહમ ઈમેનુએલની એક પોસ્ટ સામે આવ્યા બાદથી ચીનના સંરક્ષણ મંત્રી અંગે વિવિધ પ્રકારની ચર્ચાઓ થવા લાગી છે. ચીનના મીડિયાએ તાજેતરમાં કહ્યું હતું કે શી જિનપિંગે સંરક્ષણ મંત્રી સમક્ષ સુરક્ષા અને સ્થિરતાની વાતો કરી હતી. તેમણે કહ્યું હતું કે સૈન્યમાં હાઈ લેવલની એકતાની જરૂર છે. જોકે હવે ચીનના સંરક્ષણમંત્રી લી છેલ્લીવાર બેજિંગમાં આયોજિત ચીન-આફ્રિકા પીસ એન્ડ સિક્યોરિટી ફોરમની બેઠકમાં દેખાયા હતા.

## નાઈજીરીયામાં અકસ્માત, બોટ પલટી જતાં ૨૪નાં મોત

### બોટમાં ૧૦૦થી વધુ મુસાફરો હતા, મૃત્યુઆંક હજુ વધી શકે છે : નેશનલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સી

। અબુજા, તા.૧૧ ।

નાઈજીરિયામાં એક બોટ પલટી જવાથી ઓછામાં ઓછા ૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ઘણા લોકો હજુ પણ લાપતા છે. અધિકારીઓએ જણાવ્યું કે મૃતકોમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા, જેઓ નાઈજીરિયાના નાઈજર પ્રાંતના મોકવામાં બોટમાં મુસાફરી કરતી વખતે ડૂબી ગયા હતા. નાઈજીરિયાની નેશનલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીના પ્રાંતીય વડા ઝૈનબ સુલેમાનના જણાવ્યા અનુસાર બોટમાં ૧૦૦થી વધુ મુસાફરો હતા અને આશંકા છે કે મૃત્યુઆંક હજુ વધી શકે છે. સુલેમાને



કહ્યું કે બચાવ અભિયાન દરમિયાન અત્યાર સુધીમાં ૨૪ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે અને ૩૦ લોકોને બચાવવામાં આવ્યા છે. આ મીડિયા રિપોર્ટ પહેલા, આ વર્ષે જૂનમાં ઉત્તરી નાઈજીરિયામાં એક મોટી દુર્ઘટના સામે આવી હતી. જેમાં લગ્નમાંથી પરત ફરી રહેલા લોકોને લઈને જઈ રહેલી બોટ પલટી ગઈ હતી, જેમાં લગભગ ૧૦૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ઘણા લોકો લાપતા થયા હતા. આ દુર્ઘટના પડોશી નાઈજરના ક્વારા રાજ્યમાં નાઈજર નદીમાં થઈ હતી. આ દરમિયાન સ્થાનિક રહેવાસી ઉસ્માન ઈબ્રાહિમે જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત બોટમાં મહિલાઓ અને બાળકો પણ સવાર હતા. આ લોકો નાઈજરના અગબોટી ગામમાં એક લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા, ત્યારે બોટ પલટી ગઈ હતી.

## દેશના અનેક વિસ્તારોમાં ભારે વરસાદનું એલર્ટ!

। નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી-એનસીઆર સહિત દેશમાં ફરીથી સક્રિય થયેલા ચોમાસાએ છેલ્લા ૩ દિવસથી વાતાવરણમાં ખુશનુમા પલટો કરી દીધો છે. શનિવાર અને રવિવારે ઉત્તર ભારતમાં સતત વાદળ છવાયેલા રહ્યા અને અટકી અટકીને વરસાદ પડતો રહ્યો. હવે હવામાન ખાતાએ આજે એટલે કે સોમવાર માટે તાજા અપડેટ જાહેર કરી છે. જો તમે આજે ક્યાંક બહાર જવાનું પ્લાનિંગ કરતા હોવ તો પહેલા આ અપડેટ ખાસ જાણી લો.

હવામાન ખાતાના જણાવ્યાં મુજબ પૂર્વ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, અને ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ પડી શકે છે. સ્ઢ મુજબ મોનસુન ટ્રફ હાલ પોતાની સામાન્ય સ્થિતિના દક્ષિણમાં બનેલું છે. હાલ ચોમાસું પવન જેસલમેર, કોટા, સીધી, જમશેદપુર, દીઘા અને પછી પૂર્વ-દક્ષિણપૂર્વ તરફથી બંગાળની પૂર્વોત્તર ખાડીમાંથી પસાર થઈ રહ્યો છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ આગામી ૩-૪ દિવસમાં સમગ્ર પૂર્વોત્તર ભારતમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ ૧૨ સપ્ટેમ્બરની આજુબાજુ ઉત્તર-પશ્ચિમ અને તેની નજીક પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી ઉપર એક તાજુ ચક્રવાતી પરિસંચરણ બનવાની સંભાવના છે. જેના કારણે ભારે વરસાદ પડી શકે છે. હવામાનની આ સક્રિયતાથી ઓડિશા અને છત્તીસગઢમાં વરસાદની ગતિવિધિઓ વધવાની વકી છે. આ સાથે જ આગામી દિવસોમાં કેરળ, આંધ્ર પ્રદેશના કાંઠા વિસ્તારો, અને તેલંગણામાં પણ ભારે વરસાદ પડી શકે છે.

**વિશેષ** ભાદરવી પૂનમ મેળો ૨૦૨૩ : ૨૩થી ૨૯ સપ્ટેમ્બર । યાત્રાળુઓ માટે પાણી, શૌચાલય, સ્વચ્છતા તથા આશ્રય સ્થાનોની સુવિધામાં પણ કરાયો વધારો

# અંબાજી મેળો : આ વર્ષે થશે દિવ્ય અને અદ્‌ભુત લાઇટિંગ, ચોતરફ જોવા મળશે માતાજીનો ઝળહળાટ

### પગપાળા યાત્રાળુઓ માટે અંદાજીત ૯૦૦૦ ચો.મી. વિસ્તારમાં તમામ સગવડો સાથે ૪ મોટા વોટરપ્રૂફ ડોમ બનાવાશે

ગુજરાતમાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે કે જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. આ વર્ષે ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન યોજનાર આ ભવ્ય મેળામાં અંદાજે ૪૦ લાખથી વધારે યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. અંબાજી ખાતે આ વર્ષે યોજાનાર ભાદરવી પૂનમ મેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવનાર છે કે જેમાં સૌથી વિશેષ છે અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ. સમગ્ર અંબાજીમાં લાઈટિંગનો એવો ઝળહળાટ ઊભો કરવામાં આવશે કે ભક્તોને ચોતરફ માતાજીની ઝાંખી જોવા મળશે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (GPYVB), શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના સંયુકત સહકારથી યાત્રાળુઓની સુવિધા, સલામતી અને સેવાના ભાવથી રાજ્યકક્ષાના આ મેળાની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલે જણાવ્યું, "યાત્રાળુઓની આસ્થાને અનુરૂપ વ્યવસ્થા એ અમારો ઉદ્દેશ છે." તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૩ના અંબાજી ભાદરવી પૂનમના મેળામાં યાત્રાળુઓની સુવિધાઓ તથા વ્યવસ્થાઓ માટે સરકાર દ્વારા જરૂરી નાણાકીય ફાળવણી કરવામાં આવનાર છે.

**આ વર્ષે યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો**

શ્રી રાવલે અંબાજી મેળા અંગે કરાઈ રહેલી સુવિધાઓ તથા વ્યવસ્થાઓ વિશે માહિતી આપતા જણાવ્યું કે આ વર્ષે અંબાજી આવનાર શ્રદ્ધાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવી રહ્યો છે કે જેથી કોઈ પણ શ્રદ્ધાળુને અગવડ ન પડે. તેમણે જણાવ્યું કે આ વર્ષે તમામ વિભાગોની તમામ કામગીરીને એકસૂત્રતામાં જાળવવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે, તેમજ ગત વર્ષના આયોજનમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

**આ વર્ષે કઈ-કઈ સુવિધાઓમાં કરાયો વધારો ?**

અંબાજી પગપાળા યાત્રાળુઓ માટે ગત વર્ષે ૪૦૦૦ ચો.મી વિસ્તારમાં વૉટરપ્રૂફ ડોમની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં વધારો કરીને આ વર્ષે ૯૦૦૦ ચો.મી વિસ્તારને સાંકળી આયોજન કરવામાં આવેલ છે. તેના કારણે વધુ યાત્રાળુઓ આરામ કરી શકશે. ચાર અલગ-અલગ સ્થળોએ બનનાર આ ૪ વૉટરપ્રૂફ ડોમમાં યાત્રાળુઓ માટે અંદાજે ૧૨૦૦ બેડની સુવિધા, અન્ય એક મલ્ટી પર્પઝ ડોમની સુવિધા, શૌચાલય, સીસીટીવી કેમેરા, મોબાઈલ ચાર્જિંગની વ્યવસ્થા, હાઉસકીપિંગ સર્વિસ, સાઈનેજિસ, ફ્લોર કાર્પેટ, ફ્લૅગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા, અગ્નિશામક સાધનો વગેરેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

હડાદ અને દાંતા, આ બન્ને માર્ગો પર શૌચાલય અને બાથરૂમની વ્યવથા કરવામાં આવી રહી છે, જેમાં યાત્રાળુઓની સુવિધા માટે ગરમ પાણીની વ્યવસ્થા પણ હશે. શૌચાલયની સંખ્યા ગત વર્ષે ૧૮ હતી, જેને વધારીને આ વર્ષે ૨૯ કરવામાં આવી છે. આ તમામ



શૌચાલયો કન્ટેનર ટાઈપ અદ્યતન સ્પેસિફિકેશન સાથેના હશે.

**ચુસ્ત સલામતી તથા પાર્કિંગ વ્યવસ્થા**

મેળા દરમ્યાન યાત્રાળુઓની સલામતીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવશે. વાહનો લઈને આવનાર યાત્રાળુઓ માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. ચોરીના બનાવો ઘટાડવા માટે એક સમાન લાઈટિંગ (40-50 LUX), વધારાના CCTV કૅમેરા, યોગ્ય PA સિસ્ટમ અને પોલીસ પેગોડા સાથે વ્યાપક ૨,૦૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારને આવરી લઈ પાર્કિંગ વિસ્તારને વધારવામાં આવેલ છે.

અંબાજીના બંને માર્ગો પર આશ્રય સ્થાનોની સુવિધા, પીવાના પાણીની સુવિધાને સુવ્યવસ્થિત પેવર બ્લૉક ફ્લોરિંગ સાથે અપગ્રેડ કરવામાં આવી છે. મેળામાં હોર્ડિંગ્સ, સાઈનેજ અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે એક સમાન થીમ આધારિત ગુણવત્તામાં સુધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષે ૧૫૦૦ ચો.મીનાં બદલે આ વર્ષે ૪૫૦૦ ચો.મી સુધી પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવશે.

**દિવ્ય-અદ્‌ભુત લાઇટિંગથી ઝળહળી ઉઠશે અંબાજી પરિસર**

ગબ્બર રૂટ, અંબાજી મંદિર અને આસપાસના વિસ્તારો માટે લાઈટિંગ ડિઝાઈનમાં સુધારો કરી આ વર્ષે અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ કરવામાં આવશે, જેથી યાત્રાળુઓ તમામ સ્થળો પર માતાજીની ઝાંખી જોઈ શકશે. આ ઉપરાંત, પ્રચાર-પ્રસાર રૂપે ગુણવત્તાયુક્ત ફ્લૅગ પોલ્સની સંખ્યા ૧૦૦થી વધારીને ૩૦૦ કરવામાં આવી છે, તેમજ ફૂલ-છોડની સંખ્યા પણ ૨૫૦થી વધારીને ૨૦૦૦ કરવામાં આવી. વિવિધ ક્રાફ્ટ સ્ટોલમાં આ વર્ષે એક સમાનતા લાવી એક જ ડિઝાઈન પૅટર્ન પર વૉટરપ્રૂફ બનાવવામાં આવશે. પ્રસાદ વિતરણ કેન્દ્રો પણ સામાન્યને બદલે અદ્યતન બનાવવામાં આવશે. એક ક્યુઆર કોડ પણ તૈયાર કરવામાં આવશે, જેને સ્કૅન કરવાથી સુવિધા અંગેની તમામ માહિતી લોકેશન સાથે મળી રહેશે. યાત્રિકો માટે વિવિધ સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવનાર છે.

**ઉચ્ચ કક્ષાની સફાઈ વ્યવસ્થા**

અંબાજી ખાતે ઉચ્ચકક્ષાની સ્વચ્છતાની કામગીરી, ૭૫૦ વધુ સફાઈ કામદારો જોડાશે. હાલમાં ગબ્બર પર્વતની સફાઈની કામગીરી કરવા માટેની ખાસ ઝુંબેશ શરુ કરી દેવામાં આવેલ છે. અંબાજી પગપાળા ચાલતા જતા યાત્રાળુઓ માટે મોબાઈલ ટૉયલેટ, બાથરૂમ તથા યૂરીનલની સુવિધા કરવામાં આવી રહી છે. ગાંધીનગરથી અંબાજી, જુદા-જુદા રૂટ પર ચોક્કસ અંતરે ટેમ્પરરી ટૉયલેટ બ્લૉક, બાથરૂમ, ગરમ પાણીની સુવિધાઓ પૂરી પાડવામાં આવનાર છે. અંબાજી યાત્રાધામ ખાતે કુલ ૧૯૫૨૫૬ ચોરસ મીટર વિસ્તારમાં ઉચ્ચકક્ષાની સ્વચ્છતાની કામગીરી સ્વચ્છતા/સફાઈની કામગીરી કરવામાં આવી છે. માત્ર જ મંદિર નહી, પરંતુ મંદિરની આજુબાજુના વિસ્તાર, ગબ્બર, ૫૧ શકિતપીઠ તથા યાત્રાળુઓ/શ્રદ્ધાળુઓનો વધારે ધસારો ધરાવતા વિસ્તારોનો સમાવેશ કરી સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત, ભાદરવી પૂનમમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સૂચવ્યા મુજબ વધારાના દૈનિક સફાઈ કામદારો બોર્ડ દ્વારા પૂરા પાડવામાં આવતા હોય છે. તેના હેઠળ આ વર્ષે ભાદરવી પૂનમ દરમ્યાન ખૂબ જ મોટા પ્રમાણમાં સંઘો/યાત્રિકો આવવાની સંભાવના હોઈ અંબાજી ખાતે કાયમી ધોરણે ચાલતી સ્વચ્છતાની કામગીરી સિવાય યાત્રાધામ બોર્ડ દ્વારા ૭૫૦ વધારાના સફાઈ કામદાર પૂરા પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે, તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન, મહેસાણા-પાલનપુર વગેરે નગર પાલિકાઓ પાસેથી પણ સ્વચ્છતા માટે આધુનિક ટેક્નિક મશીનરી મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

## ન્યૂઝ બ્રિફ

### ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ક્રાઇમ કોન્ફરન્સ યોજાઇ

। ગાંધીનગર, તા.૧૧ ।

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવતી રાજ્યની પોલીસની ગાંધીનગરમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં મળેલી ક્રાઈમ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીએ પોલીસને ટકોર કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે, પોલીસ ફૈં કલ્ચરનુ અનુસરણ ન કરે કાયદોએ તમામ માટે સમાન છે તેવી ટકોર કરી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ પોલીસને સંબોધીને જણાવ્યુ હતુ કે, સજા એવી રીતે કરીએ કે સમાજમાં ઉદાહરણ બેસે. ગુજરાતમાં ધંધા રોજગાર સારા છે. તેની પાછળ ગુજરાત પોલીસને શ્રેય છે. આ ઉપરાંત તેમણે ઉમેર્યુ હતુ કે, આ કોન્ફરન્સમાં ૩ વાત તમારી, ૩ વાત અમારી અને ૩ વાત લોકો ની થવી જોઈએ'.

### રાજકોટ વિસ્તારમાં વરસાદ ખેંચાતા મગફળીનો પાક સુકાવા લાગ્યો

। રાજકોટ, તા.૧૧ ।

વરસાદ ખેંચાવાને લઈ ખેડૂતો પરેશાન બન્યા છે. ઓગષ્ટ બાદ હવે સપ્ટેમ્બરમાં પણ વરસાદ ખેંચાયો છે. વરસાદ ખેંચાવાને લઈ હવે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેડૂતો માટે કફોડી સ્થિતિ સર્જાઈ છે. વરસાદ વિના સિંચાઈ મુશ્કેલ બનતા હવે રાજકોટ જિલ્લામાં મગફળી અને કપાસના પાક નિષ્ફળતાને આરે હોવાની સ્થિતિ છે. સ્થાનિક ખેડૂતો હવે વરસાદ વિના પાકને સુકાતો જોવા મજબૂર બન્યા છે. વરસાદ ખેંચાવાને લઈ ખેડૂતો પરેશાન બન્યા છે. ઓગષ્ટ બાદ હવે સપ્ટેમ્બરમાં પણ વરસાદ ખેંચાયો છે.

### રાજકોટમાં ૨૪ વર્ષીય વધુ એક યુવાનનું હાર્ટ એટેકથી મોત

। રાજકોટ, તા.૧૧ ।

રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી યુવાનોનાં હૃદય બંધ પડી જતા મોત નિપજવામાં બનાવોમાં વધારો થઈ રહ્યો છે. આજે રાજકોટમાં વધુ એક ૨૪ વર્ષીય યુવકનું મોત નિપજતા પરિવારજનો તેમજ યુવકનાં મિત્ર વર્તુળમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. રાજકોટમાં ચાર દિવસ અગાઉ જ એક યુવતિ સહિત ત્રણ લોકોનાં હાર્ટ એટેકને કારણે મોત થયા હતા. રાજકોટ શહેરમાં આવેલ કારખાનામાં કામ કરતો યુવક મુકેશ વધાસિયા તેનાં નિત્યક્રમ મુજબ કારખાને જવા નીકળ્યો હતો. જે બાદ કારખાને પહોચ્યા બાદ મુકેશ કામ કરી રહ્યો હતો.



અમદાવાદના નવા મેયરની વરણી થઇ છે. શાહીબાગના કોર્પોરેટર પ્રતિભા જૈન અમદાવાદના નવા મેયર તરીકે નિયુક્ત થયા છે. જ્યારે નવા ડેપ્યુટી મેયર તરીકે જતીન પટેલની વરણી કરવામાં આવી હતી.

#### અમદાવાદને નવા મેયર સહિત પદાધિકારીઓ મળ્યા

# અમદાવાદના નવા મેયર તરીકે પ્રતિભા જૈનની પસંદગી કરાઈ

### નવા ડેપ્યુટી મેયર તરીકે જતીન પટેલ, નવા સ્ટેન્ડિંગ કમિટીના ચેરેમન તરીકે દેવાંગ દાણીની નિમણૂકને મંજૂરી

। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ મહાનગરપાલિકાને આજે નવા મેયર અને પદાધિકારીઓ મળ્યા છે. અમદાવાદના મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન સહિતના પદાધિકારીઓની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થઈ રહી છે ત્યારે અમદાવાદના નવા મેયરની આજે વરણી થઈ છે. શાહીબાગના કોર્પોરેટર પ્રતિભા જૈન અમદાવાદના નવા મેયર તરીકે નિયુક્ત થયા છે. હાલ તેઓ મહિલા અને બાળ વિકાસ કમિટીના ચેરમેન છે. જ્યારે નવા ડેપ્યુટી મેયર તરીકે જતીન પટેલની વરણી કરવામાં આવી છે. અમદાવાદના નવા સ્ટેન્ડિંગ કમિટીના ચેરેમન તરીકે દેવાંગ દાણીની નિમણૂકને મંજૂરી અપાઈ છે. અમદાવાદ ઉપરાંત વડોદરાના



નવા મેયર તરીકે પિંકી સોનીની વરણી કરવામાં આવી છે. આ સાથે નવા ડે. મેયર ચિરાગ બારોટની નિયુક્તિ થઈ છે. આવતીકાલે સુરત, રાજકોટ, ભાવનગર, જામનગરના નવા મેયરઓની જાહેરાત થઈ શકે છે.

#### મહિલા પોલીસ આત્મહત્યા કેસમાં નવો ખુલાસો

# મહિલા પોલીસ આત્મહત્યા કેસમાં મહિલા કોન્સટેબલના વોટ્સએપ ચેટ સામે આવ્યા

### જેતપૂર પોલીસ સ્ટેશનમાં જ ફરજ બજાવતા અભયરાજસિંહ જાડેજા ઉર્ફે કુલદિપ, મનદિપસિંહ જાડેજા અને વિપુલ નામના પોલીસ કોન્સટેબલ સાથે વોટ્સએપ ચેટના સ્કિનશોટ્સ સામે આવ્યા છે

। રાજકોટ, તા.૧૧ ।

રાજકોટમાં મહિલા પોલીસ આત્મહત્યા કેસમાં મહિલા કોન્સટેબલના વોટ્સએપ ચેટ સામે આવ્યા છે. ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા જે વોટ્સએપ ચેટ જાહેર કરવામાં આવી છે તેમાં જેતપૂર પોલીસ સ્ટેશનમાં જ ફરજ બજાવતા અભયરાજસિંહ જાડેજા ઉર્ફે કુલદિપ, મનદિપસિંહ જાડેજા અને વિપુલ નામના પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થયો છે. રાજકોટ જિલ્લાના જેતપુરમાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મી દયા સારીયાએ થોડા દિવસ પહેલા આત્મહત્યા કરી લીધી હતી. આ કેસમાં આજે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. મીડિયા સમક્ષ ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા મહિલા કોન્સટેબલના વોટ્સએપ ચેટ અંગે તપાસ કરવામાં આવી છે જેમાં આત્મહત્યા પહેલા જેતપૂરમાં જ ફરજ બજાવતા ત્રણ પોલીસકર્મીઓની શંકાસ્પદ ભુમિકા સામે આવી છે. આ ત્રણ પોલીસકર્મીઓ મહિલા કોન્સ્ટેબલે આત્મહત્યા કરી તે પહેલા વોટ્સઅપના માધ્યમથી સંપર્કમાં હોવાનું સામે આવ્યું છે. ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા જે વોટ્સએપ ચેટ જાહેર કરવામાં આવી છે તેમાં જેતપૂર પોલીસ સ્ટેશનમાં જ ફરજ બજાવતા અભયરાજસિંહ જાડેજા ઉર્ફે કુલદિપ,મનદિપસિંહ જાડેજા અને વિપુલ નામના પોલીસ કોન્સટેબલ સાથે વોટ્સએપ ચેટના સ્કિનશોટ્સ સામે



આવ્યા છે જેમાં મૃતક પોલીસ કોન્સ્ટેબલ દ્વારા સ્યુસાઈડ પહેલાનો ફોટો મોકલ્યો હતો.ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા આ સમગ્ર મામલે યોગ્ય અને ન્યાયિક તપાસની માંગ કરી છે.આ મુદ્દે જે પણ જવાબદાર વ્યક્તિ હોય તેની સામે તાત્કાલિક તપાસની માંગ કરી છે. આ કેસમાં પોલીસની કાર્યવાહી પ્રથમથી જ શંકાના દાયરામાં છે.પોલીસ દ્વારા હજુ સુધી આત્મહત્યા પાછળ શું કારણ છે તે અંગે નક્કર કાર્યવાહી કરી નથી હવે જ્યારે આ કેસમાં સ્કિનશોટ્સ સામે આવ્યા છે ત્યારે પોલીસ દ્વારા આ દિશામાં તપાસ થઈ રહી છે.પોલીસે ત્રણેય પોલીસકર્મીઓના નિવેદન લીધા છે આ ઉપરાંત મૃતક મહિલા કોન્સટેબલના ફોનને પણ એફએસએલ માટે મોકલી આપ્યો છે.ત્યારે પોલીસ તપાસ પર સૌની નજર રહેલી છે.અત્યાર સુધી પોલીસ આ કેસમાં કંઈ વિશેષ તપાસ કરી શકી નથી ત્યારે વોટ્સએપ ચેટ સામે આવ્યા બાદ પોલીસ કઈ દિશામાં તપાસ કરશે તે જોવાનું રહ્યું.

#### વડોદરા કોર્પો. મેયર સહિત પાંચ હોદ્દા પર નવી નિમણૂંક

# પિન્કી સોની વડોદરાના નવા મેયર, ડેપ્યુટી મેયર પદે ચિરાગ બારોટ

### પક્ષના દંડક તરીકેનિયુક્ત કરવાની જાહેરાત બાકી

। વડોદરા, તા.૧૧ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર સહિત પાંચ હોદ્દા પર નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે જે અંગેની જાહેરાત આજે સૌ પ્રથમ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય ખાતે પ્રભારી ગોરધન ઝડફિયા અને શહેર પ્રમુખ ડોક્ટર વિજય શાહે કોર્પોરેટરોની બેઠકમાં નામોની જાહેરાત કરી હતી. જેમાં આગામી અઢી વર્ષ મહિલા મેયરનો હોદ્દો હોવાથી પિંકીબેનના નામની જાહેરાત થઈ હતી.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પાંચ હોદ્દેદારની નિમણૂક અંગે ભારતીય જનતા પાર્ટી એ કસરત શરૂ કરી હતી. જેમાં સૌ પ્રથમ ત્રણ નિરીક્ષકોએ વડોદરા આવી પહોંચી ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પક્ષના હોદ્દેદારોનો અભિપ્રાય મેળવ્યો હતો સાથે સાથે હોદ્દો મેળવવા ઈચ્છનાર કોર્પોરેટરોનો બાયોડેટા પણ મેળવ્યો હતો.

આ સમગ્ર પ્રક્રિયા બાદ નિરીક્ષકોએ શહેર ભાજપ મહુડી મંડળની સાથે બેઠક યોજી હતી અને તેઓ પાસેથી પણ નામો મેળવ્યા હતા આ પ્રક્રિયા બાદ શહેર ભાજપ ના અગ્રણીઓની એક બેઠક સંસદ સભ્યોને ત્યાં પણ મળી હતી ત્યારબાદ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પણ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળી હતી જેમાં ધારાસભ્યો સંસદ સભ્ય તેમજ પક્ષના અગ્રણીઓએ પોતપોતાના માનિતા કોર્પોરેટરના નામો રજૂ કર્યા હતા. જે આધારે એક હોદ્દા માટે ચાર થી પાંચ કોર્પોરેટરની યાદી



તૈયાર કરવામાં આવી હતી. પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક બાદ પ્રદેશ મોવડી મંડળે પાંચ હોદ્દા માટે પાંચ કોર્પોરેટરની યાદી તૈયાર કરી ગુપ્ત કવર વડોદરા શહેરના પ્રભારી ગોરધન ઝડફિયાને સુપ્રત કર્યું હતું. ભાજપ કાર્યાલય ખાતે ચોથા મહિલા મેયર તરીકે પિંકીબેન સોની, ડેપ્યુટી મેયર પદે ચિરાગ બારોટ, સ્થાયી સમિતિ અધ્યક્ષ પ્રદેશ ડોક્ટર શીતલ મિસ્ત્રી ભાજપ પક્ષના કોર્પોરેશનના નેતા પદે મનોજ પટેલ જ્યારે પક્ષના દંડક તરીકે. નિયુક્ત કરવાની જાહેરાત બાકી રાખી છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય ખાતે ચાર હોદ્દેદારોની નિમણૂકની જાહેરાત બાદ તમામ કોર્પોરેટરો ૧૧:૦૦ વાગ્યે કોર્પોરેશનની સામાન્ય સભામાં ઉપસ્થિત રહ્યા હતા જ્યાં કોંગ્રેસે પ્રણાલીકા મુજબ કોઈપણ ઉમેદવાર ઉભો નહીં રાખતા પાંચ હોદ્દેદારની સર્વનું મતે નિયુક્તિ થઈ હતી.

#### ઓવરલેન્ડિંગના ચાહકોને એક છત્ર નીચે લાવવા પ્રયાસ

## ઓવરલેન્ડર એસોસિએશન ઓફ ઈન્ડિયા લોન્ચ કરાયું

। અમદાવાદ, તા.૧૧ ।

વિશ્વભરનાં ઉત્સાહી સાહસિકો અને ઓવરલેન્ડીંગ ચાહકોનાં સમુદાયને એક જ છત્ર નીચે લાવવા ઓવરલેન્ડર એસોસિએશન ઓફ ઈન્ડિયા(ઓએઆઈ)ની રજૂઆત કરવામાં આવી છે.. આ અંગે માહિતી આપતા ઓવરલેન્ડર એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ વિશ્વકિરણે જણાવ્યું હતું કે 'ઓવરેલેન્ડર એસોસિએશન તે સાહસિકો, એક્સપ્લોરર્સ અને આઉટડોર ઉત્સાહીઓનો વૈશ્વિક સમુદાય છે કે જેઓ સ્વનિર્ભરતાની કલા - ઓવરલેન્ડીંગ, વૈવિધ્યકૃત પ્રદેશો અને સ્થળોમાં વાહન આધારિત એક્સપ્લોરેશનને ચાહે છે. અમારો ઉદ્દેશ ઓવરલેન્ડર્સને સહયોગ નેટવર્ક પુરુ પડીને સંવર્ધન કરવાનો, શૈક્ષણિક સંશાધનો પુરા પાડવાનો, જવાબદાર પ્રવાસ પધ્ધતિઓને પ્રમોટ કરવાનો અને પર્યાવરણીય સંરક્ષણ જાગૃતિ માટે સમાનતા કેળવવાનો છે. ઓવરલેન્ડર એસોસિએશન ઓફ ઈન્ડિયાનાં જોઈન્ટ સેક્ટરી યજ્ઞેશ પારેખે આ પ્રસંગે જણાવ્યું હતું કે ઓવરલેન્ડર એસોસિએશન ઓવરલેન્ડર્સને એક બીજા સાથે જોડાવાનું, અનુભવોનું આદાનપ્રદાન કરવાનું અને અર્થપૂર્ણ મિત્રતા રચવાનું પ્લેટફોર્મ પુરુ પાડે છે.

#### ગ્રામીણ એજન્સીઓના નાણાકીય સ્વાસ્થ્ય સુધારવા પ્રયાસ

## એકાઉન્ટિંગ માર્ગદર્શિકાના અમલીકરણ પર તાલીમ કાર્યક્રમ

। અમદાવાદ , તા.૧૧ ।

જાહેર અને સરકારી નાણાકીય વ્યવસ્થાપન (સીપીજીએફએમ) પરની સમિતિ દ્વારા આઈસીએઆઈએ વિવિધ ગ્રામીણ વિકાસ યોજનાઓ માટે એકાઉન્ટિંગ માર્ગદર્શિકાના અસરકારક અમલીકરણ પર એક વ્યાપક તાલીમ કાર્યક્રમ શરૂ કર્યો. ખાસ કરીને ગુજરાતમાં ગ્રામીણ વિકાસ એજન્સીઓમાં કામ કરતા એકાઉન્ટિંગ સ્ટાફ માટે રચાયેલ છે. આ કાર્યક્રમ સમગ્ર ગુજરાતમાં ૭૦૦ એકાઉન્ટિંગ ઓફિસરોને લાભ આપશે. આ કાર્યક્રમ સ્થાનિક ભાષામાં તૈયાર કરવામાં આવ્યો છે અને તે ગુજરાતના ૭ આઈસીએઆઈકેન્દ્રોમાં હાથ ધરવામાં આવશે.

#### ગુજરાતના પ્રથમ 'વનપાલ સ્મારક'નું લોકાર્પણ

# ૧૧ સપ્ટેમ્બરને રાષ્ટ્રીય વન શહીદ દિવસ તરીકે ઉજવાયો

### વનરક્ષક, વનપાલ, પરિક્ષેત્ર વન અધિકારીઓ અને અન્ય અધિકારીઓના માનમાં વર્ષ ૨૦૧૩થી દર વર્ષે ૧૧ સપ્ટેમ્બરને "રાષ્ટ્રીય વન શહીદ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે



। અમદાવાદ, તા.૧૧ ।

વન અને વન્ય જીવોના સંરક્ષણ અને સંવર્ધન દરમિયાન શહીદ થયેલા ગુજરાતના આઠ જેટલા વન શહીદોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વન મંત્રી મૂળુભાઈ બેરા સહિત મહાનુભાવોએ ભાવપૂર્વક શ્રદ્ધાસુમન અર્પણ કરીને શહીદોના માનમાં બે મિનિટનું મૌન પાળ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા વન અને વન્યજીવોના સંરક્ષણ તેમજ સંવર્ધન દરમિયાન ફરજ બજાવતા શહીદ થયેલા વન વિભાગના ફ્રન્ટલાઈન સ્ટાફ જેવા કે, વનરક્ષક, વનપાલ, પરિક્ષેત્ર વન અધિકારીઓ અને અન્ય અધિકારીઓના માનમાં વર્ષ ૨૦૧૩થી દર વર્ષે ૧૧ સપ્ટેમ્બરને "રાષ્ટ્રીય વન શહીદ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. વન વિભાગના ફ્રન્ટલાઈન સ્ટાફ પોતાના જીવની પરવા કર્યા વિના અવિરતપણે વન અને વન્યજીવોનું સંરક્ષણ અને સંવર્ધન કરે છે. તેઓ દવ, દબાણ, લાકડાની ચોરી, ગેરકાયદેસર કપાણ, વન્યજીવોના શિકાર રોકવા અને વન્યજીવ-માનવ ઘર્ષણ અટકાવવાની કામગીરી કરે છે અને આ દરમિયાન અમુકવાર પોતાના જીવનું બલિદાન આપી દેતા હોય છે.

આવા વીર વનકર્મીઓની સ્મૃતિ આપવા ગાંધીનગરના સેક્ટર-૩૦માં આવેલા વન ચેતના કેન્દ્ર ખાતે આ વનપાલ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. વન અને વન્યજીવોના સંરક્ષણ તથા સંવર્ધન માટે પોતાનું જીવન ન્યોછાવર કરનારા વન શહીદોના સાહસ, શૌર્ય અને બલિદાનની વિરાસતનું સ્મરણ ભાવિ પેઢીને પ્રેરણા આપતું રહે તેવો આ સ્મારક નિર્માણનો હેતુ છે. આવા સ્મારક વન શહીદોના સાહસ અને શૌર્યને બિરદાવે છે.

#### મેટ્રીમોનિયલ સાઈટ પર મળેલી મહિલાએ કરી મોટી ઠગાઈ

## મહિલાએ અમદાવાદના એન્જિનિયરને ફસાવીને ૧.૩ કરોડનો ચૂનો ચોપડ્યો

। અમદાવાદ, તા.૧૧ ।

દેશમાં જેમ જેમ છેતરપિંડી અંગે જાગૃતિ વધી રહી છે, તેમ તેમ ઠગબાજો પણ નવી નવી ટેકનોલોજીનો સહારો લઈને લોકોને ધૂતી રહ્યાં છે. છેતરપિંડીથી બચવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે અજાણ્યા લોકો પર વિશ્વાસ ન કરવો. એટલું જ નહીં, તમે જે લોકો સાથે ઓનલાઈન સંપર્ક કરો છો તેમની કૂંડળીથી પણ વાકેફ કરો તો જ બચી શકાશે નહીંતર ચૂનો લાગવાની પૂરી શક્યતા છે. હકીકતમાં, છેતરપિંડીથી બચવાના ઉપાયો વારંવાર કહેવામાં આવે છે. તેમ છતાં લોકો આવી ઘટનાઓનો ભોગ બનતા રહે છે. આવું જ કંઈક અમદાવાદના સોફ્ટવેર એન્જિનિયર સાથે થયું છે. કુલદીપ પટેલ નામના સોફ્ટવેર એન્જિનિયર એક મેટ્રિમોનિયલ સાઈટ(લગ્ન કરાવી આવતી સંસ્થા) દ્વારા એક મહિલાને મળ્યો હતો અને તેની સલાહ પર ક્રિપ્ટોકરન્સીમાં આશરે ૧.૩ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. મહિલા કૌભાંડી હોવાનું બહાર આવ્યું હતું અને તેણે જાળમાં ફસાઈને તેના તમામ પૈસા ગુમાવી દીધા હતા. ગાંધીનગર સ્થિત એક કંપનીમાં કામ કરતા સોફ્ટવેર એન્જિનિયરે શનિવારે સાઈબર ક્રાઈમ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને મહિલા સામે ફરીયાદ દાખલ કરાવી હતી. એન્જિનિયરનો આરોપ છે તે ક્રિપ્ટોકરન્સી કૌભાંડનો ભોગ બન્યો છે. એક મહિલાએ તેને ૧.૩ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન પહોંચાડ્યું છે. કુલદીપ પટેલે એફઆઈઆરમાં ખુલાસો કર્યો છે કે જૂન મહિનામાં તેની મુલાકાત અદિતી નામની એક મહિલા સાથે મેટ્રિમોનિયલ સાઈટ પર થઈ હતી. અદિતિએ તેને કહ્યું કે તેનો યુકેમાં આયાત અને નિકાસનો ધંધો છે. તે સારો નફો પણ મેળવી શકે છે, આ માટે તેણે 'બાનોકોઈન'માં રોકાણ કરવું પડશે. અદિતિમાં વિશ્વાસ રાખીને પ ટેલે બાનોકોઈનના એક કસ્ટમર કેરના માણસ સાથે વાત કરી હતી. ત્યારબાદ તેણે પોતાની વેબસાઈટ પર પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું અને સારા વળતરની આશામાં પૈસાનું રોકાણ કરવાનું શરૂ કર્યું. પ્રથમ ૧ લાખનું રોકાણ કરવા પર તેના ક્રિપ્ટો એકાઉન્ટમાં ૭૮ ડોલર (યુએસ ડોલર ટેથર)નો નફો જોવા મળ્યો હતો.

#### શિક્ષકોની ભરતીને લઈને TET-TAT પાસ ઉમેદવારો વિરોધ

# ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો આંદોલન પર ઉતર્યા, થાળી વગાડી સરકાર સામે વિરોધ નોંધાવ્યો

। અમદાવાદ, તા.૧૧ ।

જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતીને લઈને TET-TAT પાસ ઉમેદવારો વિરોધ નોંધાવી રહ્યા છે અને કાયમી ભરતીની માગ કરી રહ્યા છે. ત્યારે હવે અમદાવાદમાં જૂની પેન્શન યોજના સહિત પડતર પ્રશ્નોને લઈ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો આંદોલન પર ઉતર્યા છે અને જ્ઞાન સહાયકના બદલે ગ્રાન્ટેડ શાળામાં કાયમી શિક્ષકોની ભરતી કરવાની માગ કરી છે. જૂની પેન્શન યોજના સહિત પડતર પ્રશ્નોને લઈ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો આંદોલન પર ઉતર્યા છે. ગ્રાન્ટેડ શાળાના આચાર્યો, શિક્ષકો અને સંચાલકોએ થાળી વગાડી સરકારને જગાડવાનો પ્રયાસ કર્યો હતો. જ્ઞાન સહાયકના બદલે ગ્રાન્ટેડ શાળાઓમાં કાયમી શિક્ષકોની ભરતી કરો અને ૨૦૦૫ પહેલાના શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપો તેવી શિક્ષકોની માગ છે. સાથે શિક્ષકોની કાયમી ભરતીઉલ્લેખનીય છે કે, જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતીને લઈને TET-TAT પાસ ઉમેદવારો વિરોધ નોંધાવી રહ્યા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨